# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरॅल्ड.

## જૈન સંઘ સેવક.

પુ. ૧૫. અંક ૧  વીરાત્ ૨૪૪૫. સં. ૧૯૭૫.  જાન્યુઆરી ૧૯૧૯.

## इडरना चैत्यनी परिपाटी

### [ प्राचीन काव्य ]

ગોઅમ ગણહરરાય, પાય પ્રણમું કરજોડી, સરસતિ સામિણિ કરિપસાય જિમ નાવઈ ખોડી;
મુગતિ મહાપુરિ પુહચિવા એ ઉપર વાડી, ઇડર ગિરિવર સિહરતણી કરૂં ચૈત્ય પ્રવાડી. ૧
પુહવી ઉરિ સિંગારહાર સવિ દેસ સિંગાર, અડવડીઆં સધાર શ્રી ઈલપ્રાકાર;
ગઢ મઢ મંદિર પોલિપરવ પોઢા પ્રાસાદ, સુરવર ગિરિવર સિહરતણું જે મંડઈ વાદ. ૨
સુવિચારી વિવહારીઆએ સસહજિંઅ સુરંગ, અધિકારીઅ વ્યાપારીઆ રાજકાજિ અભંગ;
વિનયવિવેક વિચારવંતિ માલઈ મલપંતી, સસિવયણી મૃગલોઅણી ચાલઈ ચમકંતી. ૩
ચઉપટ ચહુટામાહિ ચંગ પોઢી પોસાલ, સહિ ગુરૂ કરઈં વખાણ જાણ શ્રાવક સુવિસાલ;
પાસજિણંદ વિહારસાર જાણે કૈલાસ, ખિપનક વસહી સિખરબદ્ધ આદીસર પાસ. ૪
તીણિ નયરિ રાઉઉડરાય નારાયણદાસ, આસ પૂરઇ જણમણતણી એ ભોગી લીલવિલાસ;
સૂરવીર વિકુંત કંત નિજભુજ બલિભીમ, સવિ સીમાડા નમઈ પાય નવિ લોપઈ સીમ. ૫
તસુ નંદન ઇડરધણી એ અકલ અબીહ, અવર રાય તન તેહ તણી નવિ લોપઇ લીહ;
દાનિ કરણ જિસિઉ ભોજ જાણ સહૂ માનઇ આણ, પુણ્યમૂરતિ પ્રથિવી પ્રમાણ રાયાંરાય ભાણ. ૬

**વસ્તુ.**

ગોઅમ ગણહર ગોઅમ ગણહર અનઇ સરસતિ,
પણમેવીઅ પયકમલ સુગુરૂ નામ હીઅડઈ સંભારિઅ,
સિરિ ઇડર ગિરિ તણી કરિસુ ચૈત્ર પરવાડિ સારિઅ;
પહિલું પણમિસુ તલહટ્ટિઅ ત્રેવીસમુ જિણંદ,
પાસનાહ ત્રિભુવનધણી પૂજિં પરમાણંદ. ૭

**ભાષા.**

હવઈ જઇઇ ગિરિવરની પાજઇં, નિરમલ નીર નદી તિહાં વાજઇં
ગાજઈ જિમ જલધાર તુ જયુ જયુ. ગા. ....

જિમણુઇ પાસઇં તુરંગમ સાલા, સવિહું પાસે પરવત માલા;
દીસઇ સરસ રસાલ તુ જયુ. ૮
આગલિ પહુ પહિલી પોલઇં, જઇઇ સામ્હા સિહર અછઇં સવિ ઓલઇં,
ઝોલિ મન મોહંતિ તુ જયુ;
બીજી પોલઇં છઇં ઢીકલીઅ, રાંઇણિ સઘલી છઇં તિહાં ફલીઅ;
વલીઅ વિનોદ કરંતિ તુ જયુ. ૯

ઊંચી ત્રીજી પોલિ નવેરી, તેહ ઊપરિ વાજઇં અનફેરી, સેરિ સવિ દીસંતિ તુ,જ.
નંદી વૃક્ષણું તિહાં ઠામ, ઠાવઈ લંબોદર અભિરામ, લોકજ લિંઇ વિશ્રામ તુ. ૧૦
ગઢ પાસઈ પાણીની વાપી, મહિ મંડલી જે રહીછઈ બ્યાપી, થાપીશ્રી નરરાય તુ જ.
સાંમલી આઈ સિહર તું મોટઉ, ઊપરિ પાટતણુ છઇ ઓટઉ, ખોટઉ નહી એ ઠામ તુ જ. ૧૧
દાહિણ પાસિ સિહરિ સોભાઈ, લોક ચડઇ જોવા તિહાં ધાઇ, માઈ ઇમ જંપંતિ તુ જ-;
મારગિ મોટઉ ખેતલવીર તેલ સીંદૂરિં ભરિઉં અસરીર, કણવીરે સોહંતિ. તુ જ. ૧૨
નાનાવિધ દીસઇં આરામ કોકિલ મધુર તણા વિશ્રામ, ઠામ સવે અભિરામ તુ જયુ-;
બાજઇં ગેલિ કરંતા ચડીઈ હરખિ કરી નવિ લાગઇ ઘડીઇ, પડિઇ નરગિન તામ તુ જ. ૧૩
મોર તણા કિંગારવ રાજઈ દહદિસિ નીઝરણાં ઘણુ વાજઇં, ગાજઇ ગયણુ સુરમ્મ તુ જ. ૧૪
અનુક્રમિ ચઉથી પોલિપઇઠા જિણુહ ભૂઅણુ નિઅ નયણે દીઠા; મીઠા હૂઆ નર જન્મ તુ જ. ૧૫

### વસ્તુ

ગિરિહિં ચડીઇ ગિરિહિં ચડીઈ ગુરૂઅ ગજગેલિ
પોલિ ઓલિ સવિ દીપતી ધરણિ હાર પ્રાકાર રાજઈ,
લંબોદર નંદિતરૂ ખિત્તવાલની રણ રાજઇ;
સેવિ તરૂઅર બહુ ફલિ ફલ્યા કોકિલતણા નિનાદ,
પોલિ પરવ જવ જોઈઆં તવદીઠા પ્રાસાદ. ૧૬

### ભાષા

પુરિસા વાવિ પહૂ અભિરામ જામ નામ છે અતિહિં ઊડી;
તસુ તલિ પંડર વર તુસુંમે ખેલાવઇં સુંડી,
હાટ ઓલિ માહિ રાજપોલિ ઘડિઆલું મંડિઅ
કંચણુ કલસિં લહલંતિ આગલિ ચઉખંડિઅ,
મંદિર માહિ ખડોખલીઅ વાપી કૂપારામ
ધવલ ગૃહ દીસઇં ઇસ્યાં એ નિર માલડીએ જેસ્યાં હુઈં સુરઠામ. ૧૭

અંબાજંબૂ અંબિલી અકરણીય નારિંગી, ખેજુરી નાલિઅરિ પૂર કેતકી અસુરંગી,
રાજ કુંઅરિ ક્રીડા કરંતિ નયણુડે કુરંગી, નવયૌવનિ નવનવીઅ રંગિ ઓઢણિ નીરંગી,
રાજ ભવન રૂલીઆમણાં પેખી પુહતા જામ,
જિન મંદિરિ હિવિઈ જાઇઈએ નિર માલડીએ હીઅડલું હરખિઉં તામ. ૧૮
સવિહું પાસે સિહ શ્રેણિ જિન દેહરી કેરી, પ્રહિ ઉઠી જિણ નમણ કાજિ જણ આવઇં સેરી;
આઠ પુહર સુણીઈ સુસાદ દડ દહી અનફેરી. કલસ દંડ ઘંટા નિનાદ વાજઈં જસ ભેરી,

ધજ પતાકએ ઇમિ ભણુઈં એ સાંભલિ જયો સહુ લોક,
જેહિં યુગાદિ ન ભેટીઉએ નિર. તેહનું જીવિઉં ફોક. ૧૯

ધન ધન તે નર પુણ્યવંત કિઅ અવિચલ ઠામ, સુપ્રભાતિ જિલ્લા પવિત્ર કરૂં લેઇ તસુ નામ,
વચ્છરાજ પહિલુ ઉદ્ધાર બીજઉ કુંઅરપાલ ત્રીજઉ સાહ ગોવિંદરાજિ ચઉપટ ચઉસાલ,
ચંપક સાહિ કરાવિઉએ ચોથઉ જીરણ ઉદ્ધાર ઊલટ હિઅડું ઉલ્લસિઉ એ નિ. દેખી સીહ દૂઆર.૨૦
પહિલુ પ્રથમારંભ પોલી પાવડીએ ચડીઈ, પણુમિઅ પઢમજિણુંદચંદ આપદ દડવડીઇ
રંગ મંડપ રંગતુ ઠામ ગુરૂઈ ગુંહલીઅ થંભિ થંભિ દીસઈ સુરંગ પોઢી પૂતલીઅ
વીણા વંશ વજાવતી કરતી નાટારંભ
નયણે હરિણુ હરાવતીએ નિ. જિસીઅ તિલોત્તમ રંભ. ૨૧

**વસ્તુ**

વાવિ સુંદર વાવિ સુંદર કૂપ આરામ
રાજભવન અતિ રૂઅડાં રાજપોલિ પ્રાકાર સોહઈ,
સરણાઇ સસુર સરિ મદન ભેરિ રિવ જગત્ર મોહઈ;
ખિપનિક વસહી નેમિજિણુ નિરખી પુહતા બારિ,
રંગ મંડપ રંગિં કરી રાસ રમઈં નરનારિ. ૨૨

**ભાષા**

હવઈ પૂજા આરંભીઈ તુ ભમારૂલી, આદિ જિણેસર દેવ તુ,
ચિંહું દિસિ ઘંટારણુ ઝણુઈ તુ, દીપ નિરંતરમેવ તુ;
પહિલું જઇઅિ અંઘોલીઈ તુ ભ. અંઘોલીઈ સરીરિ તુ,
ક્ષીરોદકનાં ધોતીયાં તુ ભ. ઓઢણિ દક્ષિણ ચીર તુ. ૨૨
નવ ચુકીઇ નિહાલીઇ તુ ભ. ઓરસીઆની ઓલિ તુ,
ચંદન ધનધન સાર ઘસી તુ ભ. કેસર મેલિ મતોલિ તુ;
પીતલમય સમોસરણુ તુ ભ. ત્રિણ્ણિ પ્રદક્ષિણ દેવિ તુ,
કુર્મસિંહિ કારાવીઉ તુ ભ. તે બહુ વિત વેચેવિ તુ. ૨૩
તોરણિ દીસઈ કોરણી તુ ભ. આરાસણુ પાષાણુ તુ,
તિહાં નિરખી ભમરી ભલી તુ ભ. લોક કરઈ વખાણુ તુ;
મૂલ ગભારા માહિ ગયા તુ ભ. પેખિઉ પ્રથમ જિણુંદ તુ,
મૂરતિ અતિ રૂલીઆમણી તુ ભ. ભવિઅણુ નયણાણુંદ તુ. ૨૪
સોવનમય પગિ પાલઠી તુ ભ. હાથિ સોવન બીજપૂર તુ,
બિહુ બાહે બે બહિરખા તુ ભ. બહિકઇ અંગ કપૂર તુ;
હાર હીઈ બે બહિ બહી તુ ભ. શ્રી વચ્છ તેજનું પૂર તુ,
કાંને કુંડલ ઝલહલઇ તુ ભ. કેસ સિહર કેસૂર તુ. ૨૫
દેતઇં સાહિ કરાવીઉં તુ ભ. અમૂલિક તિલક નિલાડિ તુ,
મસ્તિક મુકુટ નિહાલતાં તુ ભ. પૂજઇ મનહર હાડિ તુ;
ન્હવણુ કરીણુઇ લૂહીઈ તુ ભ. અંગ લૂહણુઈ પ્રભુ અંગ તુ,
ચંદન કેસરિ કપૂરિં તુ. ભ. અંગીઅ રચી સુઅંગિ તુ. ૨૬

લાલ ગુલાલ ગુંથાવીઇ તુ ભ. જાતી ફૂલ જાસૂલ તુ,
સેવંત્રીની માલડી તુ ભ. પાડલ ફૂલ અમૂલ તુ;
દહ દિસિ પરિમલ વાસતી તુ ભ. વાસંતી સુરમાલ તુ,
વાલઉ વેઉલ વઉલ સિરી તુ ભ. ચંપક કેરી માલ તુ. ૨૭
આખી નિરખી કેવલીડી તુ ભ. બેવડી ફૂલહ માલ તુ,
બિસરા ત્રિસરાં ચઉસરાં તુ ભ. ટોડર ગુણિહિં રસાલ તુ;
દમણુ બિમણુ ઉપરિ મલઈ તુ ભ. મરૂનઇ મચકુંદ તુ,
ચંગેરી ફૂલે ભરી તુ ભ. પૂજિઉ પ્રથમ જિણંદ તુ. ૨૮
આગલિ ભોગ ઊખેવીઈ તુ ભ. કૃષ્ણાગર કપૂર તુ,
મૃગમદ મહિમા મહિમહઈ તુ ભ. વાજઇં મંગલ તૂર તુ;
હવઈ વિગતિં જિન વાંદીઈ તુ ભ. પોઢી પ્રતિમા ચ્યારિ તુ;
પીતલમય વીર પાસ જિણુ તુ ભ. આદિ સંતિ ભવતારિ તુ. ૨૯
નાન્હાં મોટાં બિંબ સર્વ તુ ભ. પુજી પુહતા બારિ તુ,
કાઉસગી એ ચઉવીસ જિણુ તુ ભ. વીર સુપાસ જુહારિ તુ;
હસ્તમુખ બિંબહ તણી તુ ભ. ઓલિ ઘણી ઉદાર તુ,
બિંબ સવે મઈં પૂજીઆં તુ ભ. પીતલમય નવિ પાર તુ. ૩૦
ભદ્રભલા એ બારણઇ તુ ભ. ચિહું દિસે ચઉસાલ તુ,
રાજકાજ ધુરંધર તુ ભ. શ્રી **સાયર શ્રીપાલ** તુ;
**સહજપાલ** સહજિં સુગુણુ તુ ભ. ધન વેચિઉં સુઠામ તુ,
કુંથુ સુમતિ થાપી કરી તુ ભ. ચંદ્રલિહાવિઉ નામ તુ. ૩૧
સ્નાત્ર મહા ધજ આરતી તુ ભ. મંગલ દીપ કરંતિ તુ,
ચિહું દિસિ આવઇં સંઘ ઘણા તુ ભ. પુણ્ય ભંડાર ભરંતિ તુ;
વાજઈ ત્રંબક દડ દડી તુ ભ. વાજઈ ઢોલ નીસાણુ તુ,
મદ્દલ ભુંગલ ભેર રવિ તુ ભ. રંજિઉ રાઉ **શ્રી ભાણુ** તુ. ૩૨

**વસ્તુ**

રિસહ જિણવર રિસહ જિણવર કરિઅ મહાપૂજ
વાલુ વેઉલ માલતી મરૂઅ કુંદ મચકુંદ સારિઅ,
પિતલમય વીર જિણુ પાસ સામિ પાસઈ જુહારિઅ;
દેઈ મહાધજ આરતી મંગલદીપ કરેવિ,
હવ જુગતિ જિન વંદીઇ હીઅડઇ હરખ ધરેવિ૦ ૩૩

**ભાષા.**

હિવ જુગતિં જિન વંદીઇએ માલ્હંતડે, બાવન દેહરી પંતિ, સુણિ સુંદરૂ,
ભદ્ર ભલુ **મહરાજ**નુ એ મા. પહિલું પૂજિસુ સંતિ સુ;
સાહ **સહસાવરજા**ંગતુએ મા. બીજઇ આદિ જિણંદ સુ,
દોસી **હેમા રતના** તણીએ મા. દેહરી ધર્મ જિણંદ સુ. ૩૪
દેહરી દેહરી વંદતા એ મા. ઊપજાં અતિહિં આણંદ સુ;

આહમ્મદાવાદી નરરયણું મા. સા ઈસર હરિચંદ સુ;
તિણિ અષ્ટાપદ સંઠવીએ મા. થાપીઆ અજિઅ જિણંદ સુ,
સમોસરણુ ચઉવીસ જિણુ મા. પૂજિઈ પરમાણુંદ સુ. ૩૫
ચિહુ દિસિ જાલી જોઇઈ મા. કોરણી કમલની વેલિ સુ,
તોરણુ થંભા પૂતલીએ મા. દીસઈ કરંતી ગેલિ સુ;
આગલિ આવી દેહરીએ મા. સાહ સાધ તેણી જાણિ સુ,
મોર નાગ પ્રભુ પાદુકાએ મા. રાઇણિ રૂખ વખાણિ સુ. ૩૬
તિહાં થિકા પૂજતા પુહચીઇએ મા. ત્રીજઈ ભદ્ર પ્રસાદિ સુ,
સંઘાહિવ પરબત દવિઉ એ મા. પીતલમય જિણવંદિ સુ;
હુંબડ સાહ ધર્મા તણુએ મા. ચુથઉ ભદ્ર વિહાર સુ,
નાન્હાં મોટાં બિંબ સવે મા. લેહનઈ કરૂંઅ જુહાર સુ. ૩૭
નાલિ મડપ જોઇ કરીએ મા. વલી ભેટીઆ પ્રભુપાય સુ,
સીસ નામીનઇ વીનવું એ મા. વયણુ સુણઉ જિણરાય સુ;
જનમ લંગઇ પ્રભુ મઈ કરીએ મા. કર્મ્મતણી જે કોડિ સુ,
તે સંભારીઅ રિસહજિણુ મા. વીનવું બે કર જોડિ સુ. ૩૮
કૂડ કપટ કીધાં ઘણાંએ મા. પાપિં પોસિઉ પિંડ સુ.,
મૂઢપણઇ પાલી નહીએ મા. જિનવર આણુ અખંડ સું;
કુગુરૂ કુદેવ કુસંગતિએ મા. મઇ કીધાં મિથ્યાત્વ સુ,
સમકિત ચિંતામણિ ચડિઉંએ મા. નીગમિઉં વિશ્વ વિખ્યાત સુ. ૩૯
અતિં લોભઈ લખિમી તણઇએ મા. મીઠા બોલ્યા બોલ સુ,
અધિક લેઇ ઓછાં દીયાં એ મા. કૂડાં કીધાં તોલ સુ;
પરનારી પરવશ પણંઇ એ મા. શીલસિઉં સંગ ન કીધ સુ,
અવસર પામી આપણુ એ મા. સુહ ગુરૂ દાન ન દીધ સુ. ૪૦
ચઊદ રાજ માંહિ જીવ યોનિ મા. તે ફરિસી સવિવાર, સુ,
સહસ જીભ જુ મુખિ હૂઇએ મા. તોઈ ન લાભઈ પાર સુ;
ઇણિ પરિ મઈ કીઆં ભવભ્રમણ મા. ચાતુર્ગતિક સંસારિ સુ,
તું હવઇં સામી પામીઉ એ મા. આવાગમન નિવાર સુ. ૪૧
માય તાય ઠાકુર ધણીએ, નરેસૂઆં, તું સેવક સાધાર સુ,
તું ત્રિભુવનનુ રાજીઉએ નરે૦ તું સેત્રુંજ સિંગાર સુ;
દયા મયા પર પામીઉ એ ન૦ કલ્પતરૂ તું દેવ,
ઇડર ગિરિવર સઈ ધણીએ ન૦ સુરનર સારઈ સેવ. ૪૨
હું નવિ માગું ભોગ યોગ ન૦ મણિ માણિક ભંડાર,
એકજિ માગું રિસહ જિણુ ન૦ સાસય શિવ સુખ સાર;
પ્રહિ ઊઠી જે નર ભણઇ એ, ન. ચેત્ર પ્રવાડિ રસાલ,
તે તીરથ યાત્રા તણુંએ ફલ પામઇ સુવિશાલ. ૪૩
(કલશ) તવ ગચ્છ દિણયર લચ્છિસાયર સુમતિ સાધુ સૂરીસરો,

શ્રી હેમવિમલ મુણિંદુજિન માણિક ગુણમણિ સાયરો;
સંથવિઉ શ્રી ગુરૂ અનંતહંસહિં સીસલેસિ જિણવરો,
શ્રી સંઘ ચઉવિહ સુખ્ખ બહુવિહ રૂદ્ધિ વૃદ્ધિ સુહંકરો. ૪૪

**इति श्री इलदुर्गमंडन श्री आदिनाथ प्रासाद चैत्यपरिपाटी लिखिता ।**
**व्य० रूपाभार्या श्रा० राजलदेपुत्री श्रा० जीबाइ पाठनार्थं ॥ शुभंभवतु ॥**

# ललितेन्दु गुफानो लेख अने कुमारपर्वत.

લેખકઃ—રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ.

બંગાળાના ઉપસાગરના વાયવ્ય કિનારે ઓડિયા ( सं ओड्र ) પ્રાંત છે. તેનું મુખ્ય શહેર કટક છે. એની નૈઋત્ય દિશાએ ઓગણીસ માઇલ દૂર Khandgiri નામે પર્વત આવેલો છે. એમાં અનેક ગુફાઓ છે, તેમાંની એક લલિતેન્દુગુફા છે. તે સિંહદ્વાર[1] નામથી પણ ઓળખાય છે. એ ગુફાની પાછલી ભીંત ઉપર ઇસવી દસમી સદીનો લેખ છે. તે પરથારથી ત્રીસ ચાળીસ ફુટ ઉંચે દિગંબર મૂર્તિઓના સમૂહના મથાળે કોરેલો છે.[2] એ લેખ પ્રસ્તુત પર્વતનું જૂનું નામ જાણવામાં ઉપયોગી છે, તેથી તે નીચે આપું છું.

**ओं श्रीउद्योतकेशरिविजयराज्ये संवत् ॥**
**श्रीकुमारपर्वतस्थाने जीर्णवापिजीर्ण इशाण**
**उद्योतित तस्मिन् स्थाने चतुर्विंशतितीर्थंकर-**
**स्थापित प्रतिष्ठा लेहओ पा० जसनन्दिक**
**न्का दा ति द्र था श्रीपार्श्वनाथस्य कर्मखय:**[3]

નથી શુદ્ધ સંસ્કૃત કે નથી શુદ્ધ પ્રાકૃત એવો આ લેખ ચોવીસ તીર્થંકરની સ્થાપના અને પ્રતિષ્ઠાને લગતો છે. લેખક પાઠક જસનંદિક કિંવા જસનંદી છે. પ્રતિષ્ઠા પાર્શ્વનાથ નામે કોઈ પવિત્ર દિગંબર સાધુ હસ્તક થઈ જણાય છે; કેમકે તેના કર્મક્ષયના લેખને અંતે

૧. જો આ સંજ્ઞા સાર્થક હોય, તો લેખમાં કહેલી ચોવીસ તીર્થંકરની સ્થાપનાના મકાનનું અહીં મુખ્ય દ્વાર હોય. ૨. આ હકીકત મુનિ શ્રી જિનવિજયજીએ પ્રસિદ્ધ કરેલા **प्राचीन जैनलेखसंग्रह प्रथम भाग** ઉપરથી લીધી છે. ૩. અસલ લેખમાં પહેલી પંક્તિમાં **राज्य,** ત્રીજીમાં **तीर्थंकरने** ચોથીમાં **पा०** ને બદલે **प** છે. પાંચમીનો આરંભનો ભાગ બેસતો નથી. લેખકના સંપાદક મિ. આર. ડી. બેનરજી એમ. એ. ચોથી પંક્તિમાં **प्रतिष्ठा** ( **का** ) **ले ह** [ **ा र** ] **ओप** વાંચે છે. અહીં **का** ને **रि** નકામા ઉમેરી પંક્તિ ખાલી દુર્બોધ કરી છે.

નિર્દેશ છે. સ્થાપના **કુમારપર્વત** ઉપર કરવામાં આવી હતી. એ પર્વત ઉપર એક પુરાણી **ऐशान** એટલે કાર્ત્તિકેય કિંવા કુમારની મૂર્ત્તિ હતી જેના આગળ એક પુરાણો કુંડ હતો. એ દેવસ્થાનવાળા સ્થળે તીર્થંકરોની સ્થાપના અને પ્રતિષ્ઠા પાર્શ્વનાથદ્વારા થઈ હતી, **અને તે** મહારાજ ઉદ્દ્યોતકેસરી ગાદીએ આવ્યા પછી પાંચમે વર્ષે થઈ હતી.

**कुमारपर्वत** ઉપર ચોવીસ તીર્થંકરની સ્થાપનાનો લેખ લલિતેન્દુગુફામાં કોરેલો છે, તેથી **कुमारपर्वत** તે પ્રસ્તુત ગુફાવાળો પર્વત જ ઠરે છે. લેખમાં પ્રસંગવશાત્ કહ્યું છે કે એ પર્વત ઉપર ઐશાન એટલે કુમારની પુરાણી મૂર્તિ હતી. એ મૂતિ કરતાં પણ **कुमारपर्वत** સંજ્ઞા ઘણી જૂની જણાય છે. ભિક્ષુરાજ ખારવેલનો હસ્તિગુફાનો લેખ ઇસવી સન પૂર્વે બીજા સૈકાનો છે, તેમાં એ સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે.[1] ગાદીએ આવ્યા પછી તેરમે વરસે કલિંગરાજ ખારવેલે આ પર્વત ઉપર દેશાંતરથી નિર્ગ્રન્થ શ્રમણોને બોલાવીને રાખ્યા હતા.[2] કલિંગરાજની પટરાણીએ એમને માટે કોરી કઢાવેલું વૈકુંઠગુફાવાળું લયન આ જ પર્વત ઉપર છે.[3] હસ્તિગુફાના લેખમાં ચૌદમી પંક્તિના વચલા ભાગના **र**કારને માથે **इ**કારનું ચિન્હ વધારાનું ખોદાયાથી લેખક દોષને લીધે **कुमारपर्वते** ને બદલે **कुमारीपर्वते** વંચાય છે. એવા જ પ્રમાદથી એ લેખની ચોથી પંક્તિના ઉત્તર ભાગમાં **नसिकनगरं** ને બદલે **मसिकनगरं** કોરેલું જોવામાં આવે છે. ખરા પાઠ **कुमारपर्वते** અને **नसिकनगरं** સંભવે છે.

Khandgiri તે જ લલિતેન્દુગુફાનો અને હસ્તિગુફાનો **कुमारपर्वत** એવું સિદ્ધ થતાં કોઈ સાધારણ રીતે એમ ધારે કે Khandgiri સંજ્ઞા **स्कंदगिरि** ઉપરથી ઉપજી આવી હશે. કારણ કે **स्कन्द** અને **गिरि** અનુક્રમે **कुमार** અને **पर्वत**ના પર્યાય છે; અને સંસ્કૃત **स्कन्दगिरी** ઉપરથી પ્રાકૃત **खन्दगिरि** ચાલુ Khandgiri અયત્નસાધ્ય છે. પરંતુ વસ્તુસ્થિતિ વિચારતાં અયત્નસાધ્ય છે તે યત્નસાધ્ય જોવામાં આવે છે. Khand શબ્દ મૂળે **स्कन्द** સાથે નહિ, પણ Kandh સાથે સંબંધ ધરાવે છે. ઓડિયાને આર્યસંસ્કૃતિ મળી તે પહેલાં અતિ પ્રાચીન કાળમાં તેના નીચાણના પ્રદેશમાં અનેક અનાર્ય જાતો રહેતી હતી.[5] તેમાંની એક Khandh અને બીજી Mali હતી. આ તેમના રહેઠાણમાંથી અંગવંગના પ્રાચીન આર્યોએ સમુદ્રમાર્ગે આવી પશ્ચિમના ડુંગરોમાં એ અનાર્ય જાતોને હાંકી કાઢી. નવા આવનારાએ Kandh જાતના નામ ઉપરથી હાલના કટક પરગણાના ડુંગરને **कन्धगिरि** કહ્યો. એ શબ્દ કાલાંતરે વિકાર પામી **खन्दगिरि** ( Khandgiri ) રૂપમાં રૂઢ થયો. અનાર્ય મૂળના **खन्दमां** સંસ્કૃત મૂળના **खन्दनो** ભ્રમ થઇ પચીસેક શતક ઉપર **खन्दगिरि** સંજ્ઞા પ્રાકૃત મનાઇ, જેને લીધે સંસ્કૃત **स्कन्दगिरि** ( પર્યાય **कुमारपर्वत** ) નામથી પણ પર્વત જાણીતો થયો. આવી જ રીતે પાલ લહરા પરગણામાં Malaygiri પર્વત છે તેનું નામ, બીજી કાળીપરજ જે Mali, તેના ઉપરથી પડયું જણાય છે.

Kandh, Mali વગેરે કાલીપરજનૂં સામાન્ય નામ **ओड्र** છે. તે ઉપરથી દેશનો પણ સંસ્કૃતમાં **औड्र** સંજ્ઞાથી વ્યવહાર થાય છે. ચાલુ ઓડિઆ નામ એ શબ્દ ઉપરથી ઊતરી આવ્યૂં છે. Kandh પ્રજા **ओड्र** હોવાથી તેમના નામે ઓળખાયલા **खन्दगिरि** ( Kh-

૧. જુઓ મુનિ જિનવિજય કૃત પ્રા. જૈ. લે. સં. ૧. હાથીગુફાનો લેખ. ૨. જુઓ સાચા સ્વપ્નમાં આદિશુંગ પુષ્યમિત્ર એ મથાળાના લેખમાં આપેલી ખારવેલ વિશેની હકીકત. ૩. જુઓ પ્રા. જૈ. લે. સં. ૧ વૈકુંઠગુફાનો લેખ. ૪ જૂઓ સાચા સ્વપ્નમાં આદિશુંગ પુષ્યમિત્ર એ મથાળાના લેખની ટિપ્પણી ૨૭–૨૮ ૫ જૂઓ W. W. Hunter's Orissa II. p. 69.

andgiri ) ને ओड्रुगिरि-प्रा. उड्डयगिरि નામ મળેલું સંભવે છે. એ બે નામોપૈકી પહેલું, આખો પર્વત ( અર્થાત્ कुमारपर्वत ) અને તેનું લલિતેન્દુ ગુફાવાળું પાંખું, એવા સામાન્ય અને વિશેષ અર્થમાં વપરાતું થયું; અને બીજું અવશિષ્ટ વિશેષ અર્થમાં, એટલે કે આખા कुमारपर्वतना બીજા પાંખાના અર્થમાં વપરાયું. આમ મારૂં ધારવું છે.

ઉપર આપેલા ચોવીસ તીર્થંકરની પ્રતિષ્ઠાના લેખનો कुमारपर्वत તે Khandgiri પાંખું એમ એક શોધક સમજે છે. ઉપરાંત તે વિદ્વાન હસ્તિગુફાના લેખના ઉપલબ્ધ कुमारीपर्वत પાઠને વળગી રહી, ઉદ્દિષ્ટ कुमारीपर्वत તે Udaygiri પાંખું એવો તર્ક દોડાવે છે, [1] પરંતુ મારા મનને તે કંઇક વાંધા ભરેલૂં લાગે છે. આખા પર્વતને Khandgiri કહો કે તેના લલિતેન્દુગુફાવાળા પાંખાને, તેમાં કંઈ બાધ નથી. લેખમાંની कुमारपर्वत સંજ્ઞા એકને તેમ જ બીજાને લાગુ પાડી શકાય એવી છે. વ્યવહારમાં Khandgiri નામ પણ એક સરખી રીતે બંનેને લાગુ પડાય છે. તેની સાથે कुमारपर्वत અને Khandgiri શબ્દો વચ્ચે એક પ્રકારનો સંબંધ મેં પોતે જ ઉપર દર્શાવેલો છે. આ રીતે Khandgiri પાંખાને કોઈ कुमारगिरी કહેવા માગે, તો કહેવાય એવું છે. પણ મિ. બેનરજી શા આધારે Udaygiri પાંખાને कुमारीपर्वत ધારી લે છે, તે સમજાતૂં નથી. Khand અને कुमार શબ્દ એક પ્રકારનો સંબંધ ધરાવે છે. Udaygiri અને कुमारी શબ્દ વચ્ચે તેનો ગંધ પણ શોધ્યો જડતો નથી. લલિતેન્દુગુફાવાળા લેખથી Khandgiri અને कुमारीपर्वतनी એકતા સિદ્ધ થાય છે Udaygiri અને कुमारीगिरिनूं તાદાત્મ્ય પ્રતિપાદિત થતૂં નથી. Khandgiri પાંખા ઉપર ઐશાન કિંવા કુમારની મૂર્તિનું અભિજ્ઞાન હતૂં. Udaygiri પાંખા ઉપર कुमारीનું અભિજ્ઞાન જાણવા કે સાંભળવામાં નથી. મિ. બેનરજીના કહેવા પ્રમાણે એક પાંખાનૂં અને બીજાનૂં कुमारपर्वत નામ સ્વીકારતાં આખો પર્વત નનામો બની જાય છે. આ લોકવ્યવહારથી ઉલટૂં છે. આખા પર્વતના જુદાજુદા ભાગનાં જુદાંજુદાં નામ વખતે નથી હોતાં, પણ આખા પર્વતની સામાન્ય સંજ્ઞા તો હોય છેજ. આથી Udaygiri તે कुमारीपर्वत એ કલ્પના બંધ બેસતી નથી.

એ પ્રમાણે ઓડિયા પ્રાંતના એક જૂના જાણીતા પર્વતના ભૂલાયલાં અને જળવાયલાં પેઢીઉતાર નામોની અને તે પર્વતનાં પાંખાનાં નામોની કંઇક કલ્પિત અને કઇક પુરાવાવાર હકીકત છે. [2]

તા. ૧૫, જ્યુન ૧૯૧૮.<br>
અમદાવાદ.

---

૧. જુઓ Epigraphia Indica, 1915 October માં મિ. આર ડી. બેનરજીનો લેખ. ૨. Khandgiri અને Udaygiri શબ્દમાં ઇંગ્રેજી અક્ષર આપણા દંત્ય દકારને માટે છે કે મૂર્ધન્ય ડકારને માટે, તેની ખાતરી ન હોવાથી ઇંગ્રેજી જોડણીનો ઉપયોગ કર્યો છે. આ અનિશ્ચયને લીધે લખાણમાં પણ સંકોચ વેઠવો પડયો છે. બીજી ઇંગ્રેજી જોડણી પણ ઉચ્ચારના અનિશ્ચયના કારણથી વાપરવી પડી છે.

—કે. હ. ધ્રુવ.

# मुनिमहाराजाओने अपील.

[ श्री राजपूताना जैन श्वेताम्बर प्रान्तिक कॉन्फरन्स ( सभा ) ना मंत्री अमने नीचेनी अपील प्रसिद्ध करवा फरमावे छे, तेथी प्रकट करोए छीए. )

पूज्यवर्य,

श्री रा० जै श्वे० प्रा० कान्फरैन्स का प्रथम अधिवेशन मिती आसोज बुदि ९–१० सम्बत १९७५ को श्री पार्श्वनाथ स्वामी के तीर्थ पर अर्थात् फलोधी ( मारवाड ) में स्वर्गीय राय बाबू बद्रीदासजी वहादुर मुकीम कलकत्ता निवासी के सुपुत्र बाबू राज कुमारसिंहजी की अध्यक्षता में हुवा. जिसमें अन्यान्य प्रस्तावों के साथ ही साथ निम्नोक्त प्रस्ताव भी सर्व संमत्यानुसार पास हुवा।

" यह कान्फरैन्स धर्म प्रचार तथा नैतिक सुधार के लिये मुनि महाराजाओं का इस राजपूताना प्रान्त में विचरना अति आवश्यक समझती है। मुनि महाराजाओं का तथा साध्वीयों का इस प्रान्त की ओर कम ध्यान देखकर खेद प्रकट करती हुइ उनसे सविनय प्रार्थना करती है कि शासनोन्नति के लिये मुनि गण इस प्रान्त में कठिन परिसह होते हुवे भी विचरें ! "

पूज्यवर्य ! यह पत्र राजपुताने के संघ की ओर से आपकी सेवा में भेजा जाता है और राजपूताना निवासी सर्व संघ के विचार तथा इच्छा प्रकट करता है।

पूज्यवर्य से यह बात छिपी नहीं होगी कि समस्त भारत की जैन जाति का लगभग एक तिहाई भाग इसी प्रान्त में रहता है. और मुख्य करके श्वेताम्बर जैनियोंका तो यह प्रान्त घर ही है. जैनियों में सब से बडी औसवाल जाति जो आज प्रायः सर्व ही प्रान्तों में पाई जाती है उसका यह जन्मस्थान ही है. किसी काल में तो इस प्रान्त के ग्राम २ में मुनिराजों तथा साध्वीयों का चातुर्मास तथा विहार हुवा करता था पर खेद के साथ लिखना पडता है अर्वाचीन काल में जैन जाति बडे भाग की ओर से हमारे परम पूज्य धर्मनेता मुनिगण उदासीन ही हो बैठे हैं। जहां गुजरात प्रान्त के एक एक नग्र में बीस २ मुनिगण चातुर्मास करते हैं वहां के छोटे २ ग्राम निवासी भी मुनिगणों के सदुपदेश से भरे हुवे अमृत बचनों का सदैव पान करते हैं. और यह प्रान्त जैन श्वेताम्बर जाति का घर न जाने किस हीन कर्मोदय से मुनिगणों द्वारा केवली भगवान के तारने वाले वचनोंसें नीरा वंचित ही रहता है; ग्रामोंका तो कहना हि क्या ? बडे बडे नग्रभी मुनिगणों के चातुर्मास से वर्सों खाली रह जाते हैं।

पूज्यवर्य! जिनशासन के लिये इसका नतीजा अति अहितकर हुवा है. संघ में से भक्ति, श्रद्धा, तथा धार्मिक ज्ञान दिन प्रति दिन कम होता जाता है. जैन धर्म के तत्वों से तो लोग अनभिज्ञ ही होगये हैं. कई जिन मंदिर अपूज, बेस-म्हाल पडे हैं. धर्म से प्रेम तथा धर्म श्रद्धा कम होती जाती है. स्वधर्मी वात्सल्य, लोक सेवा, धर्मप्रचार, परोपकार इत्यादि सम्यत्क के गुणोंका दिन २ ह्रास हो रहा है. धर्म कार्यों में पैसा खर्च नहीं होता वरन् उसके विपरीत पाप कार्यों में पैसा दिल खोल खर्च किया जाता है. धर्मानुसार आचरण नहीं रहा. कहां तक लिखा जावे सब कुछ दिन प्रतिदिन भ्रष्ट होता जाता है. अहिंसा व्रत ( दया ) को तो इस प्रान्त के लोग यहां तक भूलगये हैं कि अपनी छोटी २ कन्याओं को ब्याह कर उन पर अथवा उनके बालक पति पर अल्पायु ही में इस कराल काल का आक्रमण कराते हैं. या बूढों के साथ छोटी २ कन्याओं को बांधकर उन अणसमज कन्याओं के लिये वैधव्य को आमंत्रण देते हैं. दयालु मुनिगण! यदि आप एक दफा मर्दुम शुमारी की रिपोर्ट को देखे तो आपको ज्ञात होगा कि इस प्रान्त में इस दयाधर्मी औसवाल जाति का क्या हाल होरहा है. प्रति एकसौ सोहागिन स्त्रीयों के साथ पोनसो विधवा स्त्रियों की ओसत आती हैं. जिन में से कई की तो उदर पूर्ति तथा लगभग सबही की धार्मिक शिक्षा का कोई उचित प्रबन्ध नहीं है. पूज्यवर्य! यह एसी बात नहीं है कि जिस तर्फ करुणा सागर मुनिगणों का ध्यान न आकर्षित हो। विधवाओं की अधिक संख्या होने से केवल जैनियों की संख्या ही कम नहीं होती पर आजकल का समय देखते हुवे जाति के चारित्र पतन का भी भय होता है. जहां चारों ओर विलास प्रियता, ऐश आराम इत्यादि पश्चिमी सभ्यता का दौर दौरा है, जहां जाति में प्रत्येक हर्ष के अवसर पर पतितचारित्रा वेश्या का मान है, जहां धनके मद में, शिक्षा के अभाव में, तथा पंचायतियों की अशक्ति के कारण कुचारित्र मनुष्यों की संख्या बढती है, धार्मिक ज्ञान तथा धर्म के तत्वों पर जहां जागृत श्रद्धा है ही नहीं, जहां पुरुष अपनी आखिरी मंजिल में अर्थात् वृद्धावस्था में भी एक कम उम्र भोली कन्या के साथ शादी करने से बाज नहीं रहते हैं, तथा एक के बाद एक इस तरह से तीन चार विवाह करते हैं,—ऐसी दशा में इन बाल विधवाओं की बडी संख्या के लिये अपने सतीत्व धर्म का पालन करना दिन प्रतिदिन कठिन होता जाता है. पूज्यवर्य! कम से कम इस जडवाद के

प्रतिरोध के लिये, कुचारित्र पुरुषों की संख्या घटाने के लिये, अल्पायु में युवकों के प्राण रक्षा के लिये, प्रसूति के समय अल्पायु होने के कारण माताओं के मरने को अथवा जन्मरोगणी होकर सर्वदा के लिये दुःखों के पात्र होने से रोकने के लिये आप अहिंसा धर्म का प्रचार कर सक्ते हैं. यदि पशु पक्षी तक जैन दयाके तथा मुनिगणों की हिमायत के पात्र हों तो क्या अभागे मनुष्य और विशेष कर परमात्मा वीर ही के उपासक इस दया या हिमायत के पात्र नहीं ? कम से कम शासन को जीवित रखने के हेतु मुनिगण को इस ओर ध्यान देना चाहिये. पूज्यवर्य ! सन् १९०१ से १९११ तक अर्थात केवल १० वर्ष की अवधि में इस प्रान्त में २ प्रतिशत जैनी कम होगये हैं और कइ रयासतों में तो १५ से २० प्रतिशत जैनियों की संख्या घट गई है. जहां प्रत्येक जैनी को धार्मिक ज्ञान अथवा सांसारिक ज्ञान के लिये शिक्षित होना चाहिये उनके विपरीत लगभग आधे पुरुष और ९८ प्रतिशत स्त्रीयां तो केवल निरक्षर भट्टाचार्य ही हैं, जहां संयमी जीवन व्यतीत करते हुवे जैनियों को दीर्घायु पाना चाहिये वहां असंयमी जीवन के कारण हमारी ओसत आयु केवल २५ वर्ष की ही रह गई है. जहां पूर्वकाल में हमारे धनी अपनी लक्ष्मी खर्च करके आबू के दिलवाडे के जैसे मंदिर बनवाते थे वहां आज हमारे धनिकों का द्रव्य बिलास प्रियता में खर्च होजाने के कारण अपनी जाति के बालकों की शिक्षा के लिये भी नहीं मिलता. कहांतक कहा जावे ? हमारा नैतिक जीवन दिन दिन बिगडता जारहा है ।

पूज्यवर्य ! इन उपरोक्त त्रुटियों को दूर करने के लिये मुनिगण के उपदेश तथा प्रयास की बहुत आवश्यक्ता है. मुनिगण अपने चारित्र बल से शिक्षा प्रचार के लिये जिस से अन्य सब रोग दूर होसके हैं बहुत कुछ कर सक्ते हैं. राजपूताने के घर घर में शिक्षा का प्रचार करा देना मुनिगण के लिये दुर्लभ नहीं है. जब हम प्रत्यक्ष देखते हैं कि धार्मिक महोत्सवों के लिये मुनिगण के उपदेश से हजारों रुपये व्यय हो जाते हैं तो हम ये कल्पना नहीं कर सक्ते कि शिक्षा प्रचार के लिये कि जिस पर हमारा धर्म, कर्म और सारा जीवन ही निर्भर है उनके प्रयास निष्फल हों. सत्य तो यह है कि त्यागियों के उपदेश का प्रभाव अतुलनीय होता है.

पूज्यवर्य ! यदि मुनिगण इस प्रान्त को आजकाल की भांति छोड ही देंगे तो शासन को बडा नुकसान पहुंचेगा. इस जैन धर्म की हानि और जाति के

ह्रास का उत्तर दायित्व आप पूज्यों के सिर ही रहेगा. कारण आप धर्मनेता हैं धर्मरक्षक हैं, धर्मगुरु है, संघ के लिये गोपाल हैं. और ऐसी दशा में उत्तर दायित्व सिवाय मुनिगण के किसपर हो सक्ता है.

पूज्यवर्य ! यह निसंदेह कहा जा सकता है कि इस क्षेत्र में परिसह बहुत है। क्षेत्रमें गर्मी बहुत पडती है, वालू रेत में पैर जलते हैं, कई गांवों में समय पर आहार तो दूर रहा पानी तककी जोगवाई नहीं मिलती, श्रावकों में आदर भक्ति नहीं– इत्यादि अनेक बातें इस प्रांत के विषय में कही जा सक्ती हैं. पर पूज्यवर्य ! क्या यह परिसह कानों में कीले ठोके जाने से, अथवा बियावान जंगल में शीत उष्ण में ध्यानावस्था में खडे रहने से अथवा सर्पसे डसे जाने से अथवा कपाल पर अग्नी जलाइ जाने से भी अधिक कठिन है ? परमात्मा महावीर आदर्श हैं, मोक्ष उद्देश है, संसारिक दुख सामने हैं तो क्या उन मुनिवरों को कि जो कञ्चन कामनी तथा अन्य सांसारी सुखों को त्याग करके चारित्र अंगीकार किया है ? उन्हें स्वयं मोक्ष जाने से तथा श्रीसंघ के कल्याण के लिये प्रयास करने से कोई परिसह रोक सकता है ? कदापि नहीं. पूज्यवर्य यदि मुनिगण थोडी सी देर के लिये अपने उद्देश तथा प्रभूके बचनों और संघ के कल्याण की ओर ध्यान दे तो हमें विश्वास है कि वे इस प्रान्त से एसे उदासीन रह ही नहीं सक्ते जैसे वे इस समय हैं !

पूज्यवर्य केवल संतान के सांसारी सुख के लिये युद्ध में लाखों पुरुष अपने प्राण त्याग कर रहे हैं तो क्या सारी जाति को मोक्षमार्ग पर लेजाने को हमारे त्यागी मुनिवर सामान्य परिसहों से भयभीत होकर इस प्रान्त में आने तथा विचरने से हिच किचावेंगे ऐसी हमें कदापि आशा नही है. पूर्वकाल में मुनिगण विचरते थे और अब भी स्थानकवासी साधू विचरते है तो क्या आप लोगों के लिये विचरना इस प्रान्त में अधिक दुष्कर है ।

पूज्यवर्य शासनोन्नति के लिये, धर्मकी रक्षा के लिये जैन जाति को वास्तविक जैन जाति फिरसे बनाने के लिये मुनिवरों के कठिन परिश्रम की आवश्यक्ता है इसलिये राजपूताने के श्रीसंघ की इस कान्फरैन्स के द्वारा आप से सविनय प्रा-

र्थना है कि इस चातुर्मास के समाप्त होने पर इस तर्फ पधारने की कृपा करें और इस प्रान्त के ग्राम २ व नग्र २ को सर्वज्ञ के वचनों से गुंजावे और लोगों में धर्म प्रति जागृत श्रद्धा उत्पन्न करके कि जो उन्हें सत्य मार्ग पर चलने को मजबूर करे. श्रीसंघ का तथा संसार का कल्याण करें. यह भी सविनय प्रार्थना है कि इस कल्याणकारी कार्य के लिये किसी ग्राम से निमंत्र आने की बाट न देखें.

पूज्यवर्य, अग्नी में सोने कि, संकट में वीरधीर की ओर परिसह में धर्म दृढता की परीक्षा होती है ॥ इत्यलम् ॥ आपका आज्ञाकारी चरण सेवक

मध्यस्थ कार्यालय. अजमेर.

गोपीचन्द धाडीलाल.
बी. एससी. एल एल. बी.
मन्त्री.

---

## प्रभु प्रेम.

( તોટક છંદ. )

મન પામિ સદા તન ભારતમાં, કર સાધન શ્રી હરિ આરતમાં,
ધિક્ જીવન છે પ્રભુ પ્રેમ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના;
પ્રભુ પ્રેમ થકી જગ જીવન છે, પ્રભુ પ્રેમ થકી સુખ સાધન છે,
દુઃખ કેમ જશે પ્રભુ પ્રેમ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના.
ફળ ફૂલ તણાં વળિ વૃક્ષ જુવો, તમ અંતર મેલ સમૂળ ધુવો,
ઉપકાર કરે નહિ પ્રેમ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના;
નિશિનાથ કદી નભ ના ઉગશે, કુમળાં કુમુદો કરમાઈ જશે,
મધુરાં કુસુમો નહિ સ્નેહવિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના.
સઘળાં પશુઓ પણ જીવનમાં, કરતાં ઉપકાર સદા જગમાં,
ધન સંગ્રહ શું ઉપયોગ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના;
કમળાંકરમાં અરવિંદ વસે, નહિ ચિત્ત પ્રભા કરથીજ ખસે,
નહિ શું સમજો હજુ બોધ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના.
સુજનો સઘળે મુજ પ્રેમ વહો, જનના મનના તન તાપ દહો,
જગ શું તરશો ચિત શુદ્ધિ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના;
મુજ યાચકને દઈ પ્રેમ પ્રભો, પુરજો ઉરની અભિલાષ વિભો,
જન મંડળ શૂન્યજ સ્નેહ વિના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના;
પરિતુષ્ટ સદા કુમુદો શશિમાં, ત્યમ ચિત્ત વસો કમળાપતિમાં,
ઉર ગ્રાહ્ય કરો ગુણ ઉદ્‌ભિજના, તન શું કરશો પ્રભુ પ્રેમ વિના.

કમળાવતી ભોળાનાથ.

---

# श्री जैन श्वेतांबर एज्युकेशन बॉर्डना मेम्बरोनी टीप.

## લાઈફ મેમ્બરો.

૧ શેઠ ઓતમચંદ હીરજી ઠે. બજારગેટ કોટ. ... મુંબઇ.

૨ „ પ્રાણજીવનદાસ પરસોતમદાસ. ... ... ... ભાયંદર (થાણા)

૩ „ ગણેશલાલજી ડાલચંદજી. ... ... ... ... બીકાનેર.

૪ „ નાનચંદ ગુલાબચંદ. ... ... ... ... સમલી. પો. હાંસોટ.

૫. „ બાબુસાહેબ પુરણચંદજી નાહર. ઠે. ૪૮ ઇંડીઅન મીરર સ્ટ્રીટ કલકત્તા.

૬ „ „ પુરણચંદજી નાહાટા કામકર સ્ટ્રીટ.... ... કલકત્તા.

૭ શેઠ વીરચંદ કૃષ્ણાજી. ... ... ... ... પુના.

૮ „ મોરારજી ગાંગજી. ... ... ... ... „

૯ „ રામચંદ જેઠાભાઇ. ... ... ... ... કલકત્તા.

૧૦ બાબુસાહેબ રાયકુમાર સીંહજી હેરીસન રોડ. ... ... કલકત્તા.

૧૧ શેઠ ધારશી અમુલખ. ... ... ... ... „

૧૨ „ નાગજી ગુણપત. ... ... ... ... મુંબઇ.

૧૩ „ કરમચંદ ડોસાભાઇ. ... ... ... ... ખેડા.

૧૪ „ ચીમનલાલ કુબેરદાસ. ... ... ... ... ખેડા.

૧૫ „ બાબુ સુરપતસીંહજી દુગડ... ... ... ...

## સ્થાનિક મેમ્બરો.

૧૬ „ શેઠ કલ્યાણચંદ શોભાગચંદ. ઝવેરી બજાર. ... મુંબઇ.

૧૭ રા. રા. ગુલાબચંદ મોતીચંદ દમણીઆ. ચોપાટી.... ... „

૧૮ „ મકનજી જુઠાભાઇ મ્હેતા. લુહાર ચાલ. ... „

બારિસ્ટર એટલૉ.

૧૯ „ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. લુહાર ચાલ—મનહર બીલ્ડીંગ „

સોલીસીટર.

૨૦ વકીલ મોહનલાલ દલીચંદ દેશાઈ. બી. એ. એલ એલ બી. લુહાર ચાલ. „

૨૧ વકીલ લખમશી હીરજી મૈશેરી. બી. એ. એલ. એલ. બી. માંડવી. „

૨૨ શેઠ ગુલાબચંદ દેવચંદ ... ... ...ઝવેરી બજાર „

૨૩ „ મોહનલાલ હેમચંદ ... પાયધુની—વોરાનો માળો. „

૨૪ શેઠ નરોતમદાસ ભાણજી. ... છીપી ચાલ. મુંબઈ.

૨૫ રા. રા. વેલજી આણંદજી મૈશેરી બી. એ. એલ એલ. બી. માંડવી. „

૨૬ ડૉ. પુનશી હીરજી મૈશેરી એલ. એમ. એન્ડ એસ. માંડવી. „

૨૭ રા. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. બી. એ. પરેલ જી. એમ. જૈન હોસ્ટેલ. „

૨૮ શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ. ચંપાગલી. „

૨૯ „ રતનચંદ તલકચંદ માસ્તર. શરાફ બજાર. „

| | | | |
|---|---|---|---|
| ૩૦ | ,, દેવકરણ મુલજીભાઇ. | મુળજી જેઠા મારકીટ. | ,, |
| ૩૧ | ,, મોતીલાલ મુળજીભાઇ. | કાલબાદેવી–વાંદરાવાળો માળો | ,, |
| ૩૨ | ,, દલસુખભાઈ વાડીલાલ. | વાલકેશ્વર. | ,, |
| ૩૩ | ,, ચુનીલાલ નહાનચંદ | ચંપાગલી. | ,, |
| ૩૪ | ,, ચુનીલાલ વીરચંદ. | ,, | ,, |
| ૩૫ | ,, મુળચંદ હીરજીભાઇ. | કોટ–ફ્રીઅર રોડ. | ,, |
| ૩૬ | ,, હીરાચંદ વસનજી. | ,, બજાર ગેટ. | ,, |
| ૩૭ | ,, હીરજી ઘેલાભાઇ દેવરાજ | માંડવી. | ,, |
| ૩૮ | ,, શામજી લધાભાઇ. | ભાત બજાર. | ,, |
| ૩૯ | ,, કાનજીભાઈ રવજીભાઇ. | લાલ વાડી–પરેલ. | ,, |
| ૪૦ | ,, મણીલાલ સુરજમલ. | ધનજી સ્ટ્રીટ. | ,, |
| ૪૧ | ,, રવજી સોજપાલ | નવા નાગપાડા | ,, |
| ૪૨ | ,, અમરચંદ ઘેલાભાઇ | વડગાડી | ,, |
| ૪૩ | રા. રા. ચુનીલાલ મુળચંદ કાપડીઆ બી. એસ. સી. એમ. એ. એલ એલ બી. | ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ | |
| ૪૪ | ,, સારાભાઇ મગનભાઇ મોદી બી. એ. | ભીંડી બજાર | ,, |
| ૪૫ | શેઠ મોહનલાલ મગનભાઇ | શરાફ બજાર | ,, |
| ૪૬ | ,, જીવણચંદ ધરમચંદ | ,, | ,, |
| ૪૭ | ,, શાંતિદાસ આશકરણ | ચોપાટી | ,, |
| ૪૮ | પંડિત બહેચરદાસ જીવરાજ ( ઑન. મેમ્બર. ) | સેંડહર્સ્ટ રોડ–મહાવીર જૈન વિદ્યાલય | ,, |
| ૪૯ | શેઠ ઉમરશી માંડણ | કમાઠીપુરા | ,, |
| ૫૦ | ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી L. M. & S. | શરાફ બજાર | ,, |
| ૫૧ | વકીલ શોભાગચંદ પી. દેશાઇ B. A. LL. B. | ચોપાટી | ,, |
| ૫૨ | શેઠ દલીચંદ ફુલચંદ | વીઠલવાડી | ,, |
| ૫૩ | ,, રતનશી દામજી | ભાત બજાર | ,, |
| ૫૩ (ક) | શેઠ હીરાલાલ અમૃતલાલ | મંગળદાસ મારકીટ. | ,, |
| ૫૩ (ખ) | રા. હેમચંદ જસવીર મહેતા. B. A. S. T. C. | એસીસ્ટન્ટ મિડલ સ્કુલ. | |

**બહાર ગામના મેમ્બરો.**

| | | |
|---|---|---|
| ૫૪ | ,, ડૉ, બાલાભાઇ મગનલાલ નાણાવટી | વડોદરા |
| ૫૫ | ઝવેરી લાલભાઇ કલ્યાણભાઇ | ,, |
| ૫૬ | રા. રા. ગુલાબચંદજી ઢઢા એમ. એ. | જયપુર |
| ૫૭ | ,, મનસુખલાલ કીરતચંદ મ્હેતા | મોરબી |
| ૫૮ | વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી. બી. એ. એલ. એલ. બી. | અમદાવાદ. |
| ૫૯ | શેઠ વેણીચંદ સુરચંદ | મ્હેસાણા. |

૬૦ શેઠ જગાભાઈ દલપતભાઇ બી. એ. અમદાવાદ.
૬૧ રા. રા. મણીલાલ નથુભાઇ દોશી. બી. એ. ,,
૬૨ ડૉ. પોપટલાલ લલુભાઇ ,,
૬૩ શેઠ. દામોદર બાપુશા યેવલા
૬૪ વકીલ. મોહનલાલ મગનલાલ સ્વરૂપચંદ અમદાવાદ
૬૫ રા. રા. મણીલાલ મોહનલાલ શાહ ડી. પી. ,,
૬૬ વકીલ મગનલાલ પરશોતમ બદામી. ડી.પી. સુરત
૬૭ ,, કુંવરજી આણંદજી ભાવનગર
૬૮ રા. રા. ડાયાભાઇ હુકમચંદ ધંધુકા
૬૯ ,, ગુલાબચંદ વાઘજી વઢવાણ કેંપ
૭૦ ,, જગજીવન મુલજી બનીઆ
બી. એ. બી. એસ. સી. જામનગર
૭૧ ,, સાકરચંદ નારણજી શાહ. બી. એ.
બી. એસ. સી. જામનગર
૭૨ ,, દેવચંદ ઉત્તમચંદ પારેખ એમ. એ. જેતપુર
બારઍટલૉ.
૭૩ શેઠ સોમાભાઇ ભાઇલાલ ડી. પી. ખેડા
૭૪ રા. રા. છોટાલાલ ત્રીકમલાલ પારેખ
ડી. પી. વીરમગામ
૭૫ ,, ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી.
એ. એલ. એલ. બી. સાદરા
૭૬ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાલા પાટણ
૭૭ ,, મનસુખલાલ દોલતચંદ ઝવેરી રંગુન
૭૮ ,, ચુનીલાલ છગનચંદ શરાફ સુરત
૭૯ ,, બાલચંદ હીરાચંદ માલેગામ
૮૦ છગનલાલ ગણપતદાસ પુના
૮૧ ,, જીવાભાઇ વાડીલાલ પાટણ
૮૨ રા. રા. સુરચંદ પરશોતમ બદામી B. A. LL. B. વલસા
૮૩ શેઠ ધરમચંદ વેલજીભાઇ કોઠારી પાલણપુર
૮૪ ,, હરજીવનદાસ દીપચંદ રાધનપુર
૮૫ શેઠ ગુલાબચંદ આણંદજી ભાવનગર
૮૬ ,, પ્રેમચંદ રતનજી ,,
૮૭ ,, વલભદાસ ત્રીભોવનદાસ ગાંધી ,,
૮૮ ,, વલભદાસ ઉતમચંદ પારેખ એમ એ વરતેજ
૮૯ ,, ફતેચંદ ઝવેરભાઇ ભાવનગર
૯૦ ,, પનેચંદજી સંધી સુજાનગઢ
૯૧ ,, પુનમચંદજી સાવનસુખા બીકાનેર
૯૨ ,, હીરાચંદજી સચેતી અજમેર

| | | | |
|---|---|---|---|
| ૯૩ | શેઠ | ધનરાજજી કાંસટીઆ | અજમેર |
| ૯૪ | ,, | રતનલાલજી ઢઢા | બીકાનેર |
| ૯૫ | ,, | દલેલસીંહજી ઝવેરી | દીલ્હી |
| ૯૬ | ,, | જવાહરલાલજી જૈની | સીકંદરાબાદ |
| ૯૭ | રા. રા. | ગોવીંદજી વકીલ. બી. એ. એલ. એલ. બી. | અંબાલા |
| ૯૮ | શેઠ | ગંગારામજી બનારસીદાસજી ભવદા | અંબાલા |
| ૯૯ | ,, | દયાલચંદજી ઝવેરી | આગ્રા |
| ૧૦૦ | ,, | ચુનીલાલજી ભાવડા | અમૃતસર |
| ૧૦૧ | ,, | દોલતરામજી જૈની | હોશીઆરપુર |
| ૧૦૨ | ,, | કલુશા કનૈયાલાલ | ગુજરાનવાલા |
| ૧૦૩ | ,, | એલીરામ બળદેવદાસ | મુલતાન |
| ૧૦૪ | ,, | ભોગીલાલ નગીનદાસ | ખંભાત |
| ૧૦૫ | ,, | અમરચંદ જસરાજ | ભાવનગર |
| ૧૦૬ | ,, | મુલચંદ આશારામ વૈરાટી | અમદાવાદ |
| ૧૦૭ | ,, | ચુનીલાલ વીરચંદ કૃષ્ણાજી | પુના |
| ૧૦૮ | બાબુ | લક્ષ્મીચંદ જીવરાજ | કલકત્તા |
| ૧૦૯ | પરી. | કેશવલાલ ધારશી | ,, |
| ૧૧૦ | શેઠ | દલીચંદ ફુલચંદ | મુંબઈ |
| ૧૧૧ | ,, | સોમચંદ મંગળદાસ | મુંબઇ |
| ૧૧૨ | શેઠ | સોમચંદ ધારશી | માંડવી-મુંબઈ-૩ |
| ૧૧૩ | ,, | હાથીભાઈ કલ્યાણજી દલાલ ઠે. કાથાબજાર | ,, |
| ૧૧૪ | ,, | નાથાભાઇ લવજી | કચ્છ અંજાર |
| ૧૧૫ | ,, | સાકરચંદ પાનાચંદ | ભુજ |
| ૧૧૬ | શેઠ | રામચંદ નાનચંદ કોઠારી | નડીઆદ |
| ૧૧૭ | ,, | સુરજમલજી ધનસુખદાસજી | બીકાનેર |
| ૧૧૮ | ,, | લલ્લુભાઇ જેઠાભાઈ | અમદાવાદ |
| ૧૧૯ | ,, | ચુનીલાલ ધરમચંદ લુહાર ચાલ | મુંબઇ |
| ૧૨૦ | રા. રા. | વાડીલાલ દોલતચંદ બરોડીઆ પોલીસ ઇન્સ્પેક્ટર ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ-મુંબઇ | |
| ૧૨૧ | શેઠ | તુલસીદાસ મોનજી કરાણી માટ દોપર—મુંબઇ | |
| ૧૨૨ | ,, | મોહનલાલ હીમચંદ વકીલ. | પાદરા |
| ૧૨૩ | ,, | ઝવેરચંદ અંદરજી ઠે. બજારગેટ-મુંબઇ | |
| ૧૨૪ | ,, | નગીનદાસ સાંકળચંદ વકીલ | અમદાવાદ |
| ૧૨૫ | ડૉ. | કેશવલાલ મલુકચંદ પારેખ એલ એમ એન્ડ એસ | કપડવંજ |
| ૧૨૬ | રા. રા. | મણીલાલ બાલાભાઈ નાણાવટી એમ. એ. એલ. એલ. બી. | વડોદરા |
| ૧૨૭ | ,, | ડાહ્યાભાઇ બાલાભાઇ કોરા. એલ. સી. ઇ. | ગોડલ |
| ૧૨૮ | ,, | બાલાભાઇ ગુલાબચંદ એલ. સી. ઇ. | ,, |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૯ | ડૉ. | ત્રીભોવનદાસ લહેરચંદ L. M & S. | કાલબાદેવી | મુંબઇ |
| ૧૩૦ | શેઠ | વાડીલાલ રાઘવજી | ત્રાંબાકાંટો | ,, |
| ૧૩૧ | મેસર્સ | ધારશી દેવજી એન્ડ કું. | મજગામ | ,, |
| ૧૩૨ | શા. | પ્રેમરાજ મોતીચંદ | | કુરડુવાડી |
| ૧૩૩ | ,, | મોતીજી હેમરાજ | | કરનુલ |
| ૧૩૪ | શેઠ | ફતેચંદ મંગીલાલ | | ઉમરાવતી |
| ૧૩૫ | ,, | કેશવલાલ ઉમેદરામ | | તાસ ગામ ( સતારા ) |
| ૧૩૬ | ,, | હીરાચંદ શેષકરણ ભાણશાળી | | કલકત્તા |
| ૧૩૭ | ,, | ઇંદ્રજી લાલજી દોશી | | ,, |
| ૧૩૮ | ,, | અમરચંદજી વૈદ્ય | | આગ્રા |
| ૧૩૯ | ,, | બુધમલજી ચાંદમલજી વૈદ્ય મ્હેતા | | છીંદવારા |
| ૧૪૦ | મ્હેતા | ચાંદમલજી દારોગા જવાહીર ખાન | | જોધપુર |
| ૧૪૧ | શેઠ | હરીસીંહજી કોઠારી કામદાર | | નરસીંહગઢ |
| ૧૪૨ | ,, | પ્રેમચંદ કરમચંદ શાહ ડેપ્યુટી. એજ્યુ. ઇન્સ્પેકટર | | ગોંડળ |
| ૧૪૩ | રા. રા. | મોતીલાલ લક્ષ્મીચંદ શાહ બોંડ રાઇટર | | કપડવંજ |
| ૧૪૪ | શેઠ | બાદરમલજી સમદના | | નાગોર |
| ૧૪૫ | રા. રા. | ભીખાભાઇ જુદરદાસ કોઠારી | | મુંબઈ |
| ૧૪૬ | ,, | આવજી દામજી શાહ | ઘાટકોપર | મુંબઇ |
| ૧૪૭ | શેઠ | માલુમચંદ મોહનચંદ | | દિગરસ |
| ૧૪૮ | ,, | કાનજી નાનચંદ કોઠારી | | મુંબઇ |
| ૧૪૯ | ,, | જેચંદભાઇ બેચરદાસ હ. કેશરીચંદભાઇ | | લોનાવલા |
| ૧૫૦ | રા. રા. | રણછોડલાલ છગનલાલ શીરસ્તેદાર | | સાદરા |
| ૧૫૧ | શા. | લાડકચંદ પાનાચંદ | | બોટાદ |
| ૧૫૨ | શેઠ | રતનશી નાગજી કામદાર | | નાના ઝંઝાવદર |
| ૧૫૩ | ,, | છગનલાલ લખમીચંદ | | વડુ ( પાદરા ) |
| ૧૫૪ | રા. રા. | વાડીલાલ શંકરલાલ જૈની. બી. એ. એલ એલ. બી | | કપડવંજ |
| ૧૫૫ | શા. | મગનલાલ વાઘજી | ત્રાંબાકાટો | મુંબઇ |
| ૧૫૬ | ,, | ભાણજી મુળજી | | કલકત્તા |

[આ પ્રમાણે કુલ ૧૫૬ અને બે (૫૩ ક–ખ) મળી ૧૫૮ સભાસદો છે. આ લિસ્ટ જૈન એજ્યુકેશન બૉર્ડનો રિપોર્ટ કે જે ગત અંકમાં છપાયેલ છે તેની સાથે મૂકવાનું હતું, પણ ત્યાં...ની ગડબડને લીધે ન મૂકાયું તેથી અત્ર મૂકવામાં આવ્યું છે. વાર્ષિક લવાજમ માત્ર પાંચ રૂપિયા છે તે આપી હરકોઈ સજ્જન સભાસદ થઇ શકે તેમ છે અને તેથી કેળવણીના કાર્યમાં સહાય આપી શકે તેમ છે. આશા છે કે દરેક વાંચક સભાસદ થઈ, મેળવી કેળવણી પ્રચારમાં નિમિત્ત ભૂત થશે. ઑ. સેક્રેટરી, જૈન એજ્યુકેશન બૉર્ડ.]

# નવીન વર્ષનું ટુંક વક્તવ્ય.

जीवन्तु मे शत्रुगणास्सदैव
तेषां प्रसादेन विचक्षणोऽहं ।
यदा यदा मे शिथिला च बुद्धिः
तदा तदा ते प्रतिबोधयन्ति ॥

મારા શત્રુઓનાં ટોળાં હમેશાં જીવતાં રહો, કે જેના પ્રસાદથી હું વિચક્ષણ બનતોજ રહું, (કારણ કે) જ્યારે જ્યારે મ્હારી બુદ્ધિ શિથિલ થાય છે ત્યારે ત્યારે તેઓ પ્રતિબોધ આપ્યાંજ કરે છે.

પ્રિય વાચક! આપણે સર્વે ગમે તે પદ પર હોઇએ, પણ તે તે પદેથી આપણાથી જેટલું બની શકે તેટલું-મતિ અને શક્તિની મર્યાદા મુજબ કાર્ય કરવા ઉત્સુક રહેવું જોઇએ અને કરવું જોઇએ. દુનિયાના અમરંગી માનવો પોતાની જેવી દૃષ્ટિ હોય તેવી દૃષ્ટિથી પોતપોતાના ખ્યાલ, આત્મનિવેશ, સ્વાર્થ અને સ્વભાવ મુજબ અન્યના સંબંધમાં નિહાળે છે અને તે શબ્દદ્વારા બહાર કાઢે છે. તો તેને મોઢે ગરણું બાંધવા કોઈ જતું નથી. સૌ સૌ પોતપોતાને ભાવે ખપે છે.-પોતપોતાનું પોત પ્રકાશે છે, અને તેથી પોતાની ઉન્નતિ અવનતિ સાધે છે. તમે અને અમે સર્વેએ જે જાહેર કાર્ય હાથમાં લીધું તે પવિત્ર દૃષ્ટિથી ઉંચા ઉદાર ભાવથી ઉપાડયે જજો-તેને પુષ્ટ બનાવવા સર્વ પ્રયાસ શક્તિ અને સંજોગ અનુસાર કરજો. તેમ કરવામાં જે સ્વાર્થી હિતશત્રુઓ આડા આવે, નિન્દા કરે તે સામે શિક્ષા કે દંડની નજરથી ન જોતાં પહેલાં પ્રથમ તો અનુકંપા ને દયાથી જોશો. તેવી દયાની નજર તેમના નીચ હવસને શાન્ત બનાવી તેમની ઉન્નતિ સાધશે; છેવટે જો તે પણ કાર્યગત ન થાય તો છેવટના ઉપાય તરીકે જ શિક્ષા કે દંડ તરફ નજર નાંખશો.

---

# साधुओनो कर्त्तव्य–मार्ग.

તીર્થ પ્રવર્ત્તકોએ તીર્થને બાંધી તે તીર્થમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા એ ચારેના સમુદાયનો સમાવેશ કરી **नमो तित्थस्स** એટલે તીર્થને નમસ્કાર કર્યો એ પરથી જૈન શાસન પ્રવર્ત્તકોએ બહુજનવાદ (Democracy) કેવા ભવ્યરૂપમાં પ્રતિપાદિત કરી છે તે સહેજે સમજી શકાય છે. આ ચારેમાં સાધુ સાધ્વી એ સંસાર ત્યાગી હોઈ તેમને સંસારની લાલસાથી સ્વતઃ વિરક્ત રહી, તે સાધુ-આશ્રમના આચાર બરાબર પાળવા ઉપરાંત તેમના શિરે સંસારમાં રહેલા શ્રાવક અને શ્રાવિકાઓએ સંસાર કેવી ઉત્તમ રીતે નિર્વહવો એ માટે સત્ય શુદ્ધ ઉપદેશ આપવાની પણ જુમ્મેદારી રહી છે. તે જુમ્મેદારી તે સન્યાસી વર્ગે મૂળથી તે અત્યાર સુધી નિરંતર વાણીના પ્રવાહથી ઉપદેશ આપ્યાં જ કરી યથાશક્તિ પાળી છે અને તે પરથી પાળતા જશે એમાં કંઈ શક રહેતો નથી. પણ તે ઉપદેશમાં સંસારની હમણાંની સ્થિતિ અને સંજોગ અનુસાર કેવી રીતે ફેરફાર કરવાની જરૂર છે તે પણ તેઓએ સમજવું જોઇએ.

ઉપદેશ ધર્મ અનુસાર હોવો જોઇએ અને તેથી તે ધર્મોપદેશમાં ધર્મની શી સ્થિતિ છે, કેવો ધર્મ ટકી રહે, તે ટકાવી રાખવા શું કરવું જોઇએ એ પર ખાસ લક્ષ રાખવાની જરૂર છે. એક ભારતસેવક અંગ્રેજ જણાવે છે કેઃ—

That religion will live and prosper and spread which has sufficient vitality in it to prompt its adherents, to take active measures for teaching it to the young and to all, not only through paid official teachers, but by those who have found their religion the strength and joy of their own lives, and are intent on bringing to others the light and blessing which they themselves enjoy.

તેજ ધર્મ જીવવાનો, આબાદ થવાનો અને પ્રસરવાનો કે જેમાં એટલા પૂરતી સજીવનતા હોય કે જેથી તે પોતાના અનુયાયીને પ્રેરી શકે કે જેથી તેઓ તે ધર્મ જુવાન અને બધાને શિખવવા માટે વ્યવહારૂ–સજીવન પગલાં લે, અને તે એવી રીતે કે તે ધર્મ માત્ર પગારદાર બાંધેલા શિક્ષકો દ્વારા શિખવવા માટે જ નહિ પણ એવી વ્યક્તિઓ દ્વારા કે જેઓએ પોતાના ધર્મમાં પોતાના જીવનનાં બળ અને આનન્દ પ્રાપ્ત કરેલાં છે અને જેઓ જે પ્રકાશ અને આશીર્વાદ પોતે ભોગવે છે તે બીજાને પણ પ્રાપ્ત કરાવવામાં તૈયાર રહે.

આપણા સાધુઓ નિષ્કંચન અને બ્રહ્મચર્યસ્થિત છે, તેમને પૈસાની જરૂર નથી–તેમ લાલચ પણ નથી. તેઓ તો આત્મભોગી ધર્મોપદેશક છે. તેમના માટે સાંસારિક ઉપાધિ કોઇ પણ જાતની શાસન પ્રવર્તકોએ આપેલી કે ફરમાવેલી નથી. તેઓ પોતાને પોતાના ધર્મમાંથી મળેલાં પ્રકાશ અને હૃદયસંતોષનો વિસ્તાર અન્ય શ્રાવક શ્રાવિકાઓમાં કરી જે બળ અને આનંદ પોતે લે છે અગર લઇ શકે તેમ છે તે બળ અને આનંદ ગૃહસ્થાશ્રમીઓને આપી શકે તેમ છે.

જેમ સાધુનો આશ્રમ જૈન ધર્મમાં પ્રાચીનકાળથી બંધાયો છે તેવીજ રીતે હિન્દુ ધર્મમાં સંન્યાસી–સાધુ–બાવાઓ–પરિવ્રાજકો અને મુસલમાની ધર્મમાં ફકીર રૂપે બંધાયેલો છે. હિન્દુ ધર્મમાં આવા સાધુઓની સંખ્યા એંસીલાખ જેટલી કહેવામાં આવે છે. અને તેઓમાંનો મોટો ભાગ ભીક્ષાના ટુકડા માગી ઉદર પોષણ કરી આળસ–પ્રમાદમાં ભટકવામાં ગાળે છે તેથી વિદ્વાન્ અનુભવી હિન્દુ સુધારકો અને વિવેકાનન્દ જેવા ધર્મ સુધારકો પણ જબરો બળાપો કરે છે. આમાં કેટલાક તો ઘણા વિદ્વાન્ અને ધર્મજ્ઞાતા હોય છે એ પણ સાથે ખરૂં છે. વિવેકાનન્દ મહિસુરના રાજાને એક પત્ર લખી જણાવે છે કેઃ–

"આપણા દેશમાં એકનિષ્ઠાવાળા અને સ્વાર્પણ કરવાને તત્પર એવા હજારો સંન્યાસી છે. તેઓ ગામેગામ ફરીને ધર્મનો બોધ આપે છે. હવે એવા સંન્યાસીઓનું જો એક સુવ્યવસ્થિત મંડળ બાંધવામાં આવે અને તેઓ જેમ ધર્મનો બોધ આપે છે તેમ ધર્મને બદલે લૌકિક વિષયોનું શિક્ષણ આપતા થાય તો જે કેળવણી શાળાઓ દ્વારા લોકોને નથી પહોંચતી તે આ રીતે આપના આખા રાજ્યમાં ફેલાઇ જશે. દાખલા તરીકે જો એવા બે માણસો પોતાની સાથે મેજીક લેન્ટર્ન, પૃથ્વીનો ગોળો, થોડાક નકશા અને દેશ દેશના સંસારનાં ચિત્રો રાખીને એકાદ ગામડામાં સાંજના પ્હોરના જઇને લોકોને શીખવવા લાગે

તો થોડા વખતમાં તેઓ ખગોળવિદ્યા, ભૂગોળ અને વર્તમાન ઇતિહાસનું લોકોને જરૂરી જ્ઞાન આપી શકે; અને આવાં ભાષણોમાં રમુજનો ભાગ વધારે હોવાથી લોકો ઉમંગભેર એકઠા થાય. જૂદા જૂદા દેશનાં લોકો વિષે વાર્તાઓ કહેવાથી તેઓ જનસમૂહને એવી સંગીન માહિતી આપી શકે અને તેમના મન ઉપર એવી સચોટ અસર કરી શકે કે તેનો સોમો ભાગ પણ વર્ષોના વર્ષ સુધી નિશાળમાં બેસીને ચોપડીઓ ગોખાવવાથી થાય નહિ. વળી મોટી ઉમરના લોકોને કેળવવાનો આજ રસ્તો છે."

આપણા સાધુઓ કેળવણીનાં સાધનો જેવાં કે મેજીકલેંટર્ન આદિ પોતાના આચારને અનુસરી સાથે લઇ વિવેકાનંદ કહે છે તેવું કામ બજાવી ન શકે. તોપણ દેશને શીશી જરૂર છે, તે જરૂરને પહોંચી વળવાને માટે ઉપદેશનાં વ્યાખ્યાનોમાં શું શું હકીકત કહેવી જોઇએ, અને દેશદેશની કથાઓ ધર્મકથાઓ સાથે મિશ્રિત કરીને કેવો વ્યવહારૂ ઉપદેશ આપી શકાય તે ઉપર હિન્દુ ધર્મ સુધારકો–વિવેકાનન્દ, રામતીર્થ, કેશવચંદ્રસેન, રામમોહનરાય, દયાનન્દ સરસ્વતી વીગેરેનાં પુસ્તકો વાંચી જૈન ધર્મને અનુકૂળ થાય તેવી રીતે તો જરૂર બોધ આપી શ્રાવક શ્રાવિકાઓનાં મન ખીલવવા પૂરતી કેળવણી આપી શકાય તેમ છે.

ગૃહસ્થાશ્રમ આજકાલ પાશવ જીવન જેવો થઈ રહ્યો છે. એને બદલે એમાં પરાર્થતા અને ધાર્મિકતા લાવવા માટે પ્રાચીન ગૃહસ્થાશ્રમ નમૂનારૂપ છે. આજકાલ સ્ત્રીપુરૂષ એમનું સમસ્ત જીવન વિષયોપભોગમાં અને દ્રવ્યોપાર્જનની ચિન્તામાં ગાળે છે એથી લગ્નની અને જીવનની ભાવનાને હાનિ પહોંચે છે. લગ્નનો પરમ ઉદ્દેશ સિદ્ધ થતો નથી, જીવનનો પરમ ઉદ્દેશ સિદ્ધ થતો નથી. અને પશુના જેવું જીવન મરણ પર્યંત વહ્યું જાય છે. એ દોષ દૂર કરાવી સ્ત્રીપુરૂષના સમ્બન્ધનું અને તે સાથે મનુષ્ય જીવનનું પરમ પ્રયોજન સિદ્ધ કરવા પ્રત્યે ઉપદેશ પ્રવાહ વાળવાની જરૂર છે, કે જેથી કરી તેનીજ પરાકાષ્ઠા એવી સાધુ અવસ્થા પ્રાપ્ત કરાય અને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકાય.

અનેક શ્રાવક શ્રાવિકાઓ દરિદ્રતાથી રીબાઈ પોતાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અવનતિ કરે છે. તેઓનાં દુઃખો જોઇ કોઇ આંસુ પાડે તેમ નથી, તો તે દુઃખીના આંસું લ્હોઈ તે દુઃખને દૂર કરવા તરફ તો કોઇનું લક્ષ જાય જ કેમ? આવી સ્થિતિ છે ત્યાં જીવદયાપ્રતિપાલક ગણાતા જૈનોએ પોતાનું તે બિરૂદ છોડી દેવું જોઇએ. સાધુઓએ આ પ્રત્યે જૈન સંઘનું ધ્યાન ખેંચી અને ખાસ કરી તેમાંના અગ્રણી અને શ્રીમંત મહાજનોનું ધ્યાન ખેંચી હેમચંદ્રાચાર્યે કુમારપાલને શિખવેલો સ્વામી વાત્સલ્યનો પાઠ શિખવવો ઘટે છે. દિવસે દિવસે સંજોગ ફરતા જાય છે અને સમય એવો બારીક આવતો જાય છે કે ખાવાને અન્ન, પહેરવાને વસ્ત્ર, રોગ દૂર કરવાને દવા મળવાં મુસ્કેલ છે અને તેમ થયે મનને નીતિમય, શુદ્ધ, પવિત્ર રાખવા જેટલી સબળતા ક્યાંથી આવી શકશે? આથી મરણ પ્રમાણ જૈનોમાં વધતું જાય છે તેની સાથે નૈતિક અધોગતિ આવતી જાય છે અને હાલના દુકાળ, સખત મોંઘવારી, જીવલેણ રોગના ઉપદ્રવોએ એક સાથે આવીને સંઘની દુર્દશા કરી નાંખી છે તે વિચારી તે દૂર કરવા પ્રત્યે પોતાના ઉપદેશને વાળવાની જરૂર છે. નહિ તો ધર્મ પાતાલ જશે કે ગયો સમજવો.

ધર્મની હયાતી તેના અનુયાયીઓ હઇને છે; ધર્માનુયાયીની હઇયાતીથી ધર્મનાં ચિન્હો-ધર્મશાસ્ત્રો સચવાશે. તીર્થોનું રક્ષણ તેઓ હઇને થશે. હાલનાં તીર્થોમાં કેટલી બધી અવ્યવસ્થા ચાલી રહી છે અને કેટલાક બીલકુલ રક્ષણ વગરનાં પડયાં રહ્યાં છે તે પર નજર

કરવાથી જણાશે. મારવાડમાં, મેવાડમાં, માલવામાં ઘણાં પ્રાચીન જૈન મંદિરો મરામત વગર, દરકાર વગર અગોચર પડયાં છે તે સર્વનો સમુધ્ધાર કરવા, તે પર કાળજી રખાવવા, તેઓનો ઇતિહાસ જાળવનારા શિલાલેખો વગેરેને સંરક્ષિત રખાવવા માટે સાધુઓએ પરિશ્રમ સેવવાની જરૂર છે. ગૂજરાતનાં અને કાઠિયાવાડનાં મનમાન્યાં શહેરોમાં ચાતુર્માસ રહેવાથી તેમજ તે પ્રદેશોમાંજ વિહરવાથી ધર્મવિસ્તારનું તો દૂર રહ્યું પણ ધર્મરક્ષણનું પણ કાર્ય જોઇએ તેવું પૂરતું થઇ શકે તેમ નથી. દક્ષિણમાં–સિંધમાં–ઉત્તર હિન્દમાં રાજપુતાનામાં ઉપદેશકો વગર જૈન ધર્મીઓમાં અનેક અનાચારો, ધર્મપ્રત્યે અશ્રદ્ધા, અનિષ્ટ રિવાજો ઘર કરતા જાય છે તે પર લક્ષ રાખી ત્યાં વિચરવાની તકો એકદમ હાથ ધરવાની છે.

જૂદા જૂદા ગામો ને શહેરોમાં શ્રાવકોમાં પડેલાં તડાંઓ અમુક એક નાના કારણને લીધે પડેલાં જોવામાં આવે છે અને તે માટે એવી ફર્યાદ આવે છે કે સીધી કે આડકતરી રીતે તેવા કારણ કોઇ અમુક સાધુદ્વારા ઉપસ્થિત થયેલું હોય છે. આમાં કેટલું સત્ય છે તે તેના અનુભવી કહી શકે, પણ એતો સત્યજ છે કે સાધુનું કાર્ય તડો ઉત્પન્ન કરવામાં નહિ, પણ સાંધવામાં છે. અમુકને ખાસ પોતાના શ્રાવકો કરવામાં નહિ, પણ સર્વ વીર સંતાન તરીકે સ્વીકારી સર્વમાં અરસ્પરસ પ્રેમ ને ઐક્યભાવ પ્રસારવામાં છે, અને કદાગ્રહ, ક્લેશ, વિરોધ, ગચ્છમમત્વ વગેરે દૂર કરી સૌને એક ધર્મના–એક દેશનાં બાળકો ગણાવી તેમાં ધર્મભાવ દેશપ્રેમ પ્રેરી તેમાં ચેતના જગાવવામાં છે.

દેશ, જ્ઞાતિ, કુટુંબ કે વ્યક્તિનો સમુધ્ધાર કરવામાં આત્મભોગની જરૂર છે. આત્મભોગી વીરો જ્યાં નથી ત્યાં ઉદયની આશા વ્યર્થ છે. પ્રાચીન સમયમાં જ્ઞાન, આત્મભોગી ઋષિઓ–સંતો પાસેથી મફત મેળવવામાં આવતું, ધર્મનો બોધ પણ વિના ખર્ચે પ્રાપ્ત થતો અને તેથીજ પ્રાચીનકાળમાં દેશનો ઉદય જાજ્વલ્યમાન હતો. જે સમાજમાં વિના દ્રવ્યે સરલતાથી અનેક આત્મભોગી વીરો–સાધુઓ મળી શકે તે સમાજ શારીરિક–માનસિક–આધ્યાત્મિક અવનતિ ભોગવતી હોવી ન જોઈએ એ નિઃસંશય છે. એક એક સાધુ દેશના એક એક ભાગને પોતાના ઉપદેશનો પ્રદેશ સ્વીકારી અખંડ ધારાએ ઉંચા તત્ત્વવાળાં વ્યાખ્યાનોથી બોધ આપવા અને તેથી ધર્મ અને સમાજમાં સુધારો કરવા કરાવવા કટિબદ્ધ થાય, એક એક સાધુ સતત્ અભ્યાસ કરી તેના પરિપાકે એક એક પ્રાચીન પુસ્તક સંશોધન કરવામાં યા એક એક સ્વતંત્ર અને હાલના દેશકાળને અનુસરતું પુસ્તક રચવામાં ગાળે, એકે એક જ્યાં જ્યાં વિહરવાનું થાય ત્યાં ત્યાંના શ્રાવકોની, તીર્થની, મંદિરોની શું સ્થિતિ છે તેનું સત્ય અને યોગ્ય ટાંચણ કરવાનું રાખે–મળતા શિલા લેખો ઉતારી લે, પ્રાચીન ઇતિહાસ તે તે ગામ કે શહેરનો લગતો જૂદા જૂદા વૃદ્ધ અને અનુભવી પાસેથી સાંભળી તેનું ટિપ્પણ કરી લે, તો કેટલા સુધારાઓ થઇ શકે, કેટલું બધું સાહિત્ય ઉત્પન્ન થાય અને કેટલો બધો પ્રાચીન અર્વાચીન ઈતિહાસ ડાઇરેક્ટરી રૂપમાં એકઠો કરી મેળવી શકાય તે સહેજે કલ્પનામાં ઉતરી શકે તેમ છે.

સમાજમાં જૂદાં જૂદાં ક્ષેત્રો પડયાં છે–તે દરેક ક્ષેત્રમાં કાર્ય કરવાનું ઘણું છે. એક એક દાખલા તરીકે લઇએ તોઃ—ધર્મશિક્ષણમાં—ધાર્મિક વાંચનમાળા ધોરણવાર શિક્ષણ પદ્ધતિ પર રચવાની, ધર્મ વિધિ–તત્ત્વજ્ઞાન–બાહ્ય અને આંતરિક રહસ્ય સહિત સર્વ હકીકત આવી શકે તેવું પુસ્તક લખી બહાર પાડવાની જરૂર છે; સામાજિક બંધનો–કુરિવાજો દૂર કરાવવાની, દુઃખી નિરાશ્રિતોને માટે–સાધનહીન વિદ્યાર્થીઓ માટે આથક મદદ મળી

શકે તે માટે એક મહાન્ જનરલ ફંડની યોજના કરવાની, પુસ્તક ભંડારો ખુલા કરાવવાની, પોતાના ભંડારો જાહેર કરવાની વગેરે આવશ્યક બાબતો વિચાર કરતાં અનેક મળી આવે તેમ છે. આટલું ટુંકામાં માત્ર દિગ્દર્શનરૂપે કહી પૂજ્ય મુનિવરોને વિનવીએ છીએ કે આ-માંના ઉપયોગી તત્ત્વ પ્રમાણે અમલ કરવાનું તેઓ ઉપાડી લેશે તો અમને ખાત્રી છે કે જૈન સમાજની થતી અવનતિ અટકી ઉન્નતિ માર્ગે જૈનો અને જૈન ધર્મ ચડશે.

—મોહનલાલ દ. દેસાઇ.

## स्व० चिमनलाल डाह्याभाइ दलाल M. A.

આ વિદ્વાન્ પ્રાચીન જૈન વસ્તુના જબરા ખોજક અને અવિરત ભગિરથ પ્રયત્ન કરનાર નિપુણ પંડિત હતા. તેમણે ગાયકવાડ સરકાર નીચે વડોદરાની સેંટલ લાયબ્રેરીમાં એક અમલદાર તરીકે કાર્ય કરી જેસલમીર તથા પાટણના સર્વ ભંડારો જોઇ તપાસી તેમાંના ઉપયોગી અને અમૂલ્ય પુસ્તકોનું કેટલોગ પોતાની કુશાગ્ર બુદ્ધિના પરિણામે ટુંક મુદતમાં અહોરાત્ર કામ કરી કરી લીધું કે જે ગાયકવાડ સરકાર તરફથી પ્રગટ થવાને થોડો સમય હતો ત્યાં એકાએક જીવલેણ ઇન્ફ્લુએન્ઝાના રોગથી પકડાઇ સ્વર્ગસ્થ થયા છે તેથી સમગ્ર જૈન સમાજને વિદ્વદ્ વર્ગને અને ગાયકવાડ સરકારને જબરી ખોટ ગઇ છે.

તેઓ જૂની લિપિનાં હસ્ત લિખિત પુસ્તકો ઝડપથી વાંચી શકતા અને તેનો અર્થ સપાટાબંધ કરી શકતા. સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓના સામાન્ય જ્ઞાતા હતા નહિ પણ તે સંબંધી ઘણું સૂક્ષ્મ અને તલસ્પર્શી જ્ઞાન વ્યાકરણાદિ દૃષ્ટિથી ધરાવતા. પોતાના નામની કે કીર્ત્તિની અપેક્ષા રાખ્યા વગર શાંતપણે સત્યનિષ્ઠાથી ઘરના ખુણે મહત્ત્વનું સંગીન કાર્ય કરતા હતા. 'C' ની સંજ્ઞાથી હીરવિજયસૂરિ અને અકબર એ વિષય પર તેમણે જૈનશાસનમાં ખાસ અંકમાં એક સુંદર લેખ લખ્યો હતો કે જેથી આકર્ષાઈ વિન્સેટ સ્મિથ જેવા વિદ્વાનને પણ 'અકબર' નામના પુસ્તકમાં અકબર જૈન સાધુને ગુરૂ તરીકે સ્વીકારતો એવું સ્પષ્ટ અને પ્રમાણ સહિત જાહેર કરવું પડયું છે. જૂની ગુજરાતી ભાષામાં 'સમેતશિખર રાસ' તેમણે સંશોધિત કરી બહાર પાડેલ છે; તેમના ગૂજરાતનું સંસ્કૃત નાટક સાહિત્ય, સદયવત્સ અને સાવલિંગાની કથા, આદિ વિદ્વત્તાપૂર્ણ લેખો વસન્ત માસિકમાં પ્રકટ થાય છે. સાહિત્ય માસિકમાં પણ પ્રાચીન સુભાષિતો, અપભ્રંશ ભાષા આદિ વિષયોપર ટુંક પણ ઉપયોગી લેખો, તેમજ બુદ્ધિપ્રકાશમાં 'ખંભાત' ના મૂલ સંસ્કૃત નામ સંબંધી ચર્ચા લેખ વગેરે બહાર પાડયા છે તે પરથી તેમની વિધવિધ જાતની પંડિતાઇનો સારો ખ્યાલ આવી શકે છે.

ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ-પૌર્વાત્ય ગ્રંથમાલામાં પ્રકટ થયેલાં રાજશેખર કૃત કાવ્યમીમાંસા, વસ્તુપાલમંત્રી કૃત નરનારાયણાનન્દ કાવ્ય, પરમાર કૃત પાર્થ પરાક્રમ વગેરે પુસ્તકોનું સંશોધન, તે પરનાં ઉપયોગી ટિપ્પણો અને શોધક બુદ્ધિથી લખેલ પ્રસ્તાવના પરથી તેમની ઉત્તમ પ્રતિભા, સૂક્ષ્મ બુદ્ધિ, વિવેચક શક્તિ અને પકવ, વિશાલ અને ગંભીર જ્ઞાન સ્પષ્ટ પ્રતીત થાય છે. તેની પ્રશંસા મહા વિદ્વાનોએ એકી અવાજે કરી છે.

તેમની સાથે મને થોડા દિવસ વડોદરામાં પરીચય થયો હતો તેપરથી તેમની નિરભિમાનતા, સાદી રહેણી કરણી, કર્ત્તવ્યનિષ્ઠા, અને જ્ઞાનગંભીરતાની પ્રબલ છાપ અમારા પર પડી હતી. સરસ્વતીના પરમ ઉપાસક, સાહિત્યના કર્ત્તવ્યમગ્ન સેવક તરીકે પોતાનું જીવન તેમણે સમાર્યું હતું અને તે તરીકે તેમનું આયુષ્ય વધુ રહ્યું હત તો ભવિષ્યમાં એવી

મહાન્ ખ્યાતિ પ્રાપ્ત કરત કે તેની અમૃતતા ચિરકાળ સુધી જળવાઈ રહેત પણ વિધિના વિડંબનથી તે રત્ન આપણામાંથી તેનો પ્રકાશ પડયો ન પડયો ત્યાં ચાલી ગયું છે તેથી અત્યંત ખેદ થાય છે. નાની વયમાં આવો સમર્થ પુરૂષ જે સમાજમાંથી જાય તે સમાજનાં કમનસીબજ સમજવા જોઇએ. તેમનો સાહિત્ય સંબંધીનો પ્રયાસ કોઇ તેમનો મિત્ર પૂર્ણ આકારે પ્રકટ કરશે તો સમાજપર ઉપકાર થશે. ગૂજરાતી સાહિત્યમાં જેમ સ્વ૦ રણુજીત રામથી ખોટ પડી છે તેવીજ રીતે જૈન સાહિત્યમાં સ્વ. ચિમનલાલથી ખામી આવી છે. બંને વીરોના સદ્ગુણો અને સાદાઇ એક સરખા હતા.

શ્રીયુત દલાલનો આત્માને શાંતિ મળો અને તેવા વીરો આપણી સમાજમાં અનેક પ્રગટો એવી પ્રભુપ્રત્યે પ્રાર્થના આપણે સૌએ કરવી ઘટે છે.

—મોહનલાલ દ. દેસાઇ.

## स्व० बाबु दयाचंद गोयलीय बी. ए.

'જાતિ પ્રબોધક' નામનું પત્ર હિન્દીમાં દરમાસે કાઢી તેના સંપાદક તરીકે બાબુ દયાચંદે સારી નામના મેળવી હતી. સુધારાપર જુદી જુદી નજરથી નિર્ભય અને પ્રામાણિકપણે લેખો લખી જૈનોની જુદી જુદી જાતિઓ કેમ એકત્ર થઇ શકે, વહેમો અને કુરિવાજો કેમ દૂર થાય અને નવીન પ્રકાશથી પ્રાચીન સભ્યતાનું મેલન કેટલી સ્વતંત્રતાથી કરી શકાય તે માટે આ નરવીરે સમાજનું પણ ધ્યાન ખેંચ્યું હતું. ભાષણ કર્તા તરીકે તેમની બોલવાની છટા અસરકારક અને પ્રભાવશાળી હતી. જૈન તરીકેનું અભિમાન રગે રગમાં વહેતું હતું, અને પોતાના સુધારક તરીકેના કાર્યમાં તેને અટલ વિશ્વાસ હતો. જીવ દયા સંબંધી કેટલાંક ચોપાનિયાં લખી તે હિલચાલ ઉપાડી હતી. રાજ્યસુધાર અને સ્વરાજ્યના વાદી હતા. સામાન્ય રીતે સ્વતંત્રતા દેવીના ઉપાસક, નિર્ભીક વ્યાખ્યાનદાતા, જાતિ સુધારક હતા. તેમણે F.A.ની પરીક્ષા બનારસમાં પાસ કરી જયપુર મહારાજા કૉલેજમાંથી B.A.ની પરીક્ષા પસાર કરી હતી. વિદ્યાર્થી દશામાં તેમણે 'ભારતવર્ષીય જૈનશિક્ષા પ્રચારક સમિતિ'ના પરીક્ષા વિભાગનું કામ સારી રીતે ચલાવ્યું હતું અને વિદ્યાર્થીઓને શિખવાયોગ્ય ચાર ભાગમાં એક પુસ્તક લખ્યું હતું કે જેની એક લાખ નકલ લગભગ છપાઇ ચૂકી છે. બી. એ. પછી સરકારી હાઇસ્કૂલમાં બીજા માસ્તર તરીકે રહ્યા હતા ત્યાર પછી લખનૌમાં બદલી થઇ કે ત્યાંથી પોતાનું કાર્ય ક્ષેત્ર વધાર્યું. પોતાના વિચારો સુધારાના હોવાથી જુના વિચારના લોકો શ્રીમંતો તેમના પ્રત્યે ધૃણાની નજરથી જોતા હતા અને પોતાને ત્યાં થતા ઉત્સવમાં નિમંત્રણ પણ આપતા નહિ-છતાં બાબુજીનો ઉત્સાહ જરા પણ ઓછો થયા વગર 'જાતિ પ્રબોધક' નામનું માસિક નિયમિત કાઢી કુરિવાજો અને પરતંત્રતાની બેડીથી સમાજમાં નિપજેલાં ભયંકર પરિણામો દૂર કરવા માટે દલીલથી ભરેલા શાસ્ત્રના પ્રમાણ સહિત લેખો લખી પોતાનું કાર્ય પ્રેમથી બજાવતા હતા. પોતે દિગંબરી હોવા છતાં સર્વ સંપ્રદાયો પ્રત્યે માન રાખતાં અને બધા સંપ્રદાયોવાળા મહાવીરનાં સંતાનો છે, તેમાં કંઇ પણ ભેદ ભાવ હોવો ન જોઇએ અને તેઓ એકજ છે, એકત્ર હોવા કે થવા જોઇએ એવો દૃઢ નિર્ણય રાખી કાર્ય કરતા. આવા ઉત્સાહી કાર્ય કરનાર ઇન્ફલુએન્ઝાના જીવલેણ રોગો હમણાંજ ઝડપી લેવાથી જૈન સમાજ અને ખાસ કરી દિગંબરી સમાજને ખોટ પડી છે કે જે પૂરાવી મુશ્કેલ છે. તેમના આત્માની સદ્ગતિ થાઓ!

—મોહનલાલ દ. દેસાઇ.

# सुकृत भंडार.

તા. ૨૬-૯-૧૮થી ૩-૧૧-૧૮ સં.૧૯૭૪ના ભાદરવા વદ ૬થી આસો વ. ૦))મ

વસુલ આવ્યા રૂા. ૫૫૭-૧૨-૦.

ગયા માસ આખરના બાકી રૂા. ૪૫૫૬-૩-૪

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ (મારવાડ).
ધનારી (પાછળથી) ૦૧) જોધપુર, ૨૧ ફલોધી, ૩૮। નાગોર, ૧૬। બીકાનેર, ૬ લોહવટ, ૪૭। બાડમેર ૮ કુલ રૂા. ૧૧૦-૦-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ (સુરત જીલ્લો.
સીસોદરા, મી. ૫૫। કાલીયાવાડી ૨૪। મુનસાડ, ૭ ચંદવાસણ,૨॥ ખડસુપા, ૧૩ અષ્ટગામ, ૫૨ નવાતલાવ, ૪ પારડી, ૦॥ સરપોર, ૫ સાતેમ, ૩૨ ગણદેવા, ૩ નોગામ, ૧૮॥ ટાંકેલ, ૧૭॥ દોણજા,૦॥ ફડવેલ, ૧૮, અમલધરા, ૧૭ તલાવચોરા,૧) ગેજ, ૩। અટગામ, ૧૮॥ વાગલધરા, ૩॥ ઉંડાચ, ૦। કુલ રૂા.૨૯૭-૪-૦

(૩) આગેવાનોએ પોતાની મેળે મોકલ્યા:—
**માલેગાંવ**—શેઠ બાલચંદ હીરાચંદ, ૮। **લીંબડી** સંઘસમસ્ત હ.શેઠ ઉમેદભાઇ નાનચંદ ૫રી, ૧૦૧. કુલ રૂા. ૧૦૯-૪-૦

(૪) મુંબઈના ગૃહસ્થોના વસુલ આવ્યા, ૩૧. કુલ રૂા. ૩૧—૦-૦

(૫) **શેઠ પાશવીર મુળજી લોડાયા—મુંબઈ**વાળાના રૂા. ૫૧) આ ફંડ ખાતે અનામત છે તેના સં. ૧૯૭૪ ની સાલના વ્યાજના રૂા. ૩। કુલ રૂા. ૩-૪-૦

એકંદર કુલ રૂા. ૫૧૧૩-૧૫-૪

---

તા. ૪-૧૧-૧૮ થી ૩૧-૧૨-૧૮ સં. ૧૯૭૫ કારતક શુ. ૧ થી માગશર વદ ૧૩ સુધી.

વસુલ આવ્યા રૂા. ૭૨૦-૧૦-૦.

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ (પાલણપુર) માલવણ ૭ કુલ રૂા. ૭-૦-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ (સુરત જીલ્લો ચાલુ)
કનસાડ, ૬॥ શીમલગામ, ૧ ભાઠા, ૨ નડોદ, ૧૬॥ મરોલી સ્ટેશન, ૪૧। હાંસેલ, ૩૫ કુપલેથા, ૪। મઢી, ૯॥ બારડોલી, ૮૦ વ્યારા, ૪૫ માંડવી, ૨૩॥ તરશાડા, ૨ કડોદ, ૫૫ ખોજપારડી, ૪ મોતા, ૧૩ શેવણી, ૬ દેલાડ, ૩ વાંઝ, ૩૪। બહુધાન, ૬૦। રૂઢી, ૮। વરાડ, ૨૨ એના, ૫ મલેકપોર, ૫॥ પુણી, ૭ અંભેટી, ૮ સુપા (૧૧-૨૫-૩૬ સરભોણ ૩૪॥ વડોલી ૧૦ કુલ રૂા. ૫૭૭-૪-૦

(૩) આગેવાનોએ પોતાની મેળે મોકલ્યા—

વાંકાનેર ( કાઠિયાવાડ ) સંઘસમસ્ત હ. શેઠ હરીભાઇ મકનજી, ૨૫ા
શીશોદરાના શેઠ ગોવીંદજી અમરાજી, ૨ રાણપુર સંઘ સમસ્ત હ. શેઠ
નાગરદાસ પુરૂષોત્તમ ૩૬ાાન્ રંગુનના શેઠ નાથાલાલ ડાહ્યાભાઈ ૭૨ા કુલ રૂા. ૧૩૬-૬-૦

એકંદર કુલ રૂા. ૭૨૦-૨૦-૦

## સુકૃત ભંડાર ફંડ.

જાન્યુઆરી ૧૯૧૯. સં. ૧૯૭૫ ના માગશર વદ ૧૪ થી પોસ વદ ૦)) સુધી.

વસુલ આવ્યા રૂા. ૬૬૧-૫-૦

ગયા માસ આખર સુધીના બાકી રૂા. ૭૨૦-૧૦-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ ( પાલણપુર )
પાલણપુર, ૧૧૪ા~ મજાદર, ૯ મેતા, ૩૫ાા કુલ રૂા. ૧૫૯-૧-૦

(૨) ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ ( સુરત જીલ્લો )
મહુવા, ૨૧ કરચેલીઆ, ૬૨ાા અલુ, ૫ વાંકાનેર. ૩૩ શેજવાડ, ૨૦
બાજીપુરા, ૪૧ બુટવાડા, ૦ાા વાંલોડા, ૩૧ બુહારી, ૧૦૩ વાંસદા ૬૩ાા વાં-
ઝણા, ૫ાા ખરોલી, ૯ દેગામ, ૧૦ાા આલીપુર, ૮ ગણદેવી ૨૫ા કુલ રૂા. ૪૩૯-૪-૦

(૩) આગેવાનોએ પોતાની મેળે વસુલ કરી મોકલ્યાઃ—
તેલ્હારા શેઠ હરખચંદ ગુલાબચંદ, ૬ કલકત્તા-રા. રા. અમૃતલાલ
માવજી, ૬ કુલ રૂા. ૧૨-૦-૦

(૪) સુજાનગઢ (નવમી) કૉન્ફરસ વખતે દર વર્ષે આપવા કહેલ તેમના આવ્યાઃ—
શેઠ રાવતમલજી સીપાણી બીકાનેર વાળા હાલ કલકત્તા સં. ૧૯૭૧ થી
૧૯૭૫ સુધીના પાંચ વર્ષના રૂા. ૫) કુલ રૂા. ૫-૦-૦

(૫) મુંબઇના ગૃહસ્થોના વસુલ આવ્યા રૂા. ૧૬ કુલ રૂા. ૧૬-૦-૦

એકંદર કુલ રૂા. ૧૩૫૧-૦૧૫-૦

### ઑન. મી. પટેલના લગ્નના બીલ સંબંધે ધી. જૈન એશોશીએશન ઓફ ઇન્ડીઆએ કરેલો-ઠરાવ.

ઉપરોક્ત બીલના સંબંધમાં-એશોશીએશનની એક જનરલ મીટીંગ તા. ૨૩-૧-૧૯ ની સાંજે રા. રા. બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે વખતે નીચેનો ઠરાવ નામદાર સરકાર તરફ મોકલી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઠરાવ. ઑન. મી. પટેલના બીલ માટે ધી જૈન એશોશીએશન ઓફ ઇન્ડીઆ સહાનુભૂતિ આપી શકતી નથી.

# हालना पत्रकारोने बे बोल.

જાહેર પત્ર ચલાવનારા અને તેમાં લેખ પ્રકટ કરનારા પત્રકારો માટે ઘણી જબરી જોખમદારીઓ રહેલી છે. તે જોખમદારી બરાબર જાળવવા અને પાળવા માટે શુદ્ધ નિષ્ઠા સત્ય જ્ઞાન અને પવિત્ર અંતઃકરણની ખાસ જરૂર છે. આ ત્રણ સદ્‌ગુણો વગરના પત્રકારો એ સમાજના ભયંકર દુશ્મનો, અવળે રસ્તે ચાલનારા અને સમાજ રથને તોડી પાડનારા થાય છે.

વર્તમાન પત્ર એ માત્ર વર્તમાન એટલે સમાચાર આપીને શાન્તિ પકડનારૂં પત્ર નથી પરંતુ તે તો દરેક વર્તમાન કે બનાવ ઉપર તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો એક પછી એક લઇ તેના પર વિચાર કરી તેનું નિરાકરણ કરનારૂં પ્રબલ સાધન છે. એવું નિરાકરણ કરવામાં અંગત દ્વેષને તિલાંજલીજ આપવાની છે.

છાપું એ મહાભારત અંજીન છે અને તે ઉપરાંત એક ઉમદા ખવાસથી વાપરવા યોગ્ય હથીયાર છે. તે ખાનગી જીવનની પવિત્ર હૃદય ભાવનાને મલીન કરવા માટે યા તો કોઈ મનુષ્યની આબરૂને હલકી પાડવા માટે વાપરવાનું કે ઉગામવાનું નથી. વિદ્યુત્ શક્તિના પ્રબળ બળને એકાત્રત કરી તૈયાર કરવામાં આવતું એજીંન, મનુષ્યના વ્યવહારને પૂરા પાડનાર મહાન્ ઉપયોગી સાધન તરીકે વાપરવામાં આવે છે, તેવી જ રીતે સમાજ કે દેશના વ્યવહાર સુવ્યવસ્થિત અને ઉપયોગી થાય તેવી રીતે પત્રકારોએ પોતાની સર્વ સુન્દર શક્તિઓને એકત્રિત કરીને તે દ્વારા પોતાના પત્રને ચલાવવું ઘટે છે.

આ કઇ રીતે થાય તે માટે અત્રે એ સૂચવવાનું કે ગચ્છ ગચ્છની મતમતની જ્ઞાતિ જ્ઞાતિની દુશ્મનાવટ (Sectarian or racial animosity) પ્રેજ્વલિત ન થાય, દરેક ઉપયોગી સંસ્થાના કાર્ય ઠરાવ કે ધોરણ પ્રત્યે તેમાં સુધારા કરવા યોગ્ય તત્ત્વપર દષ્ટિ રાખી તેમાં અનિષ્ટત્વજ ભર્યું છે એવા પ્રાથમિક અભિનિવેશને દેશવટો આપે (detecting bad in any of the acts of institutions), અવિવેક કે કે અમર્યાદા ન દેખાય (lack of coartesy), ગમે તેના પર બીન જોખમદાર હુમલા (irresponsible attacks) ન થઈ જાય, દલીલને બદલે કાદવ ન ફેંકાય, સમભાવ અને ઉદાર ભાવની સામાન્ય ઉણપ (General want of temperance and charity) જરા પણ પ્રકટ ન થાય એવી જાતના લેખો અને ચર્ચાપત્રોને સ્થાન આપવું જોઇએ.

# નિક્ષેપ સ્વરૂપ.

લેખક—મોહનલાલ દ૦ દેશાઇ. B. A. L. L B.

૧.

પ્રથમ શ્રી વિજયલક્ષ્મી સૂરિકૃત નિક્ષેપોનું ટુંક સ્વરૂપ દર્શાવનાર શ્રી મલ્લિનાથ સ્તવન મંગલાચરણરૂપે મૂકીએ:—

( પાંડવ પાંચે વાંદતા—એ દેશી )

મલ્લિજિન ત્રિભુવન પતિ, પ્રભુ સકલ પદાર્થ રૂપ રે;
ચાર નિક્ષેપે વર્ણવે, અનેકાંત ભૂમિના જે ભૂપ રે.
અનુપ સ્વરૂપ, અનંત ગુણ આગર શમ કૂપ રે— ૧
જીવ અજીવ ઉભય તણો, સંકેતન માત્ર જે શબ્દ રે;
તદર્થ વિણ વર્ત્તે સદા, મતિ નામ નિક્ષેપે એ લબ્ધ રે— અનુપ. ૨
સદર્થ વિરહિત આકૃતિ, સાકાર નિરાકાર ભેદ ર;
ચિત્ર અક્ષાદિકમાં સહી, સ્થાપના નિક્ષેપ અછેદ રે— અનુપ. ૩
ભૂત ભાવી જે ભાવનો, હેતુ તે દ્રવ્ય નિક્ષેપ રે;
નિરૂપયોગ અથવા સહી, હોવે ત્યાં દ્રવ્ય આક્ષેપ રે— અનુપ. ૪
મૂલ અર્થમાં પરિણમ્યો, અનુભવન ક્રિયાનો તે ભાવ રે;
પરમ અર્થમય ગુણ વદે, એહ તુરિય નિક્ષેપનો દાવ રે— અનુપ. ૫
નામાકાર દ્રવ્ય ત્રણ કહ્યા, એક ભાવના સાધન હોય રે;
ભાવ તે કારજ શુદ્ધ છે, તેહસ્યું ગુણીને રઢ હોય રે— અનુપ. ૬
સર્વ પદાર્થ વિશ્વમાં, હોય ચાર પર્યાય સંયુક્ત રે;
પૂર્ણ ગ્રાહક તે જિન મતિ, જ્યાં નહિ એકાંત મતિ યુક્ત રે—અનુપ. ૭
નામથી મલ્લિજિન પ્રભુ, સ્થાપનાર્થ તુજ પ્રતિબિંબ રે;
છદ્મસ્થ ભાવે દ્રવ્યથી, પ્રગટે સ્થિતિ ભાવાલંબ રે— અનુપ. ૮
તુજ આગમ થકી મતિ લહી, ગ્રહ્યો ચઉવિધ આતમરામ રે;
સૌભાગ્યલક્ષ્મી સૂરિ પ્રતે, પ્રગટે શુભ યશ સુખ ધામરે— અનુપ. ૯

જે પદાર્થ જેવી રીતે અવસ્થિત છે—રહેલા છે તવી રીતે તેનું હોવું તેનું નામ 'તત્ત્વ' છે. 'તત્ત્વ' એ નામમાં સાત તત્ત્વનો સમાવેશ થાય છે:—

जीवाजीवास्रवबंध संवर निर्जरामोक्षास्तत्त्वम् ।

—તત્ત્વાર્થાધિગમ સૂત્ર.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે ( અહીં 'તત્ત્વમ્' એમ એક વચન કહ્યું છે. 'તત્ત્વાનિ' એમ બહુ વચન નથી. ) તેથી 'તત્ત્વ'માં સાતે તત્ત્વનો અંતભાવ થાય છે.

હવે આ સાતે તત્ત્વોનો ન્યાસ નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવ-એ ચારથી થાય

છે.[1] ન્યાસ એટલે વિસ્તારથી લક્ષણ અને વિધા (ભેદ સંખ્યા આદિ) થી જ્ઞાન થવાને માટે જે વ્યવહારો પયોગ છે તે. તેનું બાજું નામ નિક્ષેપ છે. આ ચારને 'અનુયોગ દ્વાર' પણ કહેવામાં આવે છે કારણ કે તેના દ્વારા અનુયોગ–જ્ઞાન થાય છે તાત્પર્ય કે નામ આદિ નિક્ષેપોથી ન્યસ્તજીવાદિ પદાર્થોનો બોધ પૂર્ણરૂપે થાય છે. નામના બીજા સમાનાર્થક પર્યાયો સંજ્ઞા, કર્મ આદિ છે.

ચાર નિક્ષેપ એ વસ્તુના સ્વપર્યાય છે.[2] કારણ કે ચાર નિક્ષેપ છે. તે વસ્તુમાં સહેજ ભાવે રહેલા છે અને તે વસ્તુમા અભિન્નરૂપે વર્ત્તે છે. વસ્તુમાં અનેક નિક્ષેપ છે પણ ઉપરોક્ત ચાર તો અવશ્યમેવ છે. [3]અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યું છે કે જ્યાં જે વસ્તુના જેટલા નિક્ષેપો (નામ સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ આદિ) હોય ત્યાં તે વસ્તુના તેટલા નિક્ષેપો જાણવા. આપણી બુદ્ધિ શક્તિ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી નિક્ષેપોનો વિસ્તાર છે; કદાચિત્ વધુ નિક્ષેપો બુદ્ધિમાં ન આવે, તોપણ ચાર નિક્ષેપો અવસ્ય કરવા. કારણ કે આ ચારે નિક્ષેપો સર્વ વ્યાપક છે. કોઇ પણ વસ્તુ એવી નથી કે જ્યાં નામ, સ્થાપના, દ્રવ્ય,ભાવ એ ચારનો વ્યાભચાર થાય. વસ્તુમા આપણે અનેક રીતે આરોપણ કરી શકીએ છીએ અને તેથી અનેક નિક્ષેપ નિપજે છે. નિક્ષેપ એટલે આરોપણ (attribution). વસ્તુ માત્રને અમુક આકાર, અમુક ગુણો–અમુક લક્ષણો અમુક ભાવ, હોય છે અને તેને અમુક નામ આપી શકીએ છીએ; તે ઉપરથી આપણે દરેક નિક્ષેપપર સામાન્ય રીતે આવીએઃ—

૨

**નામ નિક્ષેપ**—[4] વસ્તુ માત્રને તેના આકાર તથા ગુણની કાંઇ અપેક્ષા વગર નામ થકી બોલાવવી તે. આવી રીતે બોલાવવું તે લોક વ્યવહાર પ્રવૃત્તિને અર્થે છે. જીવને નામ નિક્ષેપે જોઇએ તો તે નામ જીવ થાય છે. જેમકે એક લાકડાના કટકાને 'જીવ' એ નામ આપીએ તો તે નામ જીવ કહેવાય કાળા રંગના દોરડાને કોઇ સર્પ કહે તો તે નામ સર્પ કહેવાય. કોઇ મૂર્ખ મનુષ્યને ''મતિસાગર' કહીએ તો તે નામ મતિસાગર કહેવાય.

---

१ नामस्थापना द्रव्यभावतस्तन्न्यासः—तत्त्वार्थाधिनामसूत्रम्.

तत्त्वार्था खल्वमी नाम स्थापना द्रव्यभावतः ।
न्यस्यमाना नयादेशात्प्रत्येकं स्युश्चतुर्विधाः ॥

—તત્ત્વાર્થસાર.

२ चत्तारो वथ्थूपज्जाया—विशेषावश्यक भाष्य.

३ जथ्थय जं जाणिज्जा निखेवं निखिवे निरवसेसं ।
जथ्थ वि य न जाणिज्जा चउक्कगं निक्खिवे तथ्थ ॥ अ. सूत्र.

४ या निमित्तान्तरं किंचिदनपेक्ष्य विधीयते ।
द्रव्यस्य कस्यचित् संज्ञा तन्नाम परिकीर्तितम् ॥

અર્થ—બીજા કોઈ નિમિત્તની અપેક્ષા રાખ્યા વગર કોઈ પણ દ્રવ્યની જે સંજ્ઞા રાખવામાં આવે તેને નામ (નિક્ષેપ) કહેલ છે —તત્ત્વસાર.

अतद्गुणे वस्तुनि संव्यवहारार्थं पुरुषाकारान्नियुज्यमानं संज्ञा कर्म नाम । સર્વાર્થ સિદ્ધિ.

આવી રીતે ઘણાં પદાર્થોનાં જુદાં જુદાં નામ પડી જાય છે. જેવી રીતે સિદ્ધ વડ, સિદ્ધ શિલા, વગેરે.

અહીં 'ગુણ' ની અપેક્ષા વગર એમ કહ્યું છે તેમાં 'ગુણ' શબ્દથી દ્રવ્ય, કર્મ, જાતિ એ સર્વનું ગ્રહણ થાય છે. તેમાં જાતિદ્વાર એટલે જેવી રીતે ગૌ જાતિ, અર્થ જાતિ, ઘટ જાતિ વગેરે છે તે; ગુણ દ્વાર જેવી રીતે કોઇનો ધવલ (ધોળો) ગુણ જોઇને તે દ્વારા તેને ધવલ કહીએ તે; કર્મ દ્વાર જેવી રીતે ચાલનારને ચાલતો કહીએ તે; દ્રવ્ય દ્વાર જેવી રીતે કુંડલ દ્રવ્ય પહેરનારને કુંડલી કહીએ તે, તથા દંડ હાથમાં લેનારને દંડી કહીએ તે. આ બધા વિના, વક્તાની ઇચ્છાથી વસ્તુનું નામ અપાય તેને નામ નિક્ષેપ કહીએ. જેવી રીતે પુરૂષનું હાથીભાઇ, સિંહ વગેરે નામ રાખ્યું ત્યાં હાથી તથા સિંહના દ્રવ્ય, ગુણ. ક્રિયા, જાતિ કંઇ પણ નથી, ફક્ત ત્યાં વક્તાની ઇચ્છા પ્રધાન છે.

અહીં કોઇ એમ પ્રશ્ન કરે છે નામનો વ્યવહાર અનાદિ રૂઢ છે જેમકે જાતિ એવું જાતિનું નામ, ગુણ એવું ગુણનું નામ, કર્મ એવું કર્મનું નામ, ઇત્યાદિ નામો અનાદિ રૂઢ નથી તો શું છે? આનો ઉત્તર એ કે અનાદિથી વક્તા છે અનાદિથી એ નામ છે. પ્રધાન ગુણપણાનો જ્યાં વિશેષ છે, ત્યાં વક્તા વસ્તુના ગુણ આદિને પ્રધાન કરી કોઇનું નામ આપે તો ત્યાં તે હેતુથ. તે નામ જાણવું; પરંતુ જ્યાં પોતાની ઇચ્છાજને પ્રધાન કરવામાં આવે છે, અને ગુણાદિકનો આશ્રય લેવામાં આવતો નથી ત્યાં નામ નિક્ષેપ જાણવો. વળી બૌદ્ધમતિ એમ કહે છે કે નામમાં વક્તાની ઇચ્છાજ કારણ છે, ગુણાદિક તે વસ્તુનો નિજ સ્વભાવ નથી પણ કલ્પિત છે, તે બહુ અયુક્ત છે, કારણ કે ગુણાદિક તો પ્રતીતિ સિદ્ધ છે અને પ્રતીતિનો લોપ કરવો તે પ્રમાણ નથી.

વસ્તુને વિષે અન્ય વસ્તુ સાથે જે સમાન પરિણામ છે તેનું 'જાતિ' કહેવામાં આવે છે, જેમકે ગૌ જાતિથી સર્વ ગૌ સમાન છે; ગુણ પર્યાયના આશ્રયને 'દ્રવ્ય' કહેવામાં આવે છે, જેમકે પીતતા આદિ ગુણ, અને કુંડલ આદિ પર્યાયનો આશ્રય જે સુવર્ણ તે દ્રવ્ય છે; આમાં પીતતા આદિ છે તેને 'ગુણ' કહેવામાં આવે છે, અને ક્રિયાને 'કર્મ' કહેવામાં આવે છે જેમકે ચાલનારને ચાલતો કહેવામાં આવે છે. આ બધું પ્રતીતિ સિદ્ધ છે.

**સ્થાપના નિક્ષેપ**[1] એટલે કોઇ પદાર્થનો આકાર જોઈ તેમાં તેજ પદાર્થનું આરોપણ કરવું તે. જેવી રીતે પથ્થર અને લાકડામાંથી હાથી, ઘોડા વિગેરેનાં ઘણાં પુતળાં બનાવવામાં આવે છે, એ ફક્ત હાથી અને ઘોડાનો આકાર જોઇ પથ્થર અને લાકડામાં હાથી અને ઘોડાનું આરોપણ કરવું એજ છે; અને જ્યારે પથ્થર કે લાકડામાંથી બનાવેલું હાથીનું પુતળું હોય છે તેને આપણે હાથી કહી બોલાવીએ છીએ, તેથી તેમાં નામ નિક્ષેપનો પણ સમાવેશ થાય છે.

---

૧ सोऽयमित्यक्षकाष्ठादेः संबंधेनात्यवस्तुनि ।
यद् व्यवस्थापनामात्रं स्थापना साभिधीयते ॥

**અર્થ**—અક્ષ, કાષ્ઠ આદિના સંબંધવડે બીજી વસ્તુમાં તે (દ્રવ્યની) વ્યવસ્થાપના માત્ર કરીને તેજ દ્રવ્ય છે એમ કરવામાં આવે તેને સ્થાપના કહેવામાં આવે છે.

—તત્ત્વસાર.

**દ્રવ્ય નિક્ષેપ**[૬] એટલે કોઈ પદાર્થનું નામ હોય,તેમાં આકારની સ્થાપના પણ હોય તેમજ લક્ષણ પણ હોય, પરંતુ તેમાં આત્મિક ઉપયોગ-ભાવ ન હોય તો તેમાં તેજ પદાર્થનું આરોપણ કરવું તે. **अणुवओगो दव्वं**—(અનુયોગદ્વાર સૂત્ર)જેવી રીતે દ્રવ્યજીવ કેને કહીએ? જે જીવ હોય, અને તે નામથી તે બોલાતો હોય, તેને આકાર હોય, તેમાં જીવનાં લક્ષણો હોય, છતાં જે જીવમાં ખરો ઉપયોગ-ભાવ નામે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિકભાવ ન હોય એટલે જેને પોતાના આત્માનું આત્મસ્વરૂપ જ્ઞાન ન હોય-અજ્ઞાની જીવ હોય તેને દ્રવ્ય જીવ કહીએ.

વળી **भूतस्य भाविनो हि यत्कारणं तत् द्रव्यं** ભૂત કાર્યનું જે કારણ હોય અને ભાવી કાર્યનું જે કારણ હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમકે માટી એ ભાવીઘટનું કારણ છે અને ઠીંકરા એ ભૂત ઘટનાં કારણ કે, કારણ કે તેથી ઘટનું જ્ઞાન થાય છે.

[૭]**ભાવ નિક્ષેપ**—જે વસ્તુમાં નામ, આકાર, લક્ષણ, અને ગુણ-ભાવ-ઉપયોગ હોય તે. દાખલા તરીકે જે જીવમાં નામ, આકાર, લક્ષણ અને ઔપશમિકાદિ ભાવયુક્ત ઉપયોગ હોય તો તે ભાવજીવ છે; અને આજપરથી જીવના સંસારી અને મુક્ત એમ ભેદ પડયા છે.

**ભાવ નિક્ષેપ એ શુદ્ધ નિક્ષેપ છે અને ભાવ નિક્ષેપ વગર નામ, સ્થાપના તથા દ્રવ્ય એ ત્રણે નિક્ષેપ અશુદ્ધ છે; અને નામ, સ્થાપના તથા દ્રવ્ય એ ત્રણ નિક્ષેપ મળવાથી ભાવ નિક્ષેપ થાય છે.**

આ વાત સ્પષ્ટ કરવા ઉદાહરણ લઇએ. કાલીદોરી છે તેનામાં સાપની બુદ્ધિ રાખી સાપ કહેવો તો તે નામ સર્પ અને જો તેમાં સાપની બુદ્ધિએ હણવાનો ભાવ રાખે અને તેથી તે દોરીને હણે-કાપે તો તેથી સાપની હિંસા લાગે છે. તેવીજ રીતે ઉપવાસાદિ ભાવનગરના કરવાથી તે ફક્ત નામનું-નામ તપ છે. (આગમસાર)

સ્થાપનાથી અમુક ભાવ ઉત્પન્ન થાય છે, અને તેથીજ કહ્યું છે કે 'જ્યાં ચિત્રામણમાં સ્ત્રી ચીતરી હોય ત્યાં સાધુ રહે નહિ.' કારણ કે સ્થાપના સ્ત્રી છે તેથી કામભાવ થાય છે તો તે સ્ત્રીને સ્ત્રી તુલ્ય જાણવી; તેવીજ રીતે જિનપ્રતિમા જિન સમાન જાણવી. અહીં કોઇ કહેશે કે સ્થાપનામાં જ્ઞાનાદિ ગુણ નથી-ઉપયોગ નથી તેથી સ્થાપનાને માનવી કે પૂજવી નહિ. આંના ઉત્તરમાં જણાવવાનું કે સ્થાપનારૂપ સ્ત્રીમાં સ્ત્રી

---

६ भाविनः परिणामस्य यत् प्राप्तिं प्रति कस्यचित् ।
स्याद्गृहिताभिमुख्यं हि तद् द्रव्यं ब्रुवते जिनाः ॥

**અર્થ**—કોઇ પણ ભાવી-ભવિષ્યના પરિણામની પ્રાપ્તિ કરવા પ્રત્યે જે કંઇ મુખ્યરીતે ગ્રહણ થાય તેને જિન ભગવાન્ દ્રવ્ય કહે છે.

—તત્ત્વસાર.

૭ वर्तमानेन यत्नेन पर्यायेणोपलक्षितम् ।
द्रव्यं भवति भावं तं वदंति जिनपुंगवाः ॥

**અર્થ**—જે દ્રવ્ય વર્તમાન પર્યાયને ઉપલક્ષીને યત્નથી દ્રવ્ય ભાવ થાય છે તેને જિનેશ્વરો ભાવ કહે છે.

પણાના ગુણ નથી, છતાં તે વિકારનું કારણ થાય છે, તેમજ જિનપ્રતિમા પણ ધ્યાનનું કારણ છે. વળી કોઈ એમ પૂછે કે તે પ્રતિમાને પૂજતાં હિંસા થાય છે, જ્યારે ભગવંતે તો દયાને-અહિંસાને ધર્મ કહ્યો છે. તો તે પૂછનારને એમ કહી શકાય કે પ્રદેશી રાજા કેશી ગુરૂને વંદનાર્થે બીજે દિવસે મોટા આડંબરથી આવ્યો તો તે વંદનામાં હિંસા થઇ, પરંતુ લાભ કારણ ગણતાં તેમાં હાનિ ન થઈ. તેવીજ રીતે મલ્લિનાથ ભગવાને છ મિત્ર પ્રતિબોધવાને પુતલીનું દૃષ્ટાંત કહ્યું અને તેમાં હિંસા તો ઘણી થઈ, પણ તે લાભના કારણમાં ગણી છે. તાત્પર્ય કે ભાવ જો શુદ્ધ હોય તો તેમાં હિંસા લાગતી નથી. અથવા એવીજ રીતે કોઇ એમ કહે કે અમો ઘેર બેઠાં બેઠાં ભગવાનના સ્તવનરૂપ શક્રસ્તવ (નમોત્થુણં) કહીશું તો અમને લાભ થશે. તો તેના ઉત્તરમાં કહેવાનું કે એ ખરૂં છે, પરંતુ ભગવતીસૂત્રમાં ભગવાનને વંદનાના અધિકારમાં ભગવાન્ પાસે જઇ વંદના કરવાનું ફલ મ્હોટું કહ્યું છે, તથા નિક્ષેપોના અધિકારમાં એમ કહ્યું છે કે ભાવ નિક્ષેપ એકલો થાય નહિ, પણ નામ, સ્થાપના તથા દ્રવ્ય એ ત્રણ મળ્યા હોય ત્યારે ભાવનિક્ષેપ થાય.

આવી રીતે દ્રવ્યનિક્ષેપના સંબંધમાં જાણવું. દ્રવ્યનિક્ષેપ ભાવનિક્ષેપ વગર સિદ્ધિને આપનાર નથી. દ્રવ્ય તે ભાવનું કારણ છે.[૮] વળી ભાવવિના દ્રવ્યપણું પુણ્યનું કારણ છે, પરંતુ મોક્ષનું કારણ નથી. આને માટે દૃષ્ટાંત લઇએ. ઉપવાસ આયંબિલ આદિ જે કરણીરૂપ તપસ્યા છે તે જો જીવ અજીવ પદાર્થની સત્તા ઓળખ્યા વગર થતી હોય તો તે કષ્ટ તપસ્યા છે, અને તેવી તપસ્યા કરનારને ભગવતીસૂત્રમાં અવ્રતી તથા અપ્રત્યાખ્યાની કહ્યા છે. તેવીજ રીતે જ્ઞાનવગર જે એકલી બાહ્ય કરણી કરે છે અને પોતે સાધુ કહેવાય છે તે મૃષાવાદી છે એ। ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે[૯] જે અજ્ઞાની છે. તે મિથ્યાત્વી છે; જે જ્ઞાની છે તે મુનિ છે. કોઈ એમ કહે કે ગણિતાનુયોગના નરકદેવતાના બોલ-તે સંબંધી હકીકત અને શ્રાવકનો આચાર જાણીને કહે કે અમે જ્ઞાની છીએ, તો તે મૃષા છે; તેઓ જ્ઞાની નથી. જ્ઞાની તો તેને કહિયે કે જે દ્રવ્યગુણ પર્યાયને જાણે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના મોક્ષમાર્ગમાં કહ્યું છે કે—

**एयं पंच विहाणानां दव्वाणय गुणाणय ।**
**पज्झवाण सव्वेसिं नाणं नाणी हि दंसियं ॥**

**અર્થ**—એ પાંચ પ્રકારનાં દ્રવ્ય, ગુણ, અને પર્યાય એ સર્વનું જાણવું તે જ્ઞાનીએ જ્ઞાન કહ્યું છે.

અર્થાત્ વસ્તુસત્તા જાણ્યા વગર જ્ઞાની થઈ શકાય નહિ; અને નવતત્ત્વને ઓળખ્યા વગર સમ્યક્ત્વી થઈ શકાય નહિ. આવા જ્ઞાન અને દર્શન (સમ્યક્ત્વ) વગર જો કોઇ કહે કે અમે ચારિત્રવાન્ છીએ તો તેઓ પણ મૃષાવાદી છે; કારણ કે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર મધ્યે કહ્યું છે કેઃ—

---

૮**भावस्यहि कारणं तु यल्लोके तत् द्रव्यं.**

૯**न मुणीरन्नवासेणं, नाणेण य मुणी होइ**-(ઉત્તરાધ્યયન)અર્થાત્-અરણ્યવાસથી મુનિ નથી થવાતું, પણ જ્ઞાનથીજ મુનિ થવાય છે.

**नाणं दंसण नाणं नाणेण विना न हुंति चरणगुणा ।**

**અર્થ**—દર્શનથી થયેલું જ્ઞાન તે જ્ઞાન છે. જ્ઞાન વગર ચરણગુણ–ચારિત્રગુણ પ્રાપ્ત થતા નથી.

માટે આજ કેટલાક જ્ઞાનહીન ક્રિયાનો આડંબર દેખાડે છે, તે ઠગ છે. તેનો સંગ કરવાનો નથી. આવી બાહ્યકરણી તો અભવ્ય જીવને પણ પ્રાપ્ત થાય, તેથી બાહ્યકરણી પર રાચવું નહિ, અને તેથીજ આત્માનું સ્વરૂપ ઓળખ્યા વગરની કરેલી સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આદિ બાહ્યકરણી કરવી તે સર્વ દ્રવ્યનિક્ષેપ છે, પુણ્યાશ્રયી છે પણ સંવર નથી. શ્રી ભગવતી સૂત્ર પ્રમાણે **आया खलु सामाइयं**–આત્મા પોતેજ નિશ્ચયે સામાયિક છે.[10] તેવીજ રીતે જીવસ્વરૂપ જાણ્યા વગર તપ, સંયમ, પુણ્ય–પ્રકૃતિ તે દેવતાના ભવનું કારણ છે. ( મોક્ષનું નથી ); તથા જે ક્રિયાલોપી છે, આચાર હીન છે અને જ્ઞાનહીન છે, પરંતુ માત્ર ગચ્છની લાજે સિદ્ધાંત ભણે વાંચે છે, વ્રત પચ્ચખાણ કરે છે તે પણ દ્રવ્યનિક્ષેપ છે.

**इमे समयगुणमुक्क, योगी छकाय निरणुकंपा । हयाइवदुद्दामा । गया इव निरंकुसा । घठामठात्तुप्पोठा । पेडुं रयाउरगणा जिणाणं । आणाए सछंदा । विहरिऊण उभओ कालं आवस्सगस्स उवठंति तं । लोगुत्तरियं दव्वावस्सयं ॥**
—અનુયોગદ્વાર સૂત્ર.

**અર્થ**—જેને છકાયની દયા નથી, જેઓ ઘોડાની પેઠે ઉન્મદ છે, હાથીની પેઠે નિરંકુશ છે, પોતાના શરીરને ધોતાં મસલતાં ઉજળે કપડે શણગાર કરી આજ્ઞા–ગચ્છના મમત્વે માચતા સ્વેચ્છાચારી, વીતરાગની આજ્ઞા ભાંગતા જે તપક્રિયા–આવશ્યક કરે છે તે દ્રવ્યનિક્ષેપ છે–દ્રવ્યાવશ્યક છે.

વળી જેઓ જ્યોતિષ, વૈદક કરે છે અને પોતાને આચાર્ય, ઉપાધ્યાય, ( સાધુ, યતિ ) કહેવરાવીને લોક પાસે મહિમા કરે છે તે પત્રીબંધ ખોટા રૂપીઆ જેવા છે, ઘણા ભવ ભમનારા છે અને તેથી અવંદનિક છે. આની સાક્ષી માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં અનાથી મુનિનું અધ્યયન જોવું. તેવીજ રીતે જેઓ ગુરૂના મુખથી સૂત્રના અર્થ શીખ્યા વગર, નય પ્રમાણ જાણ્યા વિના, નિશ્ચયે આત્માનું સ્વરૂપ જાણ્યાવગર ઉપદેશ આપે છે તે પોતે તો સંસાર ખૂડેલાં છે એટલુંજ નહિ પરંતુ જે તેમની પાસે બેસે છે તેમને પણ સંસારમાં ખૂડાડે છે એમ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર તથા અનુયોગદ્વારસૂત્રમાં કહ્યું છે માટે બહુશ્રુત ગીતાર્થ પાસે ઉપદેશ સાંભળવો એ બોધિબીજ પામવાનું અથવા મોક્ષનું કારણ કહીએ. તે સાદિ સાંત ભાંગે છે.

જે ૭ દ્રવ્ય–જીવ અજીવાદિ છે તે સર્વમાં અસ્તિત્વાદિ ૭ ભેદે મૂળ સામાન્ય સ્વભાવ રહેલો છે, તેમાં દ્રવ્ય દ્રવ્યપ્રત્યે પોતપોતાના ગુણપર્યાયનો અસ્તિત્વાદિક ધર્મ રહેલ છે. અજીવમાં અચેતનપણું એ ધર્મ છે; અને જીવમાં કેવલજ્ઞાનાદિ અનંતગુણ અવ્યાબાધાદિ અનંત પર્યાય, નિત્યત્વાદિ અનંત સ્વભાવ, ઉત્પાદ વ્યય ધ્રુવ આદિ અનંત લક્ષણ રહેલ છે;

૧૦ **पुव्वतवेणं पुव्व संयमेणं देवलोए उवज्जंतिनो चेवणं आयसामाव वत्तव्वयाए ।** –ભગવતીસૂત્ર–એટલે કે–પૂર્વ તપથી, પૂર્વ સંયમથી દેવલોકમાં ઉત્પન્ન થવાય છે.)

પરંતુ તે સર્વ, સંસારી જીવોને તો કર્મોથી આવરિત થયેલાં હોય છે તેથી ભાવનિક્ષેપે શૂન્ય છે. નિશ્ચય સમ્યકત્વના ગુણસ્થાનથી ચોદમા અયોગી કેવલી ગુણસ્થાન પર્યંત જે જીવો વર્તે છે, તેમની તે સાધકદશા ભાવનિક્ષેપયુક્ત કહેવાય; તેમાં જેટલું કર્મોનું આવરણ આત્મસત્તાથી જતું રહ્યું તેટલો ભાવનિક્ષેપ, બાકી દ્રવ્યનિક્ષેપ છે." સિદ્ધ પરમાત્મા તો નિરાવરણ ભાવનિક્ષેપેજ **વિશેષ** સ્વભાવ ધર્મમયી છે; પરંતુ તે વિશેષમાં **સામાન્ય** સ્વભાવ પિંડપણે તથા આધારપણે—અસ્તિત્વરૂપ દ્રવ્ય પર્યાયની એકતાએ અનાદિ સંબંધથી પરંતુ અપ્રગટ ભાવે રહેલો ( કે જે દ્રવ્યનિક્ષેપ છે ) તેવું સિદ્ધ પરમાત્મામાં નથી. આ રીતે દ્રવ્યનિક્ષેપ વસ્તુગતે કહેલ છે અને તેનો અનાદિ અનંત ભંગ છે.

હવે આ ઉપરથી સિદ્ધ થયું હશે કે ભાવ વગર અન્ય સર્વ નિક્ષેપ ટુંકામાં પૂજા, દાન, શીલ, તપ, ક્રિયા, જ્ઞાન—એ સર્વ ભાવનિક્ષેપથી–સહિત લાભનું કારણ છે; મોક્ષનાં કારણ નથી. ભાવ એટલે ઉપયોગઃ-કારણ કે **उवयोगो भाव इति वचनात्**—અહીં કોઈ કહેશે કે મનના પરિણામ દ્રઢ કરીને જે કરીએ તેને ભાવ કહીએ. તો તે ખોટું છે. એવું તો સુખની વાંછાએ ઘણા મિથ્યાત્વી કરે છે, તેથી તે ભાવસહિત કરે છે એમ ન કહી શકાય. અહીં સૂત્રની સાક્ષી એ છે કે વીતરાગની આજ્ઞાએ હેય, ઉપાદેયની પરીક્ષા કરી જે અજીવતત્ત્વ, આશ્રવતત્ત્વ, અને બંધતત્ત્વ હેય છે તેનો ત્યાગભાવ, અને જીવના સ્વગુણ જે સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, અને મોક્ષતત્ત્વ ઉપાદેય છે તે ઉપર ઉપાદેય ભાવ–પરિણામ તેને ભાવ કહેવો; અર્થાત્ ટુંકામાં રૂપી ગુણ છે તે દ્રવ્યનિક્ષેપ છે અને અરૂપી ગુણ છે તે ભાવનિક્ષેપ છે. આના ઉદાહરણમાં મન, વચન, કાયાના યોગ, લેશ્યા આદિ સર્વ રૂપીગુણ દ્રવ્ય નિક્ષેપમાં છે, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય ધ્યાન પ્રમુખ સર્વ અરૂપી ગુણ ભાવનિક્ષેપમાં છે. આ ભાવમાં જે ઉપશમ, ક્ષયોપશમ ભાવ છે તે સાદિસાંત ભાંગે છે, અને ક્ષાયક ભાવ છે તે સાદિઅનંત ભાંગે છે. આ ભાવનિક્ષેપ નામ, સ્થાપના તથા દ્રવ્યનિક્ષેપ સહિત હોય. પ્રથમના ત્રણ નિક્ષેપ તે કારણરૂપ છે, અને ભાવનિક્ષેપ તે કાર્યરૂપ છે; કારણવિના કાર્ય નિષ્ફળ છે—જેવી રીતે ચક્ર, દંડ, દોરો, અને કુંભાર છે પણ માટીનાં પિંડવગર ઘડો થાય નહિ, તેવી રીતે.

( આમાં ચક્રાદિ નિમિત્ત કારણ છે અને માટીનો પિંડ તે ઉપાદાન કારણ છે ) તેવી રીતે શુભ ક્રિયા તે નિમિત્ત કારણ છે અને તે ક્યારે કે જ્યારે ઉપાદાન કારણ હોય તો. અહીં ઉપાદાન કારણ એ છે કે આત્માનું તથા અનાત્માનું જાણપણું થવું, જડ ચેતનનો વિભાગ કરતાં ઘટમાં જ્ઞાન પ્રગટવું એ સમ્યકત્વાદિ ગુણ નિષ્પન્ન કરવાનું ઉપાદાન કારણ છે. તે વિના તો શુભ ક્રિયા પણ નિમિત્ત કારણ કહેવાય નહિ. જેવી રીતે માટીનો પિંડ ( ઉપાદાન કારણ ) જ્યાં સુધી ચાક ( નિમિત્ત કારણ ) પર નથી ત્યાં સુધી ચક્રાદિ ( નિમિત્ત ) કારણ વૃથા છે.

ભાવ નિક્ષેપને નિપજાવતાં પહેલા ત્રણ નિક્ષેપ પ્રમાણ છે, નહિ તો અપ્રમાણ છે. પહેલા ત્રણ નિક્ષેપ દ્રવ્ય નય છે, એકલો ભાવ નિક્ષેપ તે ભાવ નય છે. ભાવ નિક્ષેપને અણુનિપજાવતાં એકલી દ્રવ્યની પ્રવૃત્તિ તે નિષ્ફળ છે એમ શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં લોકવિજય અધ્યયનમાં કહ્યું છેઃ—

फलमेव गुणः फलगुणः फलं च क्रिया भवति तस्याश्च क्रियायाः सम्यग्दर्शनज्ञानचारित्ररहिता या ऐहिकामुष्मिकार्थं प्रवृत्ता याः अनात्यंतिको नैकांतिको भवेत् फलं गुणोप्य गुणो भवति सम्यग्दर्शनज्ञानचारित्रक्रिया यास्त्वेकांतिका नाबाधसुखाख्य सिद्धिगुणो वाप्यते एतदुक्तं भवति सम्यग्दर्शनादिकैव क्रियासिद्धिफलगुणेन फलवत्यपरा तु सांसारिकसुख फलाभ्यास एव फलाध्यारोपान्निष्फलेत्यर्थः ॥

બીજી રીતે કહીએ, અને ચારે નિક્ષેપોમાં ઉપકારી શું છે અને તેઓમાં એક બીજા સાથે શું સંબંધ છે તે બતાવીએ. શ્રીમદ્ દેવચંદ્રજી શ્રી શાંતિનાથ જિનસ્તવનમાં સ્તવે છે કેઃ—

" સાધક તિન નિક્ષેપા મુખ્ય, વાહાલા મારા રે, જે વિણુ ભાવ ન લહિયે રે,
ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા; ભાવ વંદકનો ગ્રહિયે રે—
ભવિક જન હરખો રે, નિરખી શાંતિ જિણંદ. ૬

વિવેચનાર્થઃ—૧ નામ ૨ સ્થાપના અને ૩ દ્રવ્ય એ ત્રણુ નિક્ષેપો તે ૪ ભાવના કારણુ છે.× આ ત્રણુ નિક્ષેપ સાધક એટલે કારણુ છે; એ ત્રણુ નિક્ષેપો વિના ભાવ નિક્ષેપ થાય જ નહિ અને નામ તથા સ્થાપના એ બે નિક્ષેપો ઉપકારી કહ્યા છે. ભાષ્યને વિષે કહેલ છે કે દ્રવ્ય નિક્ષેપ પિંડરૂપ છે માટે ગ્રહવાય નહિ, અને ભાવનિક્ષેપ અરૂપી છે, તેની તે બંને નિક્ષેપ નામ તથા સ્થાપના વિના ગ્રહવાય–સેવાય નહિ, તેથી પ્રથમના બે નિક્ષેપ નામ ને સ્થાપના ઉપકારી છે.+ અને મોક્ષ સાધવામાં સંવર નિર્જરા કરવાને તો વંદકનો જે ભાવ તે ગ્રહણુ કરવાનો છે, કેમકે શ્રી અરિહંતનો ભાવ નિક્ષેપ તો અરિહંત વિષે છે, તે જો પર જીવને તારે તો કોઇ જીવને સંસારમાં રહેવું પડે નહિ; પરંતુ તે તો

× अहवा नाम ठवणा, दव्वाएं भाव मंगलं गाए ।
पाएण भाव मंगलं, परिणाम निमित्त भावाओ ॥—ભાષ્ય.

+ वत्थुसरूवं नाम, तप्पच्चयहेउओ सधम्मव्व ।
वत्थु नाणा विहाणाहो, ज्जा भावो ववि‌ज्जसो ॥
वत्थुस्स लख्खणं सं, ववहारो विरोह सिद्धाओ ।
अभिहाणाहिणाओ बुद्धिसद्धो अकिरियाय ॥
—આથી નામનું પ્રધાનત્વ થયું.

आगारो भिप्पाओ बुद्धि किरिया फलं च पाएणं ।
जह दीस ठवणाए न तहा नामेन दव्विंदो ॥
आगारभयं सव्वं सद्दवत्थु किरियाभिहाणाएं ।
आगारमयं सव्वं जमणागारा तया नत्थि. ॥
—આથી સ્થાપનાનું પ્રધાનત્વ થયું.

થતું નથી, પરંતુ આપણો ભાવ જે છે તે અરિહંતાલંબિની થાય તો મોક્ષમાર્ગ લહિયે—મળે, તે માટે સ્થાપના તથા નામના નિમિત્તથી પણ સાધકનો ભાવ સ્ફુરે. તેથી સ્થાપનાજ ઉપકારી છે. વળી સમવસરણમાં વિરાજમાન શ્રી અરિહંત તેનાં પણ નામ તથા આકાર સર્વ જીવને ઉપકારી થાય છે; તેથી તેજ છદ્મસ્થને ગ્રાહ્ય છે. નિમિત્તાવલંબી રૂપી ગ્રાહકને શ્રી જિનસ્થાપના પુષ્ટ નિમિત્ત છે. ”

૪

## નિક્ષેપના ભેદનો કોઠો.

- નામ નિક્ષેપ
  - સહજ નામ
  - સાંકેતિક નામ.
    - કૃત્રિમ
    - અકૃત્રિમ
- સ્થાપના નિક્ષેપ
  - સહજ
  - સાંકેતિક
    - કૃત્રિમ
    - અકૃત્રિમ.
- દ્રવ્યનિક્ષેપ
  - આગમથી
  - નોઆગમથી
    - જ્ઞશરીર
    - ભવ્યશરીર
    - તદ્વ્યતિરિક્ત
- ભાવ નિક્ષેપ.
  - આગમથી
  - નોઆગમથી

૧. નામ નિક્ષેપ—તેના બે ભેદ. સહજ નામ, અને સાંકેતિક નામ.

૧. સહજ નામ—જે ગુણ નિષ્પન્ન નામ અનાદિ અનંત ભાંગે સદા—સર્વદા એ વસ્તુનું એનું એજ નામ ચાલતું આવેલું અખંડિતપણે વર્તે તે.

ઉદાહરણ—૧ જીવને જીવ કહીએ, ચેતન કહિએ, આત્મા કહીએ. ૨. અજીવને અજીવ કહીએ ૩. પુદ્ગલને પુદ્ગલ કહીએ. ૪. રૂપીને રૂપી કહીએ. ૫. અરૂપીને અરૂપી કહીએ. ૬. ચતુર્ગતિ ભ્રમણને સંસાર કહીએ. ૭. તેના અભાવે મુક્તિ કહીએ. ૭. જ્યાં આકાશ દ્રવ્ય એક જ છે તેને અલોક કહીએ. ૮ બાકીનાને લોક કહીએ. ૮. સમ્યકત્વ—ચતુર્થ ગુણસ્થાનથી અયોગી ચૌદમા ગુણસ્થાન પર્યંત આત્મગુણની વ્યક્તિરૂપ સાધનાને ધર્મ કહીએ. ૯ બાકી મિથ્યાત્વ કહીએ. ઇત્યાદિ.

૨. સાંકેતિક નામ—તે કોઇકનું કરેલું—સંકેત દર્શાવવા અર્થે નામ. તેના બે ભેદ છે.

(૧) કૃત્રિમ સાંકેતિક નામ—પાડેલું નામ. જેમકે કર્મચંદ, ધર્મચંદ ઈત્યાદિ આમાં નામ પાડવાવાળાએ સંકેત અને સંજ્ઞા બાંધી હોય છે. તે આદિ સાંત ભાંગે છે.

(૨) અકૃત્રિમ સાંકેતિક નામ—આ નામ કોઇના પાડવાથી થયાં ન હોય, પણ અનાદિ સંબંધથી ચાલ્યાં આવેલાં હોય. જેમકેઃ—

મનુષ્ય ગતિને મનુષ્ય કહીયે, એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી તિર્યંચ કહિએ,

દેવગતિને દેવ કહીએ, નરક ગતિને નરક કહિએ, સિદ્ધ ગતિને સિદ્ધ કહિએ આ પાંચ ગતિનાં નામ કોઇએ પાડેલાં નથી પણ અનાદિ સંબંધથી ચાલી આવેલાં છે, તેથી તે અકૃત્રિમ છે. (?)પ્રથમની ચાર ગતિઓમાં ઉપજવાનો સંકેત એકે સંસાર ગતિઓએ પૂર્વકૃત કર્મબંધ; અને પાંચમી સિદ્ધિ ગતિમાં નિપજવાનો સંકેત એકે કાર્મણ વર્ગણાથી છૂટવાપણા રૂપ અયોગી કેવલી નામે ચૌદમા ગુણ સ્થાનનો અંત કહેતાં–છેલ્લા સમયે કર્મનો અભાવ. આ પાંચ ગતિઓના ભંગ જોઇએ. સંસાર સ્થિતિની ચાર ગતિ કહી તે આશ્રીને અનાદિ અનંત ભંગ લાગે, અને તેના પ્રવર્તન આશ્રીને ભવ્ય જીવોને તે ગતિઓનો સંબંધ અનાદિ સાંત ભંગે લાગે, અને અભવ્ય જીવોને અનાદિ અનંત ભંગે લાગે. પાંચમી સિદ્ધ ગતિનો સંબંધ ગતિ આશ્રીને અનાદિ અનંત ભંગ લાગે, અને પ્રવર્તન આશ્રીને સાદિ અનંત ભંગ લાગે, અને ભવ્ય અભવ્યને અનાદિ અનંત, અનાદિ સાંત વળી સાદિ સાંત એ ત્રણ ભંગ લાગે; બાકી સંસાર ગતિઓનું ભ્રમણ પુનરપિ પુનરપિ સાદિ સાંત ભંગે છે. નંદીશ્વરમાં શાશ્વત પ્રતિમાના ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, વર્દ્ધમાન એ નામ પણ કોઇએ પાડેલ નથી કારણકે પ્રતિમા પણ અકૃત્રિમ છે. આમાં સંકેત નામ જિનેંદ્ર તિર્થંકર દેવ છે તે અનાદિ અનંત ભંગે છે.

બીજી રીતે નામ નિક્ષેપના ત્રણ પ્રકાર છેઃ—

**यद् वस्तुनोऽभिधानं, स्थितमन्यार्थे तदर्थनिरपेक्षं ।**
**पर्यायानभिधेयं च नाम यादृच्छिकं च तथा ॥**

૧. વસ્તુનું (પદાર્થનું) જે નામ ચાલ્યું આવતું હોય તે.

૨. બીજી વસ્તુઓમાં જે નામ સ્થિત થઇને તેના પર્યાયવાચી બીજા નામની અપેક્ષા નહિ રાખે–બીજા નામને નહિ બતાવે તે.

૩. યદચ્છિક નામ—આપની ઇચ્છાપૂર્વક હરકોઈ નામ રાખી લેવું તે.

ઉદાહરણ.

૧. વિમાનના અધિપતિઓને 'ઇંદ્ર' નામથી કહેવામાં આવે છે, અને તેનાં બીજાં નામ પુરંદર, શચીપતિ, મઘવા, આદિ પર્યાય છે તેની પ્રવૃત્તિ કરવામાં આવે છે. તેવીજ રીતે પ્રથમ તીર્થંકરમાં ઋષભદેવ, નાભિસુત, આદિનાથ આદિ નામની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

૨. હવે પૂર્વોક્ત ઇંદ્રાદિક, ઋષભદેવાદિક નામ છે તે જ્યારે બીજી વસ્તુઓને લગાડવામાં આવે છે એટલે તે નામ બીજી વતુઓનાં પાડવામાં આવે છે ત્યારે તેના પર્યાયવાચક પુરંદરાદિક, અને નાભિસુતાદિક જે વિશેષ નામ છે તેની પ્રવૃત્તિ તે બીજી વસ્તુઓમાં કરી શકાતી નથી. જેમકે કોઈ બાલકનું 'ઇંદ્ર' નામ પાડવામાં આવ્યું છે, તો બાલકને તે ઇંદ્રના પર્યાયવાચી શબ્દ નામે પુરંદર, શચીપતિ એ નામ લગાડી શકાશે નહિ. તેવીજ રીતે ઋષભદેવ એ નામવાળા પુરૂષને આદિનાથ, નાભિસુત આદિ પર્યાયવાચી બીજાં નામ આપી નહિ શકાય.

૩. યદચ્છાએ—વ્યાકરણાદિથી સિદ્ધ થયા વગરના શબ્દોથી નામ પાડવાં તે. જેમકે ડિથ, કવિત્થ, ગોલમોલ વગેરે.

**૨. સ્થાપના નિક્ષેપ**—તે નામસહિત હોય તેના બે ભેદ.

**૧. સહજ સ્થાપના**—તે વસ્તુની અવગાહના રૂપ છે. જેવી રીતેઃ—

(૧) આત્માની અસંખ્યાત પ્રદેશરૂપ, (૨) પુદ્ગલની પરમાણુરૂપ (૩) ધર્માસ્તિકાયની અને (૪) અધર્માસ્તિકાયની અસંખ્યાત પ્રદેશરૂપ ચૌદ રાજ્યલોક પ્રમાણ (૫) આકાશાસ્તિકાયની અનંત પ્રદેશરૂપ લોકાલોક પ્રમાણ.

**૨ સાંકેતિક સ્થાપના**—સાંકેતિક એટલે જેમાં સંકેત છે. આના બે ભેદ છેઃ—

(૧) **કૃત્રિમ સાંકેતિક**—તે ભીંત વગેરેમાં ચિત્રામણ કાઢે છે, અથવા કાષ્ઠ પાષાણમાં કોરીને ઘોડા હાથી વિગેરેનો આકાર કરે છે. વળી જિન પ્રતિમા આ ક્ષેત્રમાં જે કરવામાં આવે છે તે. આ જિન પ્રતિમા જોવાથી જિનેંદ્ર દેવના કેવલ જ્ઞાનાદિ ગુણ, અવ્યાબાધાદિ પર્યાય, નિત્યત્વાદિ સ્વભાવ, અને સ્વરૂપ લક્ષણ એ સર્વે સ્મરણમાં આવે છે અને ભવ્ય જીવને ધ્યાન કરવામાં **નિમિત્ત કારણ** થાય છે.

વળી **જૈન** મુનિ મહારાજની સ્થાપના—તેમની છબી યા પગલાં—જોવાથી એ મુનિ મહારાજ સ્મરણમાં આવે છે, અને તેમના મહાવ્રતીના ગુણ યાદ આવે છે. તેમના ઉપદેશની વાણી રૂપ સ્થાપના ગ્રંથ પ્રકરણરૂપે રચના કરી, કરી હોય તે, શંકા અને અજ્ઞાનરૂપ અંધકાર ટાળવાને સૂર્ય સમાન, મિથ્યાત્વરૂપ મોટા પર્વતને છેદવાને વજ્ર સમાન, ભવ્ય જીવને સંસાર સાગરથી તારવાને નાવ સમાન, મનોવાંછિત પૂરવાને કલ્પવૃક્ષ સમાન, બોધિ બીજરૂપ ધર્મદાનની દેનારી થાય છે; માટે તેમના ગુણનું સ્મરણ કરવાને ગીતાર્થ ગુરૂરાયની સ્થાપના નિમિત્ત કારણ છે. આ સૌ સ્થાપના કોઈએ કરેલી તેથી તે કૃત્રિમ છે, અને તેમાં સંકેત કર્તાનો છે.

(૨) અકૃત્રિમ સાંકેતિક સ્થાપના—

શાશ્વ પ્રતિમા કે જેનાં નામ ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ, વર્દ્ધમાન આદિ નંદીશ્વર રૂપમાં છે તે અકૃત્રિમ સાંકેતિક પ્રતિમા છે. આ કોઈની કરેલી નથી માટે અકૃત્રિમ, અને તેમાં સંકેત તે જિનેંદ્ર ભગવાન્ છે તે અનાદિ અનંત ભંગ છે.

ચારગતિમાં જીવો ચોત્રીશ દંડકમાં મિશ્રભાવે ઉપજે છે; અહીં ગતિના અનુસારે કાયાની અવગાહનાઓ અનેક ભેદે થાય છે. આ કાયાનો કર્તા કોઈ નથી એટલે કોઇની કરી થઈ નથી, તેથી અકૃત્રિમ; અને તેમાં સંકેત પૂર્વભવના કૃત કર્મ બંધનો છે. તેથી સાંકેતિક અકૃત્રિમ સ્થાપનાઓ થઈ.

તે પ્રમાણે તે તે કાયા પ્રમાણે પુદ્ગલ સ્કંધનો ચય ઉપચય છે તે પુદ્ગલની સ્થાપનાઓ; અને

કાયા પ્રમાણ ક્ષેત્રે અંતર્વ્યાપકપણે આત્માના પ્રદેશનું કર્મસંયોગથી સંકોચ, વિકસ્વરતા છે તે આત્માની સ્થાપનાઓ.

આ પ્રમાણે જીવનું અને પુદ્દગલનું એક પરિણમન છે, તથાપિ બંને વસ્તુ ભિન્ન ભિન્ન છે કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યથી મળે નહિ એ સિદ્ધાંત વચન છે. આ અપેક્ષાએ જીવની અને પુદ્દગલની ભેદજ્ઞાને વિભાગ-વહેંચણ બરાબર કરીને જુદી જુદી ઉપર મુજબ અકૃત્રિમ સ્થાપનાઓ કહી છે.

આ અને ઉપરોક્ત કૃત્રિમ સ્થાપનાઓ સર્વે સાદિસાંત ભાંગે છે, પરંતુ જ્યારે જીવો મનુષ્યના ભવમાં અયોગી કેવલી નામના ચૌદમા ગુણસ્થાન અંતે વર્તે છે, ત્યારે તેઓની કાયાની જે અવગાહના છે તેમાંનો ત્રીજો ભાગ જે પોલાણનો હોય છે તેનું સંકોચન થઇને બે ભાગ પ્રમાણ અવગાહના માનથી આત્માના અસંખ્યાત પ્રદેશનો નિબિડ ઘન થાય છે, અને તે લોકાગ્રભાવે રહે છે. આ નિરંજન સિદ્ધની સ્થાપના છે અને તે સાદિ અનંત ભાંગે છે. આ અકૃત્રિમ સ્થાપનાનો સંકેત પૂર્વકર્મ બંધનો અભાવ કે જે અયોગી કેવલી નામના ચૌદમા ગુણસ્થાનના અંતે થયો તે છે. **બીજી રીતે સ્થાપનાના ભેદ** કરીએ. જો પ્રથમ નામ લઇને પછી અન્ય વસ્તુમાં અન્યની પ્રતિષ્ઠા કરવી તેના બે ભેદ છે. સદ્દભાવ ને અસદ્દભાવ.

૧. સદ્દભાવસ્થાપના. આમાં ભાવરૂપ જે વસ્તુ તેની સમાન પ્રતિમા કે જેમાં મુખ્ય આકાર એવો હોય કે જે જોવાથી જોનારને ભાવરૂપની બુદ્ધિ ઉપજી આવે તે.

૨. અસદ્દભાવ સ્થાપના—મુખ્ય આકાર શૂન્ય વસ્તુ માત્ર હોય તે. આમાં પ્રથમ ઉપદેશ લાગ્યો હોય તો તે ભાવરૂપ છે એવું જાણી શકાય છે.

અહીં એ જાણવાની જરૂર છે કે નામ નિક્ષેપમાં તો લોકનો આદર તથા ઉપકારની વાંછા નથી હોતી, જ્યારે સ્થાપના નિક્ષેપમાં આદર ઉપકારની વાંછા જોવામાં આવે છે. તેમાં કોઇ સ્થાપના તો લોકો એવી કરે છે કે જે ઘણા કાલ સુધી રહ્યાં કરે, પરંતુ કોઇ એવી કરે છે કે થોડા કાળ સુધી રહે.

અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે અરિહંતાદિકની અસદ્દભાવ સ્થાપના અન્ય વસ્તુમાં કરીએ કે નહિ ? તો તેનો ઉત્તર એ કે આ હુંડા અવસર્પિણી કાલમાં ન કરવી કારણ કે અન્યમતિ અતદાકાર મૂર્તિ અનેક દેવની સ્થાપન કરે છે, તેમાં આ મૂર્તિ કોની છે એવો નિશ્ચય ન થાય, તેથી મુખ્ય આકાર એવો કરવો કે જે જોતાંજ વીતરાગમુદ્રાની બુદ્ધિ ઉપજી આવે. આવી રીતેજ અરિહંતાદિકની સ્થાપના યુક્ત છે.

સ્થાપના નિક્ષેપ માટે વળી કહ્યું છે કેઃ—

**यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणि ।**
**लेप्यादि कर्म स्थापनेति क्रियतेऽल्पकालं च ॥**

**અર્થ**—જે વસ્તુમાં રહેલા અર્થ-ગુણ છે તેથી વિયુક્ત-રહિત, અને તે ગુણના અભિપ્રાયવડે-જે કરણિ-( સદ્દરૂપા, અસદ્દરૂપા આકૃતિ ) લેપ્ય આદિ (દશ) પ્રકારના કર્મથી અલ્પકાલ અને ( યાવત્કાળ)ની સ્થાપના છે.

સદૃશઆકૃતિ-સદ્દરૂપા—જેમકે તીર્થંકર અથવા સાધું આદિની તેના જેવીજ આકૃતિ કરવી તે.

અસદૃશ આકૃતિ-અસદ્દરૂપા—આવશ્યાદિક ક્રિયારૂપ વસ્તુઓને જાણવા માટે જે અક્ષરોની સ્થાપના કરવામાં આવે છે, તેમજ કાયોત્સર્ગ, સામાયિક

વગેરે ક્રિયામાં અક્ષાદિક આકૃતિથી સાધુની સ્થાપના ( સ્થાપનાચાર્ય તરીકે ) કરવામાં આવે છે તે.

લેપ્ય આદિ દશ કર્મ આ રીતે–૧ કાષ્ઠ ૨ ચિત્ર ૩ પત્રઆદિના છેદ–અથવા લેખ માત્ર ૪ લેપ કર્મ ૫ ગુંથણીમાં, ૬ વેષ્ટનક્રિયા ૭ ધાતુના રસપૂરણ ૮ અનેક મણિકાનો સંઘાત ૯ ચંદ્રાકાર પાષાણ ૧૦ કોડી–વગેરે દશ પ્રકારમાંના કોઇપણ પ્રકારે આકૃતિ યા અનાકૃતિરૂપે માનવામાં સ્થાપના નિક્ષેપ સમજવો.

૩ **દ્રવ્યનિક્ષેપ**—ગુણ જેને પરિણમાવે છે અને જે ગુણરૂપ પરિણમે છે તે દ્રવ્ય અર્થાત્ જે વસ્તુ આગળના–પૂર્વના પર્યાય પ્રત્યે પોતેજ સંમુખ હોય તે દ્રવ્ય આના બે ભેદ છે. ૧ આગમથી અને ૨ નોઆગમથી.

૧. આગમથી— **तदर्थ ज्ञानानुपयुक्तः** ( નયચક્રસાર ) આમાં જે વસ્તુનો નિક્ષેપ કરીએ તે વસ્તુના કથનના શાસ્ત્રનો જાણનાર આત્મા તે શાસ્ત્રમાં જેટલો કાલ ઉપયોગ રહિત હોય તેટલો કાલ તે આત્માને તે વસ્તુનો આગમ દ્રવ્ય નિક્ષેપ કહીએ.

૨. નો આગમથી—તેના ભેદ ત્રણ છે.

(૧) જ્ઞ ( જ્ઞાયક ) શરીર. જ્ઞાતાનું જે શરીર ત્રિકાલ ગોચર છે તે.

આના વર્તમાન, ભૂત, અને ભવિષ્ય એમ કાલાપેક્ષાએ ત્રણ ભેદ થાય છે.

અ. વર્તમાન. જે વસ્તુનો નિક્ષેપ કરીએ તેના વ્યાખ્યાનના શાસ્ત્રના જાણનાર પુરૂષનું શરીર તે

બ. ભવિષ્ય—આગામી જેટલો કાલ તે શરીર રહેશે તે શરીર.

ક. ભૂત—જીવપર્યાય છોડયા પછી રહેલું મૃતક શરીર તે જેમકે લોકમાં એવો વ્યવહાર છે કે મૃતક શરીરને જોઈ કહે કે તે ફલાણો પુરૂષ છે.

(૨) ભાવી શરીર—જે વસ્તુનો નિક્ષેપ કરીએ તેનો પૂર્વ પર્યાયની અપેક્ષા લઇ પહેલેથી કહીએ કે એ ફલાણી વસ્તુ છે તેને ભાવીનો આગમ દ્રવ્ય નિક્ષેપ કહીએ.

(૩) તદ્વ્યતિરિક્ત. એટલે ઉપરોક્ત જ્ઞાયક અને ભાવી શરીરથી ભિન્ન તે. આના પણ કર્મ, નોકર્મ એમ બે ભેદ થાય; અ. કર્મ–જેનો નિક્ષેપ કરીએ તેનું કારણ જે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ તેને.

બ. નોકર્મ—આહારાદિ પુદ્ગલના સ્કંધ કે જે શરીરાદિ રૂપ પરિણમાવવામાં બાહ્ય કારણ છે તેને તદ્ દ્રવ્યતિરિક્ત નોકર્મ દ્રવ્ય નિક્ષેપ કહીએ.

**બીજી રીતે દ્રવ્યનિક્ષેપ આ પ્રમાણે છેઃ—**

**भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके ।**
**तद् द्रव्यं तत्त्वज्ञैः सचेतनाऽचेतनं कथितं ॥**

અર્થ—આ લોકમાં ભૂતકાલના ( અતીત કાલના) અથવા ભવિષ્ય(અનાગત) કાલના ભાવપર્યાયના જે કારણરૂપ વસ્તુ છે એટલે કે જેના વિના 'ભાવવસ્તુ ભિન્ન સ્વરૂપ દેખાતું નથી વા નેત્રે શ્રવણાદિકથી જેના સ્વરૂપનો બોધ મનને થાય છે તેને દ્રવ્ય કહે છે–તે દ્રવ્ય નિક્ષેપનો વિષય છે તે દ્રવ્યરૂપ વસ્તુને તત્ત્વજ્ઞોએ ત્રણ પ્રકારનું કહેલ છે. ૧ ચેતનરૂપ ૨ અચેતનરૂપ ૩ ચેતનાચેતનરૂપ.

જેમકે. ૧. ઈંદ્રપદથી ચ્યવન કરી મનુષ્યપણું પ્રાપ્ત કરનારને 'ઈંદ્ર' કહેવો, તે ભૂતકાલની અપેક્ષાએ; અને મનુષ્ય પદથી ચ્યવન કરી ઇંદ્રપણું જેને ઉત્પન્ન થવાનું છે તે મનુષ્યને 'ઇંદ્ર' કહેવો તે ભવિષ્યકાલની અપેક્ષાએ છે. વળી જેવી રીતે પુત્રને પટ્ટાભિષેક કરીને રાજકાર્યની નિવૃત્ત થયેલા રાજાને પણ 'રાજા' કહેવો એ ભૂતકાલની અપેક્ષાએ, અને જેને રાજ્ય પ્રાપ્ત થવાનું છે એવા કુમારને 'રાજા' કહેવો જેને તે ભવિષ્યકાલની અપેક્ષાએ. આ સર્વમાં ચેતન વસ્તુ કારણરૂપ દ્રવ્ય છે.

૨. હવે અચેતન વસ્તુ જેવી કે કાષ્ઠ લઇએ. કાષ્ઠાદિક વસ્તુથી ઉત્પન્ન થયેલી 'ડબ્બી' આદિક વસ્તુમાં કાષ્ઠનો આરોપ કરવો તે ભૂતકાલની અપેક્ષાએ છે, અથવા કાષ્ઠાદિથી જે ઉત્પન્ન થવાની છે તે ડબ્બી આદિ વસ્તુને કાષ્ઠમાંજ જેમ કાષ્ઠ છે તે પ્રમાણેજ માની લેવી તે ભવિષ્યકાલની અપેક્ષાએ છે.

૩. આવી રીતે ચેતન અચેતનરૂપ વસ્તુથી ઉત્પન્ન થયેલી, અને ઉત્પન્ન થવા વાળી વસ્તુ હોય તેનું કારણ ચેતનાચેતનરૂપ સમજવું

અહીં જે ૧ ચેતનરૂપ વસ્તુ, યા ૨. અચેતનરૂપ વસ્તુ યા ૩. ચેતનાચેતનરૂપ વસ્તુ છે તેના ભૂતકાલમાં અથવા ભવિષ્યકાલમાં જે કારણરૂપ પદાર્થ છે તેજ 'દ્રવ્યનિક્ષેપ' નો વિષય છે, કારણ કે કારણ વિના કાર્યની ઉત્પત્તિ કદી હોતીજ નથી. પરમ ઉપયોગી જે 'કારણ વસ્તુ' છે તેજ 'કાર્યભાવને' પામે છે.

૪. **ભાવનિક્ષેપ**—વર્તમાન પર્યાયથી સહિત જે દ્રવ્ય હોય તેને ભાવ નિક્ષેપ કહીએ તે આપણે આગળ કહી ગયા છીએ. આના બે ભેદ છે.

૧. આગમ ભાવ. જે વસ્તુનો નિક્ષેપ કરીએ તેના કથનનું શાસ્ત્ર જાણનાર પુરૂષનો જેટલો કાલ તે શાસ્ત્રમાં ઉપયોગ હોય તેટલો કાલ તે વસ્તુનો આગમભાવ નિક્ષેપ તે પુરૂષનો કહીએ.

૨. નો આગમભાવ નિક્ષેપ—જે વસ્તુ જેટલા પર્યાયમાં વર્તમાન કાલમાં છે તેને નો આગમ ભાવનિક્ષેપ કહીએ.

**ભાવનિક્ષેપ.**

**भावो विवक्षितक्रियाऽनुभूतियुक्तो हि वै समाख्यातः ।**
**सर्वज्ञैरिंद्रादिवदिहेंदना दि क्रियाऽनुभावत् ॥**

**અર્થ**—શબ્દોમાં ( વ્યાકરણની વ્યુત્પત્તિદ્વારા, યા શાસ્ત્રના સંકેતથી અથવા લોકોના અભિપ્રાયથી ) જે જે ક્રિયાઓ વિવક્ષિત થઈ છે-માન્ય થઈ છે તે તે ક્રિયાઓનું વર્તન તે તે વસ્તુઓમાં ( પદાર્થોમાં) થાય છે ત્યારે તે વસ્તુને 'ભાવરૂપ' સર્વજ્ઞપુરૂષોએ કહેલ છે. જેમકે પરમ ઐશ્વર્ય પરિણામના ભોગનું વર્તન જે ઇંદ્ર કરતો રહે છે તે 'ભાવ ઇંદ્ર' નો વિષય છે, કારણ કે તે વર્તમાનકાલમાં સાક્ષાત્રૂપ ઇંદ્રમાં પરમ ઐશ્વર્યની ક્રિયાનો અનુભવ રહેતો ગયો છે. આ ભાવ સ્વરૂપની વસ્તુઓને જૈન સિદ્ધાંતકારોએ 'ભાવનિક્ષેપ' ના વિષય સ્વરૂપ માનેલ છે.

દુનિયામાં જેટલી વસ્તુ, દસ્ય કે અદસ્ય કહેવામાં આવી છે તે સર્વ વસ્તુઓ પણ ભાવનિક્ષેપની વિષયભૂત છે. જે જે ભાવનિક્ષેપની વિષયભૂત વસ્તુ છે તેનાં જે જે નામ આપવામાં આવ્યાં છે અને આવે છે તે તે 'નામ નિક્ષેપ' જ છે; તે નામ નિક્ષેપ છે તેમાંથી સંકેતના જાણનાર પુરૂષોને તે નામનું શ્રવણ માત્ર પણ તે 'ભાવનિક્ષેપ' રૂપ વસ્તુના બોધની જાગૃતિ કરાવે છે–પ્રત્યક્ષ વસ્તુ ોય તેનો પ્રત્યક્ષપણે બોધ થાય છે, અને પરોક્ષ વસ્તુ હોય તેનો પરોક્ષપણે બોધ થાય છે.

પરંતુ જે પુરૂષ સંકેતને જાણતો નથી અને પરોક્ષ વસ્તુને જોઈ પણ નથી તે પુ-રૂષને એ ભાવ વસ્તુનો બોધ પ્રાપ્ત થઇ શકતો નથીત્યારે તે પુરૂષને તેવો બોધ કરાવવા માટે તે નામ નિક્ષેપના પરોક્ષ પદાર્થની 'આકૃતિ' દેખાડવાથી તે વસ્તુનો વિશેષપણે બોધ કરાવી શકાય છે. આમાં જે આકૃતિ કરીને દેખાડવામાં આવી છે તે ભાવરૂપ પદાર્થને સદ્દશ–તેના જેવી હોવાથી ભાવવસ્તુનો બોધ કરાવવામાં નામથી પણ વિશેષ કારણરૂપ થાય છે, પરંતું નિરર્થકરૂપ નથી. ૨.

હવે ભાવ પદાર્થની જે પૂર્વ અવસ્થા (ભૂતકાલની) છે, અથવા અપર અવસ્થા (ભવિષ્યમાં થનારી) છે તે પણ તે ભાવ પદાર્થના 'દ્રવ્યસ્વરૂપ' પરમ કારણરૂપ હો-વાથી તે ભાવપદાર્થનો બોધ કરાવનાર છે; તે માટે તે ઉપયોગી છે. ૩

છેલ્લો ચતુર્થ નિક્ષેપનો વિષયભૂત જે 'ભાવપદાર્થ છે' તે તો ઉપયોગ સ્વરૂપજ છે. ૪

વિશેષ સમજૂતિ—'નામ' નો જે આદર થાય છે તે કેવલ નામ માત્રનો નથી, પરંતુ તે નામની સાથે સંબંધવાળા 'ભાવ પદાર્થ' નોજ આદર થાય છે. જેમકે ઋષ-ભાદિ નામનો આદર કરવામાં આપણા તીર્થંકરોનોજ આદર કરાય છે, જો કે તે ઋષ-ભાદિક નામ બીજી વસ્તુઓનું હશે તો પણ આપણને તે બાધક થતું નથી,કારણ કે જે જે વસ્તુના અભિપ્રાયથી નામનું ઉચ્ચારણ કરાય તેતે વસ્તુનોજ બોધ થવામાં નામ ઉપયોગી થશે–આથી અધિક 'નામનિક્ષેપ' નું પ્રયોજન નથી. ૧

આ ઋષભાદિ નામ છે તે અનેક વસ્તુઓની સાથે સંબંધ ધરાવનારૂં થઈ ચૂકયું છે અગર થવાનું છે તોપણ તે સંબંધ ધરાવનાર 'ભાવવસ્તુ' નો દુર્લક્ષ થાય તો પણ આજ ઋષભાદિ નામથી આપણે આપણા ઇષ્ટરૂપ તીર્થંકરો છે તેનું લક્ષ કરી લઇએ છીએ અને તેથી એવાં નામના ઉચ્ચારણ માત્રથી આપણું પરમ કલ્યાણ થાય છે એવું આપણે માનીએ છીએ. તો પછી ખાસ કરી વીતરાગ દશાનો બોધ કરાવનારી, અને તી-ર્થંકરોના ધ્યાનસ્થ સ્વરૂપવાળી અને ઋષભાદિનામ નિક્ષેપની પેઠે બીજી વસ્તુઓ સાથે સંબંધ નહિ રાખનારી જિનેશ્વર ભગવાનની મૂર્તિઓનો આદર કરવાથી આપણું કલ્યાણ કેમ નહિ થાય? ખરેખર નિશ્ચયપણે આપણું કલ્યાણ થશે. એક રીતે વિચાર કરીએ તો નામથી પણ મૂર્તિઓ વિશેષપણે વસ્તુનો બોધ કરાવનારી થાય છે, કારણ કે ઋષભાદિ નામ છે તે બીજી વસ્તુઓની સાથે મિશ્રિતપણે પણ રહે છે, પરંતુ વીતરાગી મૂર્તિઓ તો કોઇપણ બીજી વસ્તુઓની સાથે સંબંધ રાખતી નથી એ મૂર્તિઓમાં વિશેષપણું છે. ૨

હવે જે ઋષભાદિનાં નામ અને તેની મૂર્તિઓ આપણું કલ્યાણ કરનારી સિદ્ધ થઇ છે તે તીર્થંકરોની બાલ્યાવસ્થા, અથવા મૃત દેહરૂપ બીજી અવસ્થા છે તે દેવતાઓનાં ચિ-ત્તને પણ ભક્તિભાવથી દ્રવિત કરે છે તો તે તીર્થંકરનું શરીર કે જે 'ભાવ' નું કારણરૂપ

છે તેના પ્રત્યે ભક્તિભાવથી આપણું ચિત્ત દ્રવીભૂત કેમ નહિ થાય ? અવશ્ય થશે; પરંતુ આપણા ભાગ્યની ન્યૂનતાથી એવો સંબંધ મળવો એ કઠિન છે. ૩

છેલ્લે જે જે વસ્તુઓ સાક્ષાત્‌પણે છે, અથવા તેની પ્રવૃત્તિ પોતપોતાના કાર્યમાં રહેલી ચાલુ છે તે ' ભાવનિક્ષેપ ' સ્વરૂપમય છે. જેને જે વસ્તુ ઉપાદેય રૂપ છે તે તો પોતાના ઉપાદેય સ્વરૂપે માને છે. આ માટે સાક્ષાત્‌ તીર્થંકરો છે તે તો આપણા ઉપાદેય સ્વરૂપેજ રહેશે. આમાં કંઇ વિવાદ રહેતો નથી. ૪.

આ રીતે ચાર નિક્ષેપની સામાન્ય સમજૂતિ થઇ. બીજા પ્રકારે સમજૂતિ કરી જોઇએ તો કોઈ વસ્તુના ' નામ નિક્ષેપ ' ની અવજ્ઞા કરશું તો તેથી તે વસ્તુના ' ભાવ ' ની પણ અવજ્ઞા થાય છે. જેવી રીતે પોતાના શત્રુના નામની અવજ્ઞા લોક કરે છે. ૧. વળી તે શત્રુની મૂર્તિને પણ વિકૃત વદનથી જુએ છે. ૨. તેની પૂર્વ અપર અવસ્થાનાના શ્રવણથી આનંદિત થતા નથી. આમાં પણ તે ' ભાવ ' પદાર્થની અવજ્ઞા છે. ૩. આવી રીતે સર્વ પદાર્થોના વિષયમાં સમજવાનું છે. અર્થાત્‌ જે ' ભાવ ' પદાર્થ જે પુરૂષને અનિષ્ટ રૂપ છે તે પુરૂષને તેના નામ નિક્ષેપ, સ્થાપના, તેની પૂર્વ અપર અવસ્થાનું સ્વરૂપ પણ અનિષ્ટરૂપ થાય છે.

૫

## ચાર નિક્ષેપની પદાર્થ સાથે ઘટના.

ચારે નિક્ષેપ દરેક વસ્તુના સ્વપર્યાય હોવાથી દરેક વસ્તુ–પદાર્થ સાથે ઘટાવી શકાય છે. આનાં ઉદાહરણ તરીકે જીવ આદિ વસ્તુ ઉપર ઘટાવેલ તે આપણે જોઈ ગયા છીએ, પરંતુ એકજ વખતે ચારે સાથેની ઘટના દરેક વસ્તુપર થઈ શકે છે તે સમુચ્ચયાથે જોઇએ.

આ સર્વને જીવમાં ઘટાવીએ.

**નામ જીવ**—' જીવ ' એવા શબ્દનો અર્થ સ્થાપીએ તેમાં જીવન ગુણાદિકની અપેક્ષા વિના અજીવને કોઇ નામ ' જીવ ' એમ આપીએ તે જીવનો નામ નિક્ષેપ. જીવના વિશેષ

**સ્થાપના જીવ**—પર્યાય લગાડીએ ત્યારે મનુષ્યાદિ જીવ નિક્ષેપ કહીએ કાષ્ઠ ચિત્ર આદિ મૂર્તિમાં જીવ એવું તથા મનુષ્યાદિ જીવ એવું સ્થાપન કરવું તે સ્થાપના જીવ છે.

**દ્રવ્ય જીવ**—જીવના કથનનું શાસ્ત્ર જાણનાર પુરૂષ તે શાસ્ત્રમાં ઉપયોગરહિત હોય તેને આગમ દ્રવ્ય જીવ નિક્ષેપ કહીએ.

જીવના કથનનું શાસ્ત્ર જાણનાર પુરૂષનું શરીર ( ભૂત, ભવિષ્ય, વર્તમાન એમ ત્રણ પ્રકારનાં હોય તેને જ્ઞાયક શરીરનો આગમ દ્રવ્ય જીવ કહીએ, તથા મનુષ્યાદિકનું પણ એવી રીતે જાણવું.

સામાન્ય જીવ નોઆગમ ભાવીદ્રવ્ય છેજ નહિ, કારણ કે જીવન ભાવવડે સદા વિદ્યમાન છે, પરંતુ વિશેષ અપેક્ષા મનુષ્યાદિ ભાવીનો આગમ દ્રવ્યપર લગાવીએ તો ત્યાં કોઈ જીવ મનુષ્ય પર્યાયમાં દેવ આયુકર્મ બાંધે ત્યાં અવશ્ય દેવ થવાનો. તો તેમ થયે મનુષ્ય પર્યાય વિષે પણ દેવ કહેવો તેને ભાવી નોઆગમ દેવ જીવ કહીએ.

સામાન્ય જીવ અપેક્ષાએ તો કોઇ કર્મના ઉદયથી જીવ હોતો નથી, પરંતુ વિશેષ

જીવ અપેક્ષાએ મનુષ્ય નામના નામ કર્મવડે દ્રવ્યને મનુષ્ય નામ તદ્‌વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્ય મનુષ્ય જીવ કહીએ.

મનુષ્ય આહારાદિક કરે છે તેથી શરીર વૃદ્ધિ થાય છે, તે નોકર્મ છે, તેથી આહારાદિકને તદ્‌વ્યતિરિક્તનો બીજો ભેદ–નોકર્મ દ્રવ્યજીવ કહીએ.

**ભાવ જીવ—**

આમાં જીવના કથનનું શાસ્ત્ર જાણનાર પુરૂષ જેટલો કાળ તે શાસ્ત્રમાં ઉપયોગ સહિત હોય તેને આગમ ભાવ જીવ કહીએ. વિશેષ અપેક્ષાએ મનુષ્ય જીવના કથનનું શાસ્ત્ર જાણનાર તે શાસ્ત્રમાં ઉપયોગ સહિત હોય ત્યારે મનુષ્ય આગમ ભાવજીવ નિક્ષેપ કહીએ. પરંતુ

જીવપર્યાયવડે સદા વિદ્યમાન છે તો તે નોઆગમ ભાવજીવ છે. વિશેષ અપેક્ષાએ મનુષ્ય જીવપર્યાય વિદ્યમાન હોય ત્યારે મનુષ્યનો આગમ જીવ છે.

આવી રીતે અન્ય જીવાદિ પદાર્થમાં નિક્ષેપ વિધિ લગાવવો. અહીં પ્રયોજન એ છે કે લોક વ્યવહારમાં કોઇ નામને ભાવ સમજી જાય તથા સ્થાપનાને ભાવાદિક જાણે તો તેને યથાર્થ સમજાવવાને નિમિત્તે આ નિક્ષેપ વિધિ છે એમ જાણવું.

વળી સૂત્ર વિષે જે શબ્દ છે તે સમ્યાદર્શનાદિક તથા જીવાદિ પદાર્થ સર્વના ગ્રહણને અર્થે છે. તો સર્વપર નિક્ષેપ લગાડવો.

આ રીતે ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્યની સાથે નિક્ષેપ ઘટાવી શકાય. જેમકે—

**ધર્માસ્તિકાય**—નામ ધર્માસ્તિકાય—ધર્માસ્તિકાય એવું નામ કોઇને આપી તે બોલવું તે

સ્થાપના „ —ધર્માસ્તિકાય એવા અક્ષર લખવા, અથવા દષ્ટાંત માટે કોઇ પદાર્થની સ્થાપના કરવી તે.

દ્રવ્ય „ —જે અસંખ્યાત પ્રદેશી ધર્માસ્તિકાય છે તે.

ભાવ „ —જે તેનો ખાસ–લાક્ષણિક ધર્મ–નામે ચલણ સહાય ગુણ છે તે સહિત ધર્માસ્તિકાય થાય તે.

આ રીતે અન્ય દ્રવ્યનું સમજવું. આમાં સમજવાનું કે અધર્માસ્તિકાય જીવ પુદ્‌ગલને સ્થિતિનો હેતુ, આકાશ અવકાશ આપવાનો હેતુ, કાળ વર્તનાનો હેતુ, પુદ્‌ગલ મળવા વિખરવાનો યા વર્ણાદિ પર્યાયના પરાવર્તન ધર્મનો હેતુ થાય છે ત્યારે તે ભાવનિક્ષેપ છે.

**સાધુ**—નામ સાધુ—'સાધુ' એવું નામ તે.

સ્થાપના „—સાધુ તરીકે બાહ્યરૂપની સ્થાપના, અથવા સાધુનું ચિત્ર તે.

દ્રવ્ય સાધુ —જે પંચ મહાવ્રત પાળે, ક્રિયાનુષ્ઠાન કરે પણ જ્ઞાન ધ્યાનનો પૂરો ઉપયોગ હોય નહિ તે.

ભાવ સાધુ —જે સંવર મોક્ષનો સાધક ગઇ ભાવ સાધુની કરણી કરે અને આત્મોપયોગમાં રહે તે.

**અરિહંત**—નામ અરિહંત–કોઇનું 'અરિહંત' નામ હોય તે.

સ્થાપના „ —અરિહંતની પ્રતિમા આદિ તે.

દ્રવ્ય „ —જ્યાંસુધી છદ્મસ્થ અવસ્થા હોય ત્યાંસુધી તે,

ભાવ „ —જ્યારે કેવળજ્ઞાન થાય અને લોકાલોકના ભાવ જાણે અને સમવસરણમાં બેસી દેશના આપે તે અરિહંત.

શ્રી ચૈત્યવંદન ભાષ્યમાં જિન ભગવાનના ચાર નિક્ષેપ બતાવ્યા છે.

**नामजिणा जिण नामा ठवणजिणा पुण जिणंद पडिमाओ ।**
**दव्वजिणा जिणजीवा, भावजिणा समवसणत्था ॥**

નામ જિન—શ્રી જિનેશ્વર ભગવાનનાં નામો તે-ચોવીશ તિર્થંકરાદિ.
સ્થાપનાજિન-શ્રી જિનેંદ્રની પ્રતિમાઓ.
દ્રવ્ય જિન—જ્યારથી તીર્થંકર નામ કર્મનાં દલિક ઉપર્જિત કર્યાં ત્યારથી તે ઘાતિકર્મ ખપાવી સમવસરણમાં બેઠા નથી ત્યાંસુધી.
ભાવજિન—સમવસરણમાં દેશના અર્થે કેવલી થઈ બેસેલા તે.

સ્થાપના જિનના સંબંધમાં શ્રીમદ્ દેવચંદ્રજી પોતાના શાંતિજિનના સંબંધમાં કહે છે કે તે ઉપકારી છે-તેના આલંબનથી ઘણા બોધિબીજ પામ્યા છે અને તેની સાથે તેમાં અરિહંતપણું છ નયે છેઃ—

દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશમુખ, વહાલા મારારે, ઠવણા જિન ઉપકારીરે,
તસુ આલંબન લહિય અનેકે, તિહાં થયા સમકિત ધારીરે—
ભવિકજન હરખોરે, નિરખી શાંતિ જિણંદ—૪
ષટનય કારજ રૂપે ઠવણા, વહાલા મારારે, સમ નય કારણ જાણીરે;
નિમિત્ત સમાન સ્થાપના જિનજી, એ આગમની વાણીરે. ભવિક૦ ૫

વિવેચનાર્થ—તે સમવસરણમાં પૂર્વ દિશા સંમુખના બારણે તો શ્રી તીર્થંકર પોતે પોતાના મૂલ રૂપે બેસે છે, જ્યારે તે સિવાયની-દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના બારણે શ્રી અરિહંતનાં પ્રતિબિંબ બેસે છે, તે પ્રતિબિંબ-પ્રતિમા રૂપ સ્થાપના જિન ઉપકારી છે; કારણ કે તેનું પણ આલંબન પામીને અનેક જન ત્યાં-સમવસરણમાં સમ્યકત્વધારી થયા એટલે વ્રતના લેનાર તે પૂર્વ દિશાના બારણે બેસે. બીજી પરિષદ્ મધ્યે જિન સેવનથી સમ્યકત્વનો લાભ છે-આ રીતે સ્થાપના નિક્ષેપનો ઉપકાર છે.

હવે સ્થાપનાનું વિશેષ ઉપકારીપણું-સત્યપણું કહે છેઃ—આમાં શ્રીઅરિહંત તથા સિદ્ધજી પણ આપણા આત્માનાં નિમિત્ત કારણ છે, અને શ્રી જિનપ્રતિમા પણ આપણા તત્ત્વસાધનાનું નિમિત્ત કારણ છે. તેમાં સ્થાપના જિનમાં અરિહંતપણું છ નયે છે. અહીં કોઈ પૂછે કે અરિહંત થયા-અથવા સિદ્ધ થયા તો તેની સ્થાપના કરીએ છીએ, તો નય સાત છે તે મૂકીને છ નયે તેમાં અરિંતપણું છે એમ કેમ કહોછો ?—આનો ઉત્તર એ કે મૂલ સ્થાપના નિક્ષેપમાં સ્થાપના ત્રણ નયે-નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયે છે કારણ કે કહ્યું છે કેઃ **नाम स्थापना द्रव्य निक्षेपत्रयं नैगमादिनयवर्ति**-એટલે નામ સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપ નૈગમ આદિ-પ્રથમના ત્રણ નયને અનુવર્તે છે. પણ ઉપચાર ભાવનાએ છ નય અહિં કહ્યા છે. હવે નામાદિ-દરેક નિક્ષેપના ચાર ભેદ થાય છે ( કારણ કે ભાષ્યમાં કહ્યું છે કે; **नामादि प्रत्येकं चतुरूपं** ) આથી સ્થાપનાના ચાર ભેદ થાય છેઃ-૧. એ સ્થાપના એવું નામ તે નામસ્થાપના, ૨ એ સ્થાપના ગ્રહણ હેતુ થાય છે તે સ્થાપનાની સ્થાપના, ૩ સમુદાયતા અનુપયોગતા તે દ્રવ્ય સ્થાપના અને ૪ **आगारो भिप्पाओ**-આકારોભિપ્રાયે એ ધર્મનું કારણિક થાય છે તે સ્થાપનાનો ભાવ છે. આવી રીતે સ્થાપના ચાર નિક્ષેપે છે, અથવા—

नत्थि एहिं विहुणं सुत्तो अत्थो य जिणमए किंचि ।
आसज्जओ सोयारं नय नय विसारओ बूआ ॥

આથી શ્રી અરિહંત તથા સિદ્ધજીની સ્થાપના છે તે માટે તેના ઉપચાર ભાવનાએ છ નય કહે છેઃ—

૧. જે સ્થાપના દેખવાથી અરિહંત સિદ્ધનો સંકલ્પ સ્થાપનામાં થાય છે અથવા અસંગાદિ તદાકારતારૂપ અંશ એ સ્થાપના છે તેથી તે નૈગમ નય સ્થાપના.
૨. અરિહંત તથા સિદ્ધના સર્વ ગુણનો સંગ્રહ કલ્પના બુદ્ધિ ધરીને સ્થાપનામાં કરેલ છે તેથી સંગ્રહનય ( અરિહંત સિદ્ધરૂપ ) સ્થાપના.
૩. અરિહંતના આકારને વંદન નમનાદિ સર્વ વ્યવહાર શ્રી અરિહંત તરીકે થાય છે એવું, કારણપણું એ સ્થાપનામાં છે તેથી તે વ્યવહારનય સ્થાપના.
૪. પ્રતિમારૂપ સ્થાપના દેખી સર્વ ભવ્યને બુદ્ધિનો વિકલ્પ શ્રી અરિહંત છે એવું ઉપજે છે, તે વિકલ્પેજ સ્થાપના કરેલ છે તે ઋજુસૂત્રનય સ્થાપના.
૫. અરિહંત સિદ્ધ એવો શબ્દ ઇંદ્રપ્રકૃતિ પ્રત્યય સિદ્ધ અહીં પ્રવર્તે છે તે શબ્દનય સ્થાપના.
૬. અરિહંતના પર્યાય–વીતરાગ, સર્વજ્ઞ, તીર્થંકર, જિન, ઇત્યાદિ સર્વ પર્યાયની પ્રવૃત્તિ પણ સ્થાપનામાં છે, તેથી તે સમભિરૂઢ સ્થાપના.

પરંતુ તે સ્થાપનામાં કેવલજ્ઞાન, કેવલદર્શનાદિ ગુણ, ઉપદેશકતા આદિ ધર્મ નથી તેથી એવંભૂત નયનો ધર્મ તે સ્થાપનામાં નથી.

આ રીતે આ ઠવણા–સ્થાપના તે કાર્ય–અરિહંતતા સિદ્ધતારૂપ નિષ્પન્નતા તે ષટ્–છ નયે છે. એક એવંભૂત નય નથી. અહીં કહી ગયા તેમ શ્રી વિશેષાવશ્યકે પ્રથમના ત્રણ નય કહેલ છે અને અહીં છ નય કહ્યા તે ઉપચાર ભાવનાએ કહ્યા છે. સમભિરૂઢનું લક્ષણ વચન પર્યાયવર્તી છે, અને તે લક્ષણ સ્થાપનામાં લાગુ પડે છે તેથી છ નય સુધી સ્થાપના કહી.

હવે એ જિન પ્રતિમારૂપ સ્થાપના તે સમ્યકત્વી, દેશવિરતિ, સર્વ વિરતિને મોક્ષ સાધનનું નિમિત્ત કારણ છે. આ કારણનો ધર્મ કર્તાને વશ છે. આ નિમિત્તકારણપણું જિન પ્રતિમામાં સાત નયે છે તે કહે છેઃ—

૧. સંસારાનુયાયી જીવને એ જિનપ્રતિમા દેખીને અરિહંતનું સ્મરણ થાય છે, અથવા જિન વંદનથી જીવની સંમુખતા થાય છે ત્યારે સંમુખતાનું જે નિમિત્ત તે નૈગમનય નિમિત્ત કારણપણું.
૨. જિનપ્રતિમા દેખીને સર્વ ગુણનો સંગ્રહ–સાધકતાની ચેતનાદિ સર્વનો સંગ્રહ તત્વની અદ્ભુતતાને સંમુખ થાય છે તે સંગ્રહનય.
૩. વંદન નમનાદિક સાધક વ્યવહારનું નિમિત્ત તે વ્યવહારનય.
૪. તત્ત્વ ઇહા રૂપ ઉપયોગે જાગૃત કરવાનું નિમિત્ત તે ઋજુસૂત્રનય.
૫. સંપૂર્ણ અરિહંતપણાના ઉપયોગે જે ઉપાદાન–એ નિમિત્તે તત્ત્વ સાધનને પરિણમવું તે શબ્દનયે સ્થાપનાનું નિમિત્ત છે. સમ્યકત્વી પ્રમુખને તે છે.
૬. અનેક રીતે ચેતના વીર્યની પરિણતિ સર્વ સાધનતાને સંમુખ થઈ તે સમભિરૂઢ નય સ્થાપનાનું નિમિત્ત કારણ છે.

૭. આ સ્થાપનાનું કારણ પામી તત્ત્વરૂચિ તત્ત્વરમણી થઇને જે શુદ્ધ શુકલ ધ્યાનમાં પરિણમે તે સંપૂર્ણ નિમિત્ત કારણુતા પામીને ઉપાદાનની પૂર્ણ કારણુતા નીપજે તે એવંભૂત નયનયે સ્થાપના નિમિત્ત કારણુ છે. અર્થાત્ નિમિત્ત કારણનો એ ધર્મ છે કે તે ઉપાદાનને કારણપણે પમાડે, એને એ રીત છે કે ઉપાદાન કારણુ કાર્યપણે નીપજે, આથી જિન પ્રતિમા તે મોક્ષનું નિમિત્તકારણુ છે એ સાતનયે સિદ્ધ થયું.

આમાં સજ્જય ભવાદિદને શબ્દનય સીમકારણુ થાય; પુણ્યરૂચિને વ્યવહારનય સીમ નિમિત્ત કારણુ થાય, માર્ગાનુસારી સમ્યક્ત્વીનાં આઠ દૃષ્ટિ કે જે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહી છે તેમાંની પ્રથમની ચાર દૃષ્ટિવાળાને ઋજુસૂત્રનય સીમ નિમિત્ત કારણુ થાય, પુણ્યાઢયાદિકને એ જિનપ્રતિમા સંપૂર્ણ એવંભૂતનયે કારણરૂપ થાય એમ જણાય છે. તે વખતે અહીં ભાવનાએ એ થયું કે સ્થાપનામાં તો સંપૂર્ણ સાતનયરૂપ નિમિત્ત કારણુતા છે, પછી કાર્યનો કર્તા જયાંસુધી એને નિપજાવે ત્યાંસુધી તે તેટલું નીપજે તેથી આ સ્થાપના સમનય એટલે સાતે નયે કરી કારણઠાણી એટલે નિમિત્તકારણપણાનું સ્થાનક છે. આ સ્થાપના મૂળતો શ્રી અરિહંત પદના મૂળ બે નિક્ષેપવાળી છેઃ દ્રવ્ય અને ભાવ; પરંતુ નિમિત્ત કારણુ ચારનિક્ષેપ છે તે સાતનય સંયુક્ત છે; કારણ કે કહ્યું છે કે-**निमित्तस्यापि सप्तप्रकारत्वं नयप्रकारेण निमित्तस्य द्वैविध्यं द्रव्यभावात् । तथोपदानस्यापि सप्तप्रकारत्वं नयोपदेशात्–नो अभिहाणमणयं इति वचनात् ।**

**नत्थि एहि विहुणं सुत्तं अत्थो य जिणमए किंचि ।**
**आसज्जओ सोयारं नये नय विसारओ त्यूआ ॥—इति**

માટે નિમિત્તપણે સ્થાપના કહેતાં જિનપ્રતિમા અને જિનજી કહેતાં શ્રી અરિહંત એ બંને સમાન–તુલ્ય છે, એટલે વિચરતા અરિહંત તથા તેમની સ્થાપના–મૂર્ત્તિ એ બંને સમાન–બરોબર છે; તેથી વિચરતા અરિહંત તથા તેમની સ્થાપના એ બે સાધક જીવને નિમિત્તકારણુ છે, પરંતુ ઉપાદાન કારણુ નથી. સર્વમાં નિમિત્તતા છે એ આગમ એટલે સિદ્ધાંતની વાણી છે. અરિહંતને વાંદ્યાનું તથા અરિહંતની પ્રતિમાને વાંદ્યાનું ફલ સિદ્ધાંતમાં સરખું કહ્યું છે તેથી સમાન છે.

આત્માની સિદ્ધિ કરવાને શુદ્ધ નિમિત્ત નામે અરિહંત પ્રભુ છે અને તેથી તે પ્રભુના નામાદિ ચારે નિક્ષેપોનું અવલંબન કરવું આવશ્યક છે. આ સિદ્ધ કરવા શ્રીમદ્ દેવચંદ્રજી **શ્રીપદ્મ** પ્રભુસ્તવનમાં કહે છે કે:—

આત્મ સિદ્ધિ કારજ ભણીરે લાલ, સહેજ નિયામક હેતુ રે. વાલેસર,
નામાદિક જિનરાજનારે લાલ, ભવસાગર માંહે સેતુ રે. વાલેસર.
તુજ દરશન મુજ વાલહો રે લાલ. ૭

**વિવેચનઃ**—આત્મસિદ્ધિરૂપ કાર્ય કરવાને સહજ–અકૃત્રિમ નિયામક–નિર્ધારવાળા હેતુ–કારણુ જે શ્રી વીતરાગદેવ તે પામીને નિશ્ચયે ભવ્યજીવને મોક્ષ નીપજે. આ માટે નામાદિ એટલે (૧) અરિહંત એવું નામ તે શ્રવણથી, ઉચ્ચારણથી, સ્મરણથી પણ અનેક જીવ ગુણાવલંબી થઈ સમ્યક્ત્વ પ્રમુખ ગુણ પામીને સિદ્ધ થયા છે, તથા (૨) શ્રી અરિહંતની સ્થાપના એટલે મુદ્રા–સમતાનો સમુદ્ર, વિષય વિકાર રહિત અતિશયસંપન્ન જિ-

નની સ્થાપના દેખીને યોગ થંભ્યાથી ગુણીને અવલંબ્યાથી સ્વગુણાવલંબી થઈ અનેક જીવ સિદ્ધિ પામ્યા, તથા (૩) શ્રી પરમપ્રભુને દ્રવ્ય નિક્ષેપ–તે વિચરતા શરીર ધારી જિનરાજ તેના વિહારથી, ઉપદેશથી, સમવસરણના દર્શનથી અદ્‌ભુતતાને અવલંબી અનેક જીવ ગુણાવલંબી થઈ સ્વધર્મ સંપદા વરી સિદ્ધિ પામ્યા, તથા (૪) ભાવ નિક્ષેપ તે અરિહંત દ્રવ્યના કેવલજ્ઞાનાદિ ગુણ તથા અગુરૂલઘુતાદિ પર્યાય, તેની અનંત પરિણતિનું ભાસન, શ્રદ્ધાન, તથા રમણ—પોતાના તત્ત્વને અવલંબતાં મોક્ષરૂપ લક્ષ્મી પામ્યા, માટે અરિહંતના નામાદિ ચાર નિક્ષેપા છે તે ભવ રૂપી મહા સમુદ્ર મધ્યે સેતુ એટલે મોટી પાજ સમાન છે એટલે પ્રભુના નામાદિ ચાર નિક્ષેપાને અવલંબીને આત્મ સિદ્ધિ કરવી.

**જ્ઞાન.**—નામજ્ઞાન–કોઈપણ પદાર્થનું ' જ્ઞાન ' એવું નામ તે

સ્થાપના જ્ઞાન—જે જ્ઞાન ધર્મપુસ્તકાદિમાં અક્ષરરૂપે લખ્યું છે તે એટલે જ્ઞાનની અક્ષરરૂપે પુસ્તકમાં સ્થાપના કરવી તે

દ્રવ્યજ્ઞાન—ઉપયોગ વગર જૈન સિદ્ધાંતનું પઠન તેમજ અન્યદર્શનનાં શાસ્ત્ર ભણવાં તે

ભાવજ્ઞાન—નવતત્ત્વ તથા ષડ્ દ્રવ્ય સ્વરૂપ જાણી સદ્દ્વહી આત્મોપયોગ સંમુખ વર્તવું તે

**તપ.**—નામ તપ–કોઈનું ' તપ ' એવું નામ હોય તે

સ્થાપના તપ—પુસ્તકમાં તપની વિધિનું લેખન તે–અક્ષરરૂપે સ્થાપના તે.

દ્રવ્ય તપ—માસ ક્ષમણાદિક અનેક જાતનાં પુણ્યરૂપ તપ કરવાં તે.

ભાવ તપ—આત્માથી પર એવા સર્વ પદાર્થ પર ત્યાગ બુદ્ધિ તે.

આવશ્યક—ચાર નિક્ષેપે.

**નામાવશ્યક**—જીવ ( મનુષ્યાદિ ) નું, અજીવનું ( પુસ્તકાદિ ) અથવા બહુ જીવ અજીવોનું, યા ઉભયનું ' આવશ્યક ' એવું જે નામ તે.

( જે અવશ્ય કરવા યોગ્ય, અથવા જેથી આત્મા ગુણોને વશ કરે યા ગુણોથી વાસિત થાય તે ક્રિયાને આવશ્યક કહે છે.)

**સ્થાપના આવશ્યક**—કાષ્ઠ કર્મ આદિ દશ પ્રકારનાં કર્મમાં કોઈપણ પ્રકારમાં ક્રિયા અને ક્રિયાવાળા પુરૂષને અભેદ માનીને એક અથવા અનેક, સદ્‌ભાવ સ્થાપના ( આવશ્યક ક્રિયા યુક્ત સાધુની આકૃતિરૂપે ) યા અસદ્‌ભાવસ્થાપના (અનાકૃતિ રૂપે )આવશ્યકને સ્થાપિત કરવામાં આવે તે. નામથી સ્થાપનામાં આટલો વિશેષ છે કે નામ યાવત્કાલસુધી રહે છે, સ્થાપના ઈત્વિર કાલ વા યાવત્કાલ સુધી રહે છે.

**દ્રવ્યાવશ્યક.**

૧ આગમથી. જે સાધુ આવશ્યક સૂત્ર શિખ્યું છે, સ્થિર કર્યું છે, જીતી લીધું પ્રમાણ યુક્ત ભણ્યું છે, પરિપક્વ કર્યું છે પોતાના નામ પ્રમાણે યાદ કર્યું છે, ગુરૂએ બતાવ્યું તેમ તેનો ઉચ્ચાર કર્યો છે, અને તેના અર્થ પણ પૂછી યથાવત્ સમજી લીધાં છે, છેવટે ધર્મ કથા પણ કરી છે પરંતુ ક્રિયા કાલે આગમનું કારણરૂપ જે ' જીવદ્રવ્ય ' તે ઉપયોગ વગરનું હોવાથી તે દ્રવ્ય આવશ્યક છે. આવી રીતે દ્રવ્યાવશ્યક સપ્તનયમાં આવી રીતે ઉતરે છે.

**નૈગમનય**—એક ( દ્રવ્યાવશ્યક છે તેમાંથી એક ) ઉપયોગ વગરનું હોય તો એક (દ્રવ્યાવશ્યક

કહેવાય, બે હોય તો બે, ત્રણ હોય તો ત્રણ એમ જેટલાં ઉપયોગ વિનાનાં હોય તેટલા દ્રવ્યાવશ્યક નૈકામનય માને છે.

વ્યવહારનય—પણ તેવી જ રીતે માને છે.

સંગ્રહનય—એક વા અનેક, ઉપયોગવાળો યા ઉપયોગવાળા, આગમથી દ્રવ્યાવશ્યક, વા દ્રવ્યાવશ્યકોનો માને છે.

ઋજુસૂત્રનય—એક જ અનુપયોગવાળા એક જ દ્રવ્યાવશ્યક આગમથી માને છે. જુદું માનતો નથી.

શબ્દાદિ ત્રણનય—આવશ્યક સૂત્રાર્થમાં ઉપયોગવાળાને જ આવશ્યકરૂપ વસ્તુથી માને છે. અનુપયોગીને અવસ્તુ માને છે.

**૨. નો આગમથી દ્રવ્યાવશ્યક—ત્રણ પ્રકારે છે:—**

(૧) જ્ઞાયક (જાણગ) શરીર—આવશ્યક સૂત્ર પઠિત સાધુનું પ્રેત તે.

(૨) ભવ્ય (ભાવી) શરીર—નવ દીક્ષિતાદિ સાધુ કે જે આવશ્યક સૂત્ર શીખશે તે.

(૩) તદ્વ્યતિરિક્ત—એટલે જ્ઞાયક અને ભાવી શરીરથી જુદું, અર્થાત્ ઉપાદેય રૂપ પ્રચલિત આવશ્યકના વિષયથી ભિન્ન સ્વરૂપ. નામ પ્રમાણે સ્વરૂપને દર્શાવનારી ક્રિયા તે. તેના ત્રણ ભેદ છે.

(૧) લૌકિક—મુખ ધાવન આદિ જે જે ક્રિયાઓ લોકો અવશ્ય કરે છે તે.

(૨) કુપ્રાવચનિક—ચરકાદિક સાધુઓનું યક્ષાદિકનું પૂજન વગેરે અવશ્ય કર્તવ્યરૂપે થાય છે તે.

(૩) લોકોત્તરિક—જે જિનાજ્ઞાનો લોપ કરી સ્વચ્છંદપણે વર્તન કરનાર નામધારી જૈન સાધુ બની લોકને દેખાડવા પુરતી ક્રિયા કરનાર હોઈ તેને જે આવશ્યક કર્તવ્ય છે તે. અહીં માત્ર જૈનાગમનું ઉચ્ચારણ છે, પરંતુ ઉપાદેયરૂપ 'ભાવ' વસ્તુથી વ્યતિરિક્તપણું-જુદાપણું જ છે.

આની સમજૂતિ:—આ સૂત્રકારે કહેલ છે (આવશ્યક સૂત્રમાં) તે તીર્થંકરોના અરૂપી જ્ઞાનગુણના એક એક અંશની મુખ્યતાથી કહેલ છે. આ માટે જિનાજ્ઞાના પાલન કરનાર પુરૂષોને દ્રવ્ય નિક્ષેપના સ્વરૂપવાળી આવશ્યકની 'દ્રવ્ય ક્રિયા' જે છે તે આપણને આદરણીય સ્વરૂપવાળી છે; તથા તે પુરૂષોની પૂર્વ અવસ્થા અર્થાત્ દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છારૂપ અવસ્થા તથા અપર અવસ્થા-તેઓના મૃતક શરીરરૂપ અવસ્થા એ બંને પ્રકારથી દ્રવ્ય નિક્ષેપના વિષયરૂપે અવસ્થા છે તે પણ આપણને આદરણીયરૂપે છે. આ માટે જ આપણે દીક્ષા મહોત્સવ, અને તેમના મરણ મહોત્સવ કરીએ છીએ. માત્ર જે જિનાજ્ઞાની વિપરીત હોઇ લોકરંજન અર્થે ક્રિયાઓ કરે છે તે પુરૂષોના કર્તવ્યને ઉપાદેય સ્વરૂપથી વ્યતિરિક્તપણે અર્થાત્ અનુપાદેયપણે લોકોત્તરિક નામના ભેદથી નિષેધાઇ છે. પરંતુ તેથી દ્રવ્ય નિક્ષેપનો અનાદર કર્યો નથી. વળી જે નયોનું અવતરણ કરીને દર્શાવ્યું છે તે પણ ઉપાદેય સ્વરૂપે જ છે પણ નિરર્થકરૂપે નથી. કારણ કે જૈનોને સાતે નયોનું સ્વરૂપ માન્ય છે, અને જે સ્વચ્છંદચારીઓનું કર્તવ્ય 'તદ્વ્યતિરિક્ત'ના ભેદમાં 'લોકોત્તરિક' સ્વરૂપે દેખાય છે તે નયોના વિષયમાં પ્રવેશ પામી શકતું નથી, પરંતુ નયાભાસના રૂપમાં જ રહે છે. આ માટે ભિન્ન સ્વરૂપે વર્ણન કર્યું છે. આમાં વિશેષ એ છે કે શ્રાવકોની સમ્યક્ત્વની

કરણી આદિથી બારવ્રત સુધીની જે જે પ્રત્યેક વિષયરૂપની કરણી છે તે તે સર્વ કરણી, અને સાધુની પંચ મહાવ્રતાદિ આહાર ( શુદ્ધ ભોજન વ્યવહાર, ) વિહાર ( શુદ્ધ યાત્રા વ્યવહાર, ) વ્યાહાર ( શુદ્ધિ ભાષા વ્યવહાર, ) વ્યવહાર ( શુદ્ધ ક્રિયા વ્યવહાર ) આદિ જે જે ક્રિયાઓ પ્રત્યક્ષપણે જોવામાં આવે છે તે તે સર્વ ક્રિયાઓ ૧ નૈગમનય, ૨ સંગ્રહનય, ૩ વ્યવહારનય, ૪ ઋજુસૂત્રનય એ ચાર નયોની મુખ્યતાથી જ જૈન સિદ્ધાંતોમાં વર્ણિત કરાઇ છે-તેનું વર્ણન કરવામાં આવ્યું છે. અને આને લગતી ક્રિયાઓનો આદર કરવાથી જ આપણે લોકોમાં સિદ્ધરૂપ થઇ શકાશે; વળી આ દ્રવ્ય નિક્ષેપની વિષયભૂત ક્રિયાઓ પરિણામ ધારામાં વૃદ્ધિ કરવામાં પરમ કારણભૂત જ છે, આ માટે આ દ્રવ્ય નિક્ષેપ ક્રિયાઓ પણ નિરર્થકરૂપ નથી. અને જો નિરર્થકરૂપ માનવામાં આવે તો જૈન સિદ્ધાંતોમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે સર્વ ક્રિયાઓ નિરર્થક માનવી પડશે અને તેથી જૈનમતનો જ લોપ થશે.

**ભાવાવશ્યક.**

૧. આગમથી—જે આવશ્યકના જાણ સાધુ પુરૂષાદિ સૂત્રાર્થમાં ઉપયોગ સહિત વર્તી રહ્યા છે તે.

૨ નો આગમથી:—

(૧) લૌકિક—ભારત રામાયણાદિકનું શ્રવણ મનનાદિ તે.

(૨) કુપ્રાવચનિક—ચરક આદિનું હોમહવનાદિ તે.

(૩) લોકોત્તરિક—શુદ્ધ સાધુ આદિની બે વખતની પ્રતિક્રમણ ક્રિયા તે.

તાત્પર્ય—તીર્થંકરોના અરૂપી જ્ઞાન ગુણના એક અંશના આધારભૂત આવશ્યક છે. આવશ્યકના ત્રણ નિક્ષેપ ઉપર બતાવેલ છે. ભાવ નિક્ષેપમાં નોઆગમથી ત્રણ ભેદ પાડ્યા તેમાં (૧) લૌકિક, (૨) કુપ્રાવચનિક એ બે તો નામ માત્રથી ભિન્ન સ્વરૂપે છે, હવે નોઆગમથી (૩) લોકોત્તરિક આવશ્યક કહેલ છે તેનું તાત્પર્ય એ છે કે પ્રતિક્રમણમાં ઉઠવું, બેસવું વગેરે કરવું પડે છે, તેને દ્રવ્યાર્થિક ચાર નયોજ સ્વીકારે છે, પરંતુ શબ્દાદિ ત્રણ નયો છે તે તે ક્રિયાઓને જડરૂપ કહી માન આપતા નથી. ગ્રહણ કરતા નથી. આ માટે લોકોત્તરિક ભાવાવશ્યક સર્વથા પ્રકારે ઉપાદેય રૂપ ન હોવા છતાં નોઆગમના ત્રીજા ભેદમાં દાખલ કરવું પડ્યું છે. એમાં તો કેવલ નયોની વિચિત્રતા છે, બાકી અમે તો મુખ્યતાથી દ્રવ્યાર્થિક ચારે નયોને માન આપી દ્રવ્ય ક્રિયાનો પણ આદર કરનાર છીએ તેથી વ્રત પચ્ચખાણ શ્રાવક લે છે, સાધુ કરાવે છે કારણ કે તે ભાવનો વિષય છે એ તો જ્ઞાનીને જ ગમ્ય છે, તે આપણે સમજી શક્તા નથી.

**પ્રભુ સેવના.** દ્રવ્ય સેવ ચંદન નમનાદિક, અર્ચન વળી ગુણ ગ્રામોજી,
ભાવ અભેદ થાવાની ઇહા, પરભાવે નિષ્કામોજી.

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા.

—દેવચંદ્રજી

વિવેચનાર્થઃ—પ્રભુ સેવના ચાર પ્રકારની છે. ૧. નામ સેવના. ૨ સ્થાપના સેવના ૩ દ્રવ્યસેવના. ૪ ભાવસેવના. તેમાં નામ તથા સ્થાપના એ બે સેવના સુગમ છે, અને દ્રવ્ય નિક્ષેપે સેવનાના બે ભેદ છે તેમાં સેવના પદનો અર્થ વિધિ જાણે, પણ તે કાલે તે અર્થનો ઉપયોગ ન હોય તે આગમથી દ્રવ્ય સેવના કહીએ. ( अणुवओगो दव्वं-ઇતિ અનુયોગ દ્વાર વચનાત્); હવે બીજો નો આગમથી દ્રવ્ય નિક્ષેપ છે તેના વળી ત્રણ ભેદ છેઃ (૧) જે જે જીવો સેવનાભાવરૂપે પરિણમ્યા હતા ( અતીત કાલે ), પણ પ્રાણ મુક્ત થયા હોય તેના શરીર તે ज्ञ ( જ્ઞાયક ) શરીર દ્રવ્ય નિક્ષેપ છે (૨) જે જે જીવ હમણાં તો સેવનાપણે પરિણમ્યા નથી, પણ અનાગત કાલે ભાવ સેવનાપણે પરિણમશે તે ભવ્ય ( ભાવી ) શરીર દ્રવ્ય નિક્ષેપ કહીએ [ આ સર્વ ( આગમથી અને નોઆગમથી આ બે ભેદે ) દ્રવ્ય નિક્ષેપ છે તે નૈગમ નય પ્રમાણે છે ] આ બીજો ભેદ, અને (૩) જે સેવનાની પ્રવૃત્તિ અંતરંગ ભાવ સેવનાને કારણપણે વર્ત્તે તે તદ્વ્યતિરિક્ત નોઆગમથી દ્રવ્યસેવના—આમાં જે યોગના વંદન નમનાદિક પ્રવૃત્તિ તે વ્યવહારનયે દ્રવ્ય સેવના, અને જે અંતરંગ વિકલ્પે બહુ માનાદિક પ્રવૃત્તિ તે ઋજુસૂત્ર નયે દ્રવ્ય સેવના. આ રીતે દ્રવ્ય સેવનાનું સ્વરૂપ કહ્યું—એટલે અરિહંતના ચાર નિક્ષેપરૂપ કારણ દૃષ્ટિગોચર, શ્રવણ ગોચર, સ્મરણ ગોચરપણે પામીને જે જીવ વંદન, કરજોડન, નમન, મસ્તક નમાવવું, ઇત્યાદિક અભ્યુત્થાન, અંજલિ આધીનતાદિ કારણ ચંદન પુષ્પાદિકે અર્ચન, કરીને વળી ગુણ ગ્રામ મુખથી મધુર ધ્વનિએ કહેવા તે દ્રવ્ય સેવા જાણવી; અને જે આત્મા સંસારપરાંગમુખ અરિહંતના ગુણનું અત્યંત બહુમાન અસંખ્યાત પ્રદેશે અરિહંતની અરિહંતતાનું આશ્ચર્ય -અદ્ભુતતા તથા અરિહંત નિમિત્તના વિરહે અક્ષમતા અને અરિહંત ઇહારૂપ પરિણામ તેથી અભેદપણે થવાની ભાવપણે નિપજાવવાની ઇહિા તે દ્રવ્ય સેવા ગણાય છે. ભાવરૂચિ પણ વિના દ્રવ્યપ્રવૃત્તિ તે બાળલીલા સમાન છે તેથી અહીં કહ્યું છે કે ભાવથી અભેદ થવાની ઇહિા સહિત તે દ્રવ્ય સેવા જાણવી. દ્રવ્ય પ્રવૃતિ વિના એકલો ભાવ ધર્મ પણ તત્ત્વાર્થ ટીકામાં આચાર્યે સાધન કહેલ છે તેમજ *સમ્મતિ ગ્રંથમાં પણ તેમજ કહ્યું છે; એટલે જો કે ભાવધર્મ મુખ્ય છે અને દ્રવ્ય વિના ભાવ ગુણકારી છે. પરંતુ ભાવસાધ્યરૂચિ વિના એકલો દ્રવ્ય નિક્ષેપ કામનો નથી એ પરંપરા છે. વળી પરભાવ એટલે આત્મધર્મથી અન્ય પુણ્ય બંધ, શુભ કર્મના વિપાક—તેની કામના—અભિલાષા વગરની દ્રવ્ય સેવના ઉપયોગી જાણવી.

હવે ભાવનિક્ષેપે સેવનાના બે ભેદ છે (૧) આગમથી ભાવ સેવના—જે પુરૂષ ભાવ સેવનાના પદના અર્થને જાણતો હોય અને સાથે ઉપયોગે પ્રવર્ત્તે તે પુરૂષની સેવના. આ નિક્ષેપ આધારાધેયનો અભેદ ગ્રહીને થયો. (૨) નોઆગમથી ભાવ સેવના—જે જીવ ભાવ

* चरण करणप्पहाणा ससमय परसमय मुक्कवा वारा ।
यरण करणस्स सारं नत्थिय सुद्धं न याणंति ॥
नाणाहीट वरतरं हीणो विहुपवयणं पभावंतो ।
नय दुक्करं करंतो सुव्वंविअप्पागमो पुरिसो ॥

સમ્મતિ તર્ક.

સેવનામાં પરિણમવાથી ભક્તિ સાધનાની પરિણતિ તે. અહીં વસ્તુ ધર્મે વિચારતાં આત્મ દ્રવ્યમાં સેવ્ય સેવક ભાવ નથી.

**અધ્યાત્મ.**

શ્રીમાન મહાત્મા આનંદઘનજી સ્તવે છે.

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે ?

—શ્રી શ્રેયાંસજિન અંતરજામી. ૪

વિવેચનાર્થ:—અધ્યાત્મ ક્રિયાના ચાર પ્રકાર છે; તેમાં પ્રથમ અધ્યાત્મ શબ્દનો માત્ર અર્થ પણ ન જાણે, અને જે પૂછે તેને કહે કે 'અમે અધ્યાત્મી છીએ' તે નામ અધ્યાત્મ, બીજો પ્રકાર અધ્યાત્મ સ્વરૂપનું અક્ષર વિન્યાસ આદિ સ્વરૂપ તે સ્થાપના અધ્યાત્મ, ત્રીજો પ્રકાર રેચક, પુરક, કુંભકાદિ પ્રાણાયામના ભેદથી બાહ્યવૃત્તિએ એવું ધ્યાન બતાવે કે જેમાં મને દેખી લોકો એમ જાણે કે તેણે અંતરવૃત્તિએ આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું દેખાય છે, પરંતુ પોતે તો કોરાને કોરા હોય, તે દ્રવ્ય અધ્યાત્મ. આ ત્રણે અધ્યાત્મ છાંડવા યોગ્ય છે, તેથી તેઓને તજી ઘો, અને ચોથો પ્રકાર જે આત્મ સ્વરૂપમાં રમણતા સહિત ક્રિયામાં પ્રવર્તનરૂપ ભાવ તે ભાવ્ય અધ્યાત્મ—તે આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણોને સિદ્ધ કરે, નિર્મલ કરે માટે અહો ભવ્યો! જો તમારે નિજગુણની સિદ્ધતા કરવી હોય તો ભાવ અધ્યાત્મની જ રટના કરો.

આવી રીતે દરેક વસ્તુમાં આ ચારે નિક્ષેપ ઘટાવી શકાશે. ચારે નિક્ષેપમાં છેલ્લો ભાવનિક્ષેપ સત્ય, સહજ અને ઉપયોગી છે બાકી અન્ય જો કે ભાવનાં કારણ છે છતાં તે આરોપિત છે, અપ્રમાણ છે; તે જેટલા ભાવનિક્ષેપની નિષ્પત્તિ અર્થે થાય તેટલા પ્રમાણ—સત્ય છે.

## ૬
## નયની સાથે નિક્ષેપનો સંબંધ.

આગમસારમાં શ્રીમદ્ દેવચંદ્રજી કહે છે કે શબ્દનયમાં વ્યાકરણથી નિપજેલા અને બીજા પણ સર્વ શબ્દનો સમાવેશ થાય છે. તે શબ્દ નયના ચાર ભેદ છે ૧. નામ. ૨. સ્થાપના. ૩. દ્રવ્ય અને ૪. ભાવ, અને ચાર નિક્ષેપનાં પણ એજ નામ છે. આમ કહી ચારે નિક્ષેપ વર્ણવે છે; પરંતુ ક્યા ક્યા નયો ક્યા ક્યા નિક્ષેપને સ્વીકારે છે તે તેમાં સ્પષ્ટ કર્યું નથી.

આ સંબંધમાં બીજાં પુસ્તકો અવલોકતાં એમ જણાય છે કે નૈગમનય સંગ્રહનય, અને વ્યવહારનય બધા નિક્ષેપને સ્વીકારે છે. જ્યારે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂતનય ફક્ત ભાવનિક્ષેપને સ્વીકારે છે. કેટલાક આચાર્યો એમ કહે છે કે ઋજુસૂત્ર બધા નિક્ષેપોને માન્ય કરે છે. જો આમ હોય તો ઋજુસૂત્ર અને વ્યવહારમાં તફાવત રહે નહિ. ( છતાં તેમાં એટલો ભેદ રહી શકે કે વ્યવહાર ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેને માન્ય કરે છે અને ઋજુસૂત્ર માત્ર વર્તમાનનેજ સ્વીકારે છે ); વળી ઋજુસૂત્ર પોતાને ભાવનય કહેલ છે, અને ભાવનિક્ષેપ ભાવનયમાંજ છે.

શ્રી જિનભદ્ર ગણી ક્ષમા શ્રમણે ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર અને ૪ ઋજુસૂત્ર એ આદ્યનયને દ્રવ્યાર્થિકપણે દ્રવ્યનિક્ષેપે માન્યા છે અને ૫ શબ્દ, ૬ સમભિરૂઢ અને

૭ એવંભૂત એ ત્રણનયને પર્યાયાર્થિકપણે ભાવનિક્ષેપે માન્યા છે, અને સિદ્ધસેન દિવાકરે આદિના ત્રણનયને દ્રવ્યપણે કહ્યા છે અને ઋજુસૂત્રાદિક ચારનયને ભાવપણે કહ્યા છે. આમાં આશય એ છે કે વસ્તુની ત્રણ અવસ્થા છે. ૧. પ્રવૃત્તિ ૨ સંકલ્પ ૩ પરિણતિ. તેમાં જે યોગ વ્યાપારરૂપ સંકલ્પ એટલે ચેતનાના યોગ સહિત મનના વિકલ્પ તેને શ્રી જિનભદ્ર ગણી ક્ષમાશ્રમણ પ્રવૃત્તિ ધર્મ કહે છે તથા સંકલ્પ ધર્મને ઔદયિક મિશ્રપણાથી દ્રવ્ય નિક્ષેપે કહે છે, માત્ર એક પરિણતિ ધર્મને ભાવનિક્ષેપ કહેલ છે.

અને સિદ્ધસેન દિવાકરે વિકલ્પને ચેતના માટે ભાવનય ગવેષ્યો છે; અને પ્રવૃત્તિની સીમા વ્યવહારનય છે, અને સંકલ્પ તે ઋજુસૂત્રનયમાં છે; તથા એક વચન પર્યાયરૂપ પરિણતિ તે શબ્દનય છે, અને સકલ વચન પર્યાયરૂપ પરિણતિ તે સમભિરૂઢ નય છે, તથા વચનપર્યાય અર્થપર્યાયરૂપ સંપૂર્ણ પરિણતિ તે એવંભૂત નય છે. માટે એ શબ્દાદિક ત્રણ તે વિશુદ્ધનય છે. ભાવધર્મમાં મુખ્ય ભાવ તે ઉત્તરોત્તર સૂક્ષ્મતાનો ગ્રાહક છે.

૭.

( ચેતાવું ચેતી લેજોરે એક દિન જરૂર ઉડી જાવું—એ દેશી )

સુણજો ભવિજન ભાઈરે, સાધન ભાવ નિક્ષેપે સાચું,
ભાવ નિક્ષેપે ગ્રંથિભેદ કરતાં, સમકિત ભાવે રાચું. સુણજો. ૧
ભાવે ધ્યાન રંગે નાચું, ભાવે શિવસુખ લહિયે જાચું,
એ વિણ સાધન સર્વે કાચું—સુણજો.
દ્રવ્યનિક્ષેપ કહ્યો અનોપયોગે, અનુયોગદ્વાર સિદ્ધાંતે,
ભાવનિક્ષેપ ઉપયોગે દાખ્યો, તે લહો ભવિ શાંત દાંતે— સુણજો. ૨
દ્રવ્યપ્રાણને ચેતન જાણી, દ્રવ્યનિક્ષેપે ક્રિયા કરતો,
જીવાજીવ સત્તા ભિન્ન ન જાણે, વ્યવહારમાર્ગે એ બાળ રમતો. સુણજો. ૩
ક્રિયામાં લિંગમાં ચરણ આરોપે, ભાવ અપેક્ષા ન રાખે,
નિમિત્ત ઉપાદાન ભેદ ન સમજે; તે શિવસુખ કદિયે ન ચાખે. સુણજો. ૪
એ દ્રવ્ય નિક્ષેપ કહ્યો તે કરતાં, સંસારવાસ ન છૂટે,
કર્મબંધ કરી ચઉ ગતિ ભટકે, ભાવનિક્ષેપે સંસાર ખૂટે. સુણજો. ૫
હેય ઉપાદેય બુદ્ધિ લહીને, ભાવનિક્ષેપો ભાવો,
હેય ઉપાધ પરવસ્તુ છંડી, ઉપાદેય શુદ્ધાત્મ નિજ ધ્યાવો. સુણજો. ૬
એ ભાવનિક્ષેપો શિવહેતુ દાખ્યો, સ્વરૂપ રમણમાં રાખ્યો,
ભાવ ઉપશમ ક્ષયોપશમ ક્ષાયક, લહો ઉપયોગે જ્ઞાનીએ ભાખ્યો. સુમજો. ૭
ક્ષાયક ભાવને કાર્ય માનો, ક્ષય ઉપશમ કારણ જાણો;
શક્તિ વ્યક્તિ લહિયે તે સાધન, જ્ઞાનશીતળ વચન પ્રમાણો. સુણજો. ૮

[ આ સર્વ મેં જૂદા જૂદા ગ્રંથમાંથી વ્યવસ્થિત રીતે એકઠું કરેલું છે તેનો ઉદ્દેશ માત્ર અભ્યાસ કરવાનો હતો. આમાં સુધારો વધારો કોઈ સુજ્ઞ સૂચવશે, યા કોઈ રોચક અને સરલ શૈલીથી નવા લેખો લખશે એ હેતુથી આ લખાયાને લગભગ દશ વરસ થયા છતાં તેને તે સ્થિતિમાં અત્ર આ લાંબા લેખને મૂકવામાં આવ્યો છે.

—મોહનલાલ દલીચંદ દેશાઇ ].

# बनारस हिंदु युनीवर्सीटी फंड.

અગ્યારમી શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ જેનું અધિવેશન કલકત્તા મુકામે ૧૯૧૭ ના ડીસેમ્બરની આખરે કરવામાં આવ્યું હતું તેની બેઠક દરમ્યાન બનારસ હિંદુ યુનીવર્સીટીમાં અભ્યાસ કરવા ઇચ્છતા જૈન ઉમેદવારો માટે એક હોસ્ટેલ તથા જૈન મંદિર તથા સ્કોલરશીપ વિગેરે આપવા માટે એક ફંડ ખોલવામાં આવ્યું હતું તેમાં આખા હિંદુસ્તાનના ભેગા મળેલા જૈન બંધુઓએ બહુ ઉત્સાહ સાથે ઘણી સારી ઉદાર રકમો ભરી આપી તે ફંડનું ઉપયોગીપણું કબુલ રાખ્યું હતું. એ ફંડના નાણા મુંબઇની શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી તથા કલકત્તા મુકામે એ કામ માટે ખાસ નિમાયલા સેક્રેટરી રા. રા. બાબુ રાજકુમારસીંહજી બદ્રિદાસજી તરફથી એકઠા કરવામાં આવ્યા છે જેમાં નીચે જણાવેલા ગૃહસ્થોએ પોતે ભરેલી રકમો મોકલી આપવા મહેરબાની બતાવી છે અને બાકી રહેલા નાણા ભરાવેલ બંધુઓને મુંબઈની શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી અરજ કરવામાં આવે છે કે તેઓએ ભરેલી રકમો જલ્દીથી મોકલી આપી પહોંચ મંગાવી લેવી. જેથી આપણા યુવાનોને કેળવણી માટે બનારસની હિંદુ યુનીવર્સીટીમાં સગવડો મળે તે માટેનું કામ લાગતા વળગતાઓ તરફથી જલ્દીથી હાથ ધરવામાં આવે. આશા રાખીએ છીએ કે અમારા માનવંતા બંધુઓ આ નમ્ર અરજ તરફ જરૂર ધ્યાન આપશે.

## મુંબઇખાતે વસુલ આવેલ રકમનું લીસ્ટ.

| | | | |
|---|---|---|---|
| ૧૨૫૦૦) | શેઠ ખેતશીભાઇ ખીઅશી. જે. પી. | ૨૫૧) | શેઠ ધનજી ખીમજી. |
| ૨૫૦૧) | સૌ. બાઇ વીરબાઇ શેઠ ખેતશીભાઇ ખીઅશીના ધર્મપત્નિ. | ૨૫૧) | „ પુનશી દેવશી. |
| | | ૨૫૧) | „ સોમચંદ ધારશી. |
| ૧૦૦૧) | શેઠ માણેકજી જેઠાભાઈ. | ૧૦૧) | „ મણશી લખમશી. |
| ૧૦૦૧) | „ વેલજી શીવજી. | ૨૫૧) | „ લાલજી ડુંગરશી. |
| ૧૦૦૧) | „ મોતીલાલ મુળજીભાઇ. | ૫૦૧) | „ ખીઅશી બુધા. |
| ૧૦૦૧) | „ જમનાદાસ મોરારજી. | ૫૦૧) | „ ઘેલાભાઇ ગણશીની કું. |
| ૭૫૨) | „ મુળજી લખમશી વારાઇ. | ૨૫૧) | „ લાલજી હરશી. |
| ૭૫૧) | „ તેજુભાઇ કાયા. | ૨૫૧) | „ દેવશી રાયશી ઝવેરી. |
| ૭૫૧) | „ હીરજી નેણશી. | ૨૫૧) | „ જગશીભાઇ ખીમજી. |
| ૭૫૧) | „ મુળજી ધારશીની કું. | ૨૫૧) | „ દેવરાજ ટોકરશીભાઇ. |
| ૨૫૧) | „ દેવજી ખેતશી નાગડા. | ૧૫૧) | „ ચાંપશીભાઇ પરબત. |
| ૫૦૧) | „ લાલજી ઠાકરશી. | ૫૦૧) | „ કાળીદાસ જસરાજ. |
| ૫૦૧) | „ ટોકરશી મુળજી | ૧૦૧) | „ નગીનદાસ પુનમચંદ નાણાવટી. |
| ૫૧) | „ વીરજી ગંગાજર. | ૨૫૧) | „ કલ્યાણચંદ શોભાગચંદ ઝવેરી. |
| ૫૦૧) | „ ટોકરશી કાનજી. | ૨૦૧) | „ ભાણજી મુળજી. |
| ૨૦૧) | „ પદમશી રતનશી હ. જીવરાજ નરસી. | | |
| ૭૫૧) | „ હીરાલાલ અમૃતલાલ શાહ. | | |

૨૯૦૮૨)

## કલકત્તાખાતે વસુલ આવેલ રકમનું લીસ્ટ.

૧૦૧) શેઠ પોપટલાલ ઠાકરશી–વઢવાણ કાંપ.
૧૦૧) „ હરગોવીંદ ડાયાભાઈ.
૫૧) „ ભેરૂજી છોગાલાલજી કલકત્તા.
૨) „ મોતીલાલજી જોહરીલાલજી „
૪) „ ગણેશલાલજી ભુરાલાલજી „
૧) „ માણેકચંદજી શેઠ. „
૨) „ કનૈયાલાલજી ભણશાળી. „
૪) „ માધવલાલજી રીખવચંદજ. „
૫) „ પ્યારેલાલજી. „
૧૫) „ ચુનીલાલના ધર્મપત્નિ. „
૨૫૧) „ વલભજી હીરજી એન્ડ કો. „
૧૦૦૧) „ નાગજીભાઇ ગુણપત. „
૭૫૧) „ ઉમરશી રાયશી. „
૫૦૧) „ અમુલખ દેવચંદ. „
૨૬॥ „ કેશવજી કસ્તુરચંદજી. „
૧૦૦૧) „ સમીરમલજી સુરાણા. „
૫૦૧) „ રાવતમલજી ભેરૂદાનજી કોઠારી. બીકાનેર.
૧૦૧) „ અંબાલાલ ધરમચંદ.
૫૧) „ હેમચંદ સોમચંદ.
૧૦૦૧) „ સરવસુખજી પુરણચંદજી.
૫૦૧) „ ગણેશદાસ ખેમચંદ.
૨૫૧) „ ઇંદ્રજી સુંદરજી. કલકત્તા.
૨૫૧) „ રવજી રાઘવજી. „
૧૦૧) દોશી ઇંદ્રજી લાલજી. „
૫૦૧) શેઠ કેશવજી એન્ડ કો. „
૫૧) „ ફુલચંદ મૂલચંદ પારેખ.
૨૦૧) „ મણીલાલ સુરજમલ ઝવેરી–મુંબઈ
૧૦૧) „ ભગવાનદાસજી હીરાલાલજી.
૧૫૧) „ હીંદુજી ભીખુજી મદ્રાસવાળા.
૫૧) „ ભેરાજી માણેકચંદજી. „
૫૦૧) „ મનસુખભાઈ દોલતચંદ–રંગુન.
૨૦૧) „ મોહનલાલ મગનલાલ ઝવેરી–મુંબઇ
૨૫૧) „ ધારશીભાઇ નાનજી.
૫૦૧) „ દેવકરનદાસ ગોકુળદાસ. બીકાનેર.
૧૦૦૧) „ સુગનચંદજી રૂપચંદજી.
૨૫૦૧) „ રામચંદ જેઠાલાલ. કલકત્તા.
૫૧) બાબુ કેશવચંદજી કોચર. „
૫૦૧) શેઠ પ્રેમજી નાગરદાસ. મુંબઇ.

———

૧૩૧૩૫॥

---

# જૂનાં સુભાષિત.

**યત:—**

એ દોઉ આવત એક મગ્ગ, પૂત મૂત કહે નંદ;
પૂત સપૂતીનાં કરે, તો પૂત મૂત થઇ મંડ.
કુલમાં દીવો હોય, જગદીવા દિસે ઘણા;
તારે તે જન હોય, ચાંદ વિહૂણા ચાંદુયા.

---

નમના નમના સબ કહે, નમનામે બીગનાંન;
કપટી માણસ દુઉં નમે, ચીતા ચોર કમાણ.
જો કોઇ નમે સો આપકું, પરકું નમે ન કોય;
થાલિ તરાજૂ તોલીયે, નમે સો ભારી હોય.

---

દાદુ દુની આંબાવરી, ડરીએ લોક બલાય;
બિન દેષી બિન સાંભલી, કહત બનાય બનાય.
સરિખે સરિષા જો મિલે રે, તો કીજે ગુણગોઠિ;
મૂરષસ્યું મીલીયઇ નહીરે, વાત ન આવે હોઠરે.

---

જે નર રૂપે રૂઅડા તે નર નિગુણ ન હોય;
સોના કેરે પાંજરે, કાગ ન ઘાલે કોય.
જાણપણું જગદોહિલું, ધન કાલાહિ હોય;
જલ જલ કમલ ન નીપજે, ઘર કેં કોણ ન હોય.
લાષે એક લષેસરી, સહસ્સે એક સુવાણ;
જેતા બાંધે પાઘડી, તેતા પુરૂષ ન જાણ.

---

ધર્મવતી બેટી ભલી, કાહ અધમી પૂત;
છાલિ કે ગલિ દોય ઘણાં, તામૈં દૂધન મૂત.

---

આસણ કેરૂં ગૂબડું, ખિણ ખિણ ખટકે જેહ;
ધર્મ કથાંમાં વાત કરૈ, તેહવૂં વાહલૂં તેહ.

---

તેજી નષમે તાજણો, ષતિન સહઇ ષગધાર;
સુરા મરણજ આગમૈં, પણ ન સહઇ તુકાર.

---

રૂપે રૂડા મોર, પ્રીતે પારેવાં ભલાં;
ધાન વિણા સણ ઢોર, પાઘડિયાલાં પાલઉત.
વાંઝિ ન જાણે વેદના, પૂત્ર પ્રસવ તાંહ;
પ્રીત ન જાણે પાલીયાં, જૂગતિ જાલવતાં.
યાતો ઘર હે પ્રેમકા, ષલાંકા ઘર નાંહિ;
સીસ સટોસટિ સાટવઈ, તવ પેસે ઘરમાંહિ.

---

તરૂવર કબહુ ન ફલ ભષઇ, નદી ન પીવઇ નીર;
પરમારથ કે કારણઇ, સજ્જન ધર્યા સરીર.
વિરલા જાણંતિ ગુણા, વિરલા પાલંતિ નિદ્ધણા નેહા;
વિરલા પરકજ્જ કહા, પરદુષિએ દુખિઆ વિરલા.
ધન ઉપગારી માણસાં, પરની પીડ હરંત;
સાંઇ તેહનિં રાષસ્યૈં, હાથૈ છાંહ કરંત.

---

### કવિત.

લજ્જાવંત દયાવંત પ્રશાંત પ્રતીતવંત, પર દોષકે ઢકૈયા પરઊપગારી હેં;
સોમ દષ્ટી ગુનગ્રાહી ગરિષ્ટ સબકો ઇષ્ટ શિષ્ટ પક્ષી મિષ્ટવાદિહેં.
વિશેષગ્ય રસગ્ય કૃતગ્ય ધર્મગ્ય, નદીનન અભિમાની મધ્યમ ધારી હે;
સહજ વિનીત પાસ ક્રિયાસો અતી, એસો શ્રાવક પુનીત ઇકઇસ ગુનધારી હે.

---

ધન યોવન ઠકુરાઇયાં, સદા કાલ ન હોય,
જ્યું ફૈષાં ત્યું માનવી, છાહ ફિરંતી જોય.
કબહુંક માણસ લાષ લહે, કબહુંક લાષ સવાય;
કબહુંક કોડિ મુલ્ન લહઈ, જબ વા વાયક વાય.

---

### કાવત.

આપ રહેં મદમસ્ત નીરંતર, પાપ કરેં ન ડરેં કછૂ પ્રાની;
નિપટક પટકી બાત બનાયકેં, લોકમેં આય કહેં હમ ગ્યાની,
કહે કછુ ઓર કરેં કછૂ ઓર પેં ચિત્તમેં જાનત યુંહી અગ્યાની,
સાહિબ આગેં તો હોયગો ન્યાયરૂ દૂધકો દૂધ અરૂ પાનીકો પાની.

---

જે કો બાડ બિરાણી તાણેં સો અપની ક્યું રાષેં,
બોહેં બીજ ધતૂરા કેરા, અમૃત ફ્લ ચાષેં.

---

સતીઆં સત્ત ન છોડીઇ, સતિ છોડિં પતિ જાય,
સતિકી બાંધી લચ્છમી, બહોતિ મિલેગી આય;
સેઉ સત કો ચિણેં ભલે, કહા અસતકી દ્રાષ,
જો પંચન મેં પતિ રહી, તો માનો પાએ લાષ.

---

### કવિત.

એક અહીરની ચલી પયએચન, પાની મિલાય ભઇ સપરાણી,
લોભકેં લચ્છન પાપ કરે જીઉં જાનત હેં એક આતમ ગ્યાની;
જાય બજારિ મઇ બેચિ દિઉં, તવ દૂન ભએ મનમાં હરષાંણી,
વાનર ન્યાય કીઉં અતિ ઉત્તમ, દૂધકો દૂધ અરૂ પાનીકો પાની.

---

જે જેહવી કરણી કરી તે તેહવાં ફ્લ લેહ,
કુડે કામ કમાયરિં સાંઇ દોસ મ દેહ.

---

સોનો ચંદન સપ્પુરિસ, આગણ પીડ સહંત,
કુલ કસવટ્ટે જાણીઈ, પર ઉપગાર કરંત.

---

કાગા કિસકા ધન હરે, કોયલ કિસકું દેય,
જીભ તણેં ટહૂકડઇં, જગ અપ્પણો કરેહ.

---

બાલ બોલાવણુ બેસણું, બીડું બે કરજોડિ,
જે ઘરિ પંચ બળા નહી, તે ઘર દૂરિ છોડિ.

---

નમન પદારથ નયન ધન, નયને નયન મિલંત,
અણજાણ્યો સ્યું પ્રીતડી, પહિલા નયન કરંત;
નયનાંકી ગતિ અકલ હે, મતકો લખી ન જાય,
લાષ લોકમેં ભેદ કે, સસનેહી પેં જાય.

---

કડવો લાગે લીંબડો, મીઠી લાગેં છાંહ,
બંધવ હોય કબોલણા, તોહેં પોતાની બાંહ·

---

સહ. દેસી સજ્જન ભલા, દીઠે મન વિકસંત,
પરદેસીસું પ્રીતડી, દૂર રહ્યાં હી ઝૂરંત.

---

ડુંગર દેવ બલીયાંહ, રૂપે હીરઇ પાલટી,
વાંભે નવી વલિયાંહ, સજ્જન વિછોયાં માનવી;
કટકા કાઢજારા, તે વલી ફાટા નિરવણુ,
રે કાળજ ફુલા તું, સાજણવણુ સાજો રહ્યો.

---

*પાણી પાંપિણ હેઠ, આવ્યાતું અચરિજ કિશું,*
સાચો જાણુત નેહ, લોહી આવત લોયણે.

---

સં. ૧૭૫૫ માં શ્રાવક ગોડીદાસ કૃત નવકાર રાસ લ૦ સં. ૧૭૯૩ કા. શુ. ૫ માંથી
**[ સંગ્રાહક—મોહનલાલ દ. દેશાઈ ].**

---

# नेमि चरित काव्य.

[ ગિરનાર અને સૌરાષ્ટ્ર સંબંધી હકીકત. ]

અનુવાદક—મોહનલાલ દલીચંદ દેશાઇ. B. A. L. L. B.

**૧ નામ**—કાવ્યમાલાના બીજા ગુચ્છકમાં આ કાવ્ય 'નેમિદૂત' ના નામથી પ્રકાશિત થયું છે, પરંતુ વાસ્તવમાં આનું નામ 'નેમિ ચરિત' માલૂમ પડે છે. ગ્રંથકારે પોતે આના છેલ્લા શ્લોકમાં **नेमेश्चरितविशदं** એમ જણાવેલ છે તે પરથી આનું નામ 'નેમિ ચરિત' જ પ્રતીત થાય છે. આ 'મેઘદૂત' ના ઢંગનું કાવ્ય છે અને મેઘદૂતના શ્લોકનું એક ચરણ લઈ આ કાવ્યની રચના કરવામાં આવી છે; અને તેથીજ કદાચ આને 'નેમિદૂત' નામ મળ્યું હશે, પરંતુ યથાર્થ જોઇએ તો આમાં 'દૂત'પણું કંઈ પણ નથી. આમાં નતો નેમિનાથને દૂત બનાવેલ છે, ન તો કોઇ બીજો દૂત બનાવવામાં આવેલ છે. રાજીમતીએ

નેમિ ભગવાનને સંસારાસક્ત કરવા માટે જે જે પ્રયત્ન કર્યા છે, જે જે અનુનય વિનય કર્યા છે, અને જે જે વિરહ વ્યથાઓ સંભળાવી છે તેનું વર્ણન આપવા માટે આ હૃદય-દ્રાવક કાવ્ય રચવામાં આવ્યું છે. અંતે રાજીમતીના સર્વ પ્રયત્ન નિષ્ફલ થયા છે; નેમિનાથે તેણીને સંસારનું સ્વરૂપ સમજાવ્યું, વિષય ભોગોનાં પરિણામ બતાવ્યાં, માનવ જન્મની સાર્થકતા દર્શાવી અને તેનું ફલ એ થયું કે રાજીમતી પોતે દેહભોગોથી ઉદાસ થઇ સાધ્વી થઇ ગઈ. જો અંતના બે શ્લોકોમાં આ પાછળ જણાવેલી વાતો કહેવામાં ન આવી હત તો આ કાવ્યનું 'રાજીમતી–વિપ્રલંભ' અથવા 'રાજીમતી–વિલાપ' અથવા એવું જ કોઇ બીજું નામ અન્વર્થક થાત; પરંતુ છેલ્લા શ્લોકોથી આ કાવ્યમાં નેમિનાથને પ્રધાનતા મળી ગઈ છે–રાજીમતીનો સર્વ વિરહવિલાપ તેના અટલ નિશ્ચય અને ઉચ્ચ ચરિત્રનો પોષક થયો છે. આથી એમાં સંદેહ નથી કે આનું 'નેમિ ચરિત' નામ બહુજ વિચારીને રાખવામાં આવ્યું છે.

૨. **રચના**—આ કાવ્યની રચના ઘણી સુંદર અને ભાવપૂર્ણ છે. શબ્દ સૌષ્ઠવ પણ સારૂં છે, પરંતુ સ્થળે સ્થળે ક્લિષ્ટતા આવી છે. દૂરાન્વયતા (મારી મચડીને અર્થ કરવો તે) ઘણી છે. પ્રયત્ન કરવાથી વિશેષ પરિશ્રમને લઇને કવિનો હૃદયગત આશય સમજાય છે પરંતુ તેમાં કવિનો દોષ નથી તેને તો લાચાર થઇને તેમ કરવું પડયું છે. કવિકુલ–ગુરૂ કાલિદાસના સુપ્રસિદ્ધ કાવ્ય મેઘદૂતના પ્રત્યેક શ્લોકના ચોથા ચરણને પોતાના પ્રત્યેક શ્લોકના ચોથા ચરણ તરીકે ગણી કવિએ આ કાવ્યની રચના કરી છે.× આવી દશામાં–ચોથા ચરણોના શબ્દો, વાક્યો અને તેના આશયોને અધીન બની કવિ બીજું શું કરી શકે? પોતાના હૃદયગત ભાવો જ્યારે બીજા કવિના શબ્દો, વાક્યો અને આશયોદ્વારા રોકાઈ ગયેલા માર્ગમાંથી પ્રગટ કરવા સિવાય તેને બીજો કોઇ રસ્તોજ રહેતો નથી. આવી પરિસ્થિતિમાં કાવ્યમાં ક્લિષ્ટતા અવસ્ય આવવી જોઇએ, કિન્તુ આ પરાધીન કાર્યમાં પણ કવિએ જે કાવ્યકૌશલ્ય બતાવ્યું છે અને જે માર્મિકતાનો સાક્ષાત્કાર કરાવ્યો છે તેથી અનુમાન થઇ શકે તેમ છે કે જો કવિ પોતાના ભાવોને સ્વચ્છતાપૂર્વક પ્રકટ કરવાનો–પોતાની ભાવધારાને અસ્ખલિત વહેરાવવાનો અવસર પ્રાપ્ત કર્યો હોત તો એમાં કોઈ સંદેહ નથી કે આ કાવ્ય વિશેષ ઉચ્ચ શ્રેણીનું કાવ્ય બનત.

જ્યારે મેઘદૂતને સામે રાખી આ કાવ્ય વાંચવામાં આવે અને મેઘદૂતના ચોથા ચરણોના મૂલ ભાવોની સાથે આ કાવ્યના ચોથા ચરણોના ભાવો સરખાવવામાં આવે ત્યારેજ આ કાવ્ય બનાવવામાં કવિને કેટલો પરિશ્રમ કરવો પડયો હશે તેનો ખ્યાલ પાઠકને આવી શકે તેમ છે. આંબાની એક શાખાને તોડી તેની અંદર બીજાની શાખાની કલમને જોડી દેવી અને બંનેના શરીરને, રસને અને ચેતના શક્તિને એક કરી દેવું એ જેટલું કઠિન છે તેટલું આ કાર્ય કઠિન છે એમ મારૂં માનવું છે. આખા કાવ્યનો પાઠ કરતાં અમને જણાય છે કે કવિએ આ કઠિન કાર્યમાં સારી સફલતા પ્રાપ્ત કરી છે.

૩. કવિ—આ કાવ્યના કર્ત્તાનું નામ વિક્રમ છે. તે સાંગણનો પુત્ર હતો. નેમિ-

×तद् दुःखार्द्रं प्रवरक वितुः कालिदासस्य काव्या—
दन्त्यं पादं सुपद रचितान्मेघदूताद्गृहीत्वा ।
—નેમિ ચરિત અંતિમ શ્લોક.

ચરિતના છેલ્લા શ્લોકપરથી કવિનો કેવલ આટલોજ પરિચય મળે છે.* તે ક્યા સમયમાં થયા, ક્યા વંશમાં થયા, ક્યા સ્થાનમાં તેનો નિવાસ હતો, અને કયા કયા ગ્રંથોની રચના કરી ઇત્યાદિ બાબતનો પત્તો લાગતો નથી. જો તેણે પોતાના કોઇ બીજા ગ્રંથમાં પોતાનો પરિચય આપ્યો હોય અથવા તેના સમકાલીન કે પછીના કોઈ ગ્રંથમાં તેનો ઉલ્લેખ હોય તો એવું અત્યાર સુધી કોઇ ગ્રંથમાં અમને દર્શન થયું નથી. સંસ્કૃતની રચના શૈલીથી અથવા કાવ્યમાં વર્ણન કરેલી વાતોથી પણ કવિના સમય માટે થોડું ઘણું અનુમાન કરી શકાય છે, પરંતુ તેટલી અમારી શક્તિ નથી એટલું જ નહિ પરંતુ તેટલો અમને અવકાશ પણ નથી કે આ કઠિન કાર્ય અમે કરી શકીએ.

વિક્રમ કવિ જૈનધર્માનુયાયી છે, પરંતુ એ કહી શકાતું નથી કે તે દિગમ્બર સંપ્રદાયને કે શ્વેતાંબર સંપ્રદાયને માનનાર હતા§ કાવ્યવર્ણિત વાતોથી આ સંબંધે નિશ્ચય થઈ શકતો નથી, કારણ કે આમાં જે કંઇ કહેવામાં આવ્યું છે તે સાંપ્રદાયિક મતભેદની સીમાથી બહાર છે. પરંતુ આ જાણવાની કંઈ વિશેષ જરૂર પણ નથી. બંને સંપ્રદાયના કાવ્ય પ્રેમીજન પોતપોતાનો સમજી આ કાવ્યના રસનું આસ્વાદન કરી શકે તેમ છે. —અપૂર્ણ.

# पूर्व तंत्रीनुं छेल्लुं निवेदन.

## FAREWELL—જયજિનેન્દ્ર.

સન ૧૯૧૧ ના એપ્રિલ માસના અંકથી તે સન ૧૯૧૮ સુધી એટલે લગભગ સાત વર્ષ કરતાં વધુ વખત મેં આ પત્રના ઓનરરી (માનાધિકારી) તંત્રી તરીકે કામ કર્યું છે અને હવે મને મારો ધંધો, વ્યવસાય અને વિધવિધ પ્રવૃત્તિને લીધે વખત મળી શકતો નથી તેથી આ પત્ર સાથેનો મારો તંત્રી તરીકેનો સંબંધ છોડવો પડે છે તેથી જો કે મારા હૃદયને દુઃખ થાય છે, છતાં તેમ કર્યા વગર મને બીજો રસ્તો નથી એજ મારો સબળ આધાર છે.

આ પત્રમાં લેખો લખવા, અન્ય લેખકોને વિનતિ કરી તેમની પાસેથી લેખો મંગાવવા, જે જે લેખો આવે તેમાં લેખકની સંમતિથી સુધારો વધારો અને ભાષા શુદ્ધિ કરવા, તેમાં કંઈ ખુલાસાની મત-ભેદ કે બીજા કારણે ફુટનોટ આપવા, તેમને પ્રેસમાં મોકલાવી આવેલાં પ્રુફો બારીકીથી જોઈ સુધારવાં, જૂદા જૂદા ખબરપત્રી તથા લેખકોના કાગળોના ઉત્તર આપવા, છાપેલા લેખોની અનુક્રમણિકા કરવી વગેરે કાર્ય મેં બની શકે તેટલો શ્રમ

---

* श्रीमन्नेमेश्चरितविशदं सांगणस्यांगजन्मा
चक्रे काव्यं बुधजन मनः प्रीतये विक्रमाख्यः ॥

—નેમિ ચરિતનો અંતિમ શ્લોક.

§ અમારા માનવા પ્રમાણે વિક્રમ કવિ શ્વેતાંબર હતો અને તે પ્રખ્યાત રાસકાર શ્રાવક કવિ ઋષભદાસનો બંધુ હતો. તે કવિ ઋષભદાસ કે જે સંવત્ ૧૬૬૪ થી સં. ૧૬૮૬ માં વિદ્યમાન હતા તે પોતાનો પરિચય કરાવતાં જણાવે છે કે પિતાનું નામ સાંગણ હતું અને પોતાને 'બંધવ જોડી' હતી. આ અમે 'ઋષભદાસ' સંબંધે પાંચમી સાહિત્ય પરિષદ્ માટે લખેલા નિબંધમાં જણાવેલ છે. અનુવાદક.

લઇ યથામતિ કરેલ છે અને તેમાં હું કેટલો સંતોષ આપી શકયો છું, કેટલો વિજયી નિવડયો છું અને કેટલો રૂચિકર અરૂચિકર સમાજને લાગ્યો છું તેનો તોલ હું કાઢી શકું તેમ નથી, તેથી તેના ઝવેરીઓને-સમાજને તે કાર્ય સોંપું છું અને આ પત્ર બીજા જૈનપત્રોમાં કઇ કક્ષા ભોગવવા પામ્યું છે તેની પરીક્ષા કરવાનું પણ તેમને સોંપું છું. અંકોમાં આવતા લેખો સંબંધી જૈન અને જૈનેતર ખાનગી ગૃહસ્થો અને જાહેરપત્રો તરફથી મળેલા અભિપ્રાયોમાંનો કેટલોક ભાગ આ પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

પર્યુષણ નિમિત્તે ઉત્તમ, વિશિષ્ટ અને વિસ્તૃત આકારમાં વાંચન પૂરૂં પાડવાનો રવૈયો શરૂ કરી સામાજિક અને ધર્મ-તત્ત્વજ્ઞાન-ઇતિહાસ સાહિત્યને લગતા ખાસ વિષયોથી ભરપૂર એવા અસામાન્ય દળદાર અંકો સને ૧૯૧૨ અને ૧૯૧૩ માં કાઢ્યા હતા. શ્રીમન્ મહાવીર પ્રભુનાં જીવન અને કાર્યો સંબંધી બે ખાસ દળદાર અંક 'શ્રીમન્ મહાવીર અંક' એ નામથી પર્યુષણ અને દીવાળી પ્રસંગે સને ૧૯૧૪ માં પ્રસિદ્ધ કર્યા હતા. સને ૧૯૧૫ માં 'જૈન ઇતિહાસ-સાહિત્ય' અંક એ નામનો ઇતિહાસને વિશેષ લગતો દળદાર અંક કાઢયો હતો. સન ૧૯૧૬ માં મુખ્યત્વે તત્ત્વજ્ઞાન-ન્યાય સંબંધેનો અને સન ૧૯૧૭ માં વિધવિધ વિષયોનો દળદાર ખાસ અંક પ્રકટ કર્યો હતો. સન ૧૯૧૮ માં વ્યવસ્થા ને નિયમિતતાની ખામી અનેક સંજોગો વશાત્ આવવાથી પ્રથમના છ અંક વર્ષની આખરે નીકળ્યા, પછી ૧૯૧૯ ના જાન્યુઆરીથી શરૂઆત કરવી પડી છે.

હૃદયની ઇચ્છા એવી હતી કે હવે પછી પર્યુષણ નિમિત્તે જૈન તત્ત્વજ્ઞાનનો, વ્યાપારકળા વિષયક લેખોનો, ફરીવાર મહાવીર પ્રભુના જીવન કાર્ય-સમય સંબંધીનો, જૈનો અને જૈન ધર્મના ઇતિહાસને લગતો-એમ એક પછી એક દળદાર અંક કાઢવા, પરંતુ 'આદર્યાં અધૂરાં રહે' એવું બને છે તો મનોરથ તો અપૂર્ણ રહે તેમાં શી નવાઇ છે!

તંત્રીની જોખમદારીઓ અનેક છે અને તે ધ્યાનમાં રાખી મારા એક પરમ સ્નેહી મિત્રવર્ય શ્રીયુત મકનજી જૂઠાભાઈ મહેતા બાર-એટ-લૉના ખાસ આગ્રહથી આ પત્રના તંત્રીનું પદ મેં સ્વીકાર્યું હતું. અત્યાર સુધી તે જોખમદારીઓ યથાશક્તિ યથામતિ જાળવવા પ્રયત્ન કર્યો છે અને તેમાં હું કેટલો ફત્તેહમંદ થયો છું તે વિચારવાનું પ્રજાને અને ખાસ કરી તેના સભ્ય અંગોને સોંપું છું. મને ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ વગેરે સંબંધીના વિષયોનો શોખ હોવાથી તે તે સંબંધી લેખો લખી કે મેળવી આ માસિક લોકપ્રિય થતું જાય એવું જોવાની મેં દિન પ્રતિદિન આશા રાખી હતી.

તેમ છતાં વિધ વિધ આક્ષેપો કોઇ કોઈ તરફથી કરવામાં આવેલા કર્ણગોચર થયા છે તેનો ખુલાસો હવે અહીં કરી દેવો આવશ્યક ગણાશે.

(૧) કોન્ફરન્સને લગતાજ સર્વ વિષયો કે તેમાંનો ઘણો ભાગ આવતો નથી. (૨) બહુ સ્વતંત્ર અને સર્વ દેશી થવાનું બને છે. (૩) કદાચ રાજકીય વિષય આવે છે.

આ સંબંધે જણાવવાની રજા લઉં છું કે (૧) કોન્ફરન્સના જૂદા જૂદા પ્રાન્તોના મંત્રીઓ આંગળીના વેઢે ગણીએ તેવું કે તેટલું કાર્ય કરતા નથી-પોતપોતાના પ્રાંતોની સ્થિતિ તપાસી તેનો અહેવાલ રજુ કરતા નથી-સુધારાઓ સૂચવતા નથી-સંગીન કાર્ય કાંઈ પણ કરી શક્તા નથી યા કરતા નથી, જૂદી જૂદી સંસ્થાઓ પોતાનું કામ કોન્ફરન્સ સાથે સંદેશ કે વ્યવહાર ધરાવ્યા વગર પોતાને ફાવે તેમ કર્યે જાય છે, કોન્ફરન્સનું ફંડ-

સુકૃત ભંડાર ફંડ સદ્ધર થતું નથી કે જેનાથી વિધવિધ યોજનાઓ કરી કરાવી અમલમાં મૂકી શકાય, જે ફંડ છે તે નજીવું છે-જૂદાં જૂદાં ખાતાંઓની સ્થિતિ જોઇએ તેવી નથી, આગેવાનોમાં જોઇએ તેવા સદ્‌ગુણો નામે દઢતા, હોંસીલાપણું, વિશાલ ચિત્ત, પકવ બુદ્ધિ, આત્મભોગ ક્યાંય એકી વખતે જોવામાં આવતાં નથી. આથી અમુક કાર્યપદ્ધતિ પર કે યોજનાની ખામી પર ચૂથણાં કરવાં નકામાં છે એટલું જ નહિ પણ અહિતકર છે એવું ગણી 'થાભડ ભાણાં' કરવા પડ્યાં છે-**मौनं सर्वार्थ साधनं** સ્વીકાર્યું છે.

( ૨ ) એજ કારણે સ્વતંત્ર અને સર્વ દેશી બનવામાં પણ ઉપશમજ વાપરવામાં આવ્યો છે અને કૉન્ફરન્સની હિતદષ્ટિ જોવી પડી છે.

( ૩ ) એજ હિતદષ્ટિને કારણે રાજકીય વિષય પણ બિલકુલ ચર્ચ્યોજ નથી. શેઠ-જીનો વિષય જે રીતે ચર્ચ્યો છે તે રાજકીય નજ ગણાય એ સર્વ કોઈ સજ્જન સ્વીકારી શકે તેમ છે.

( ૪ ) અધૂરામાં પૂરૂં કોઈ કહે છે કે **જૈન** શૈલી પ્રમાણે લેખો લખવા જોઇએ. તો તેના જવાબમાં જણાવવાનું કે તેવું કહેનારા **જૈન** શૈલીની વ્યાખ્યા શું કરે છે તેથી હું અજાણ છું. હું જેટલે દરજ્જે મારા ધર્મજ્ઞાનના પરિણામે તેનો અર્થ કરી શકું છું તેટલે દરજ્જે તે લક્ષમાં રાખી મારી લખવાની પ્રવૃત્તિ થઇ છે તેમ બીજાના લેખમાં બને ત્યાં સુધી ફુટનોટ વગેરે આપી તેને બતાવવામાં આવી છે-જો કે બીજાના લેખોની જવાબદારી સંપૂર્ણ અને સર્વથા તંત્રીની હોતીજ નથી.

આટલું કરવા છતાં પણ કોઇને તેમાં વિરોધ કે તેનો આભાસ દેખાતો હોય તો તે પૈકી કોઇ પણ હવે જ્યારે હું તંત્રી પદ છોડું છું ત્યારે તંત્રીનું કાર્ય ઉપાડી લેશેજ એવી મારી ઇચ્છા છે.

તંત્રી તરીકે મેં એક પ્રીતિશ્રમ ( Labour of Love ) નું જ કાર્ય સ્વીકાર્યું હતું; છતાં દરેક પત્રકારે જેમ પોતાના પત્રના અમુક ઉદ્દેશો-ભાવનાઓ-આદર્શો રાખવાજ ઘટે અને તે સાચવવા પણ જોઇએ તે પ્રમાણે મેં આ પત્રના તંત્રી તરીકે નીચે પ્રમાણે મારા લક્ષ સમીપે આદર્શો રાખ્યા હતાઃ—

( ૧ ) જે વિષયો વ્યક્તિગત સ્વાતંત્ર્યની દષ્ટિથી ઘણા સંગીન હોય છતાં જો તે-નાથી કૉન્ફરન્સ દેવીનું હિત સચવાતું હોય નહિ તો તે માટે આ પત્ર માટે કલમનો ઉપયોગ ન કરવો.

( ૨ ) સમગ્ર જૈન સમાજની અખંડતા જાળવવી. જેનાથી કલેશ-વિરોધ વધે તે-નાથી દૂર રહેવું. ગચ્છ મમત્વ-સંપ્રદાયનું ઝનૂન, ન્હાની સૂતી નમાલી ભિન્નતાઓ-વગેરેને તિલાંજલિ આપવી.

( ૩ ) છતાં વિચાર ભેદને આવકાર આપવો-વિચાર જડતાને તથા પરંપરાગત આચાર શૂન્યતાને ભેદવી.

( ૪ ) છતાં શૈલી મંડનાત્મક ( Constructive ) રાખવી-ખંડન શૈલી ( Destructive ) થી દૂર રહી મર્મ-પ્રહારો કરવા નહિ.

( ૫ ) નૂતન વિચારોનાં દષ્ટિ બિન્દુઓ, વિષયોની વિવિધતા, જૈનોની ઐતિહાસિક સામગ્રી વગેરે યથા પ્રમાણમાં પૂરાં પાડવાં.

( ૬ ) પુસ્તકોની સ્વતંતંત્ર સમાલોચના કરી તેના લેખકોને સૂચનાઓ કરી સવળે માર્ગે દોરવા અને સમાજને તે સંબંધી ખરો તોલ બતાવવો.

( ૭ ) પ્રાચીન જૈન અગ્રણીઓ અને હાલના ઉદારચિત્ત જૈનોનાં ચરિત્રો આળેખવાં.

આ ઉદ્દેશો—આદર્શો જોઇએ તેટલા પ્રમાણમાં મારાથી સચવાયા છે કે નહિ તે કહી શકતો નથી, કારણ કે તંત્રી તરીકેજ કાર્ય કરવાનો મારો ધંધો હતો નહિ. પત્રકાર તરીકે ધંધો લઇ કાર્ય કરનાર પોતાના વિશિષ્ટ આદર્શોને બહોળા પ્રમાણમાં અમલમાં મૂકી શકે.

આ માસિક કૉન્ફરન્સનું મુખપત્ર હોઇ તેને ચલાવવામાં જો કે કૉન્ફરન્સના આધારભૂત એવા આખા સંઘના મોટા ભાગની વૃત્તિઓને જાળવી ન શકાય તો પણ તેની સાથે તેને ક્ષોભ પણ પમાડી ન જ શકાય. આથી આ માસિક ચલાવવાનું કાર્ય મારા માટે કેટલું વિકટ હતું તે સ્હેલથી સમજી શકાય તેમ છે. " સૌ થાપે અહમેવ " એ ડગલે ને પગલે વિચારવાનું શાણા ગણાતા તરફથી કહેવામાં આવે છે, ત્યારે ' સૌ શાણે એક મત ' એવું પણ શાણાઓ ભાર દઇને કહે છે. આ બે વચ્ચે કદાચ ' ધર્મ સંકટ ' જેવું થઇ આવે છે. વળી સત્ય નિડરપણે જણાવવામાં અપ્રિયતા વ્હોરવાનો સમય આવે છે, છતાં **' सत्यमेव जयति '**—' મારૂં તે સારૂં માને મૂરખ જન, સારૂં તે મારૂં માને પંડિત જન '—એ લક્ષમાં રાખી **सत्यान्नप्रमदितव्यं**—સત્ય કહેવા-કરવાથી પ્રમાદ ન રાખવો એ સૂત્ર ઇષ્ટ છે.—આવા સર્વ વિચારને લક્ષમાં રાખી મેં તંત્રીનું પદ સ્વીકાર્યું હતું; અને (૧) હવે મને મારા અનેક વ્યવસાયોમાં અવકાશ રહેતો નથી, (૨) તંત્રીની જગાએ રહી અનેક જાતના વિચારોની ચિંતા સ્વાભાવિક રીતે કરવી પડે તે પોષાઇ શકતું નથી, (૩) સમાજની હાલની સ્થિતિ જોતાં ઘણી વખત સત્ય પોકાર કરવો એ અરણ્યરૂદન સમાન જણાય છે, (૪) તંત્રી તરીકે નાના નાના લેખો કે પ્રાસંગિક નોંધો લખવામાં કાળ અને શક્તિનો વ્યય કરવા કરતાં એક અખંડ કાર્ય પુસ્તકના રૂપે કરવું એ વિશેષ ઉપયોગી લાગે છે કારણ કે માસિકનું સાહિત્ય પુસ્તકના સાહિત્ય કરતાં અલ્પ જીવી છે, (૫) સંકુચિત દૃષ્ટિથી બદ્ધ થયેલા સમાજમાં સ્વતંત્ર લેખોથી ક્ષોભ કે અરૂચિ ઉત્પન્ન કરવી તેના કરતાં વિશાલ જૈનેતર સમાજમાં જૈન અને જૈન ધર્મની ઝળક બતાવે તેવા લેખોદ્વારા જૈન ધર્મ પ્રત્યે આદર ઉત્પન્ન કરવો એ વધારે ઉપયોગી છે—એવા એવા અનેક સંજોગો અને વિચારોથી વશ થઈ મારે આ એક રીતે કીંમતી અને સમાજોપયોગી જગ્યા માટે રાજીનામું આપવું પડયું છે તે માટે હું ઘણો દિલગીર છું પરન્તુ લાચાર છું કે તે સિવાય બીજો ખરો માર્ગ મને સાંપડતો નથી.

સંઘના સેવકે વજ્ર જેવી પીઠ રાખીને સંઘની સેવા યથાશક્તિ કરવી એ તેની ફરજ છે—તે ફરજ અદા કરવામાં કોઇપણ જાતનો કોઇપર ઉપકાર કરવામાં આવે છે એવું મારે કે કોઈએ સમજવાનું નથી; છતાં જ્યારે તે ફરજ—જોખમદારી ભરી ફરજ વિશેષ વખત સુધી બજાવવામાં મને ઉપરના સંજોગો અને વિચારોથી પ્રત્યવાય નડે છે ત્યારે મારે મારા કરતાં વિશેષ યોગ્યને અથવા બીજા કોઇને સમર્પણ કરવી તેજ માર્ગ મારા માટે બાકી રહ્યો છે. મારા જવાથી માસિક ચાલતું બંધ ન થાય તે માટે મેં આ અંકોનું કાર્ય કર્યું છે અને મારા વિદ્વાન મિત્રો રા. પરમાનન્દ કુંવરજી કાપડિયા B. A. LL. B. અને

રા. હીરાલાલ અમૃતલાલ B. A. ને તંત્રીનું પદ સ્વીકારવા ઘણો આગ્રહ હું કરી ચૂકયો પણ તે પૈકી કોઇએ કેટલાંક કારણે સ્વીકારવા હા પાડી નથી.

બીજું જે સમાજની સેવા કરવા ઇચ્છા રાખતો હોય તેણે ધન કે કીર્તિની અપેક્ષા રાખવાની નથી. આ કાર્ય ઑનરરી હતું અને કર્યું છે તેથી તેમાં પૈસાની અપેક્ષા મૂલથીજ નહોતી એ સહેજે જોઇ શકાય તેમ છે. કીર્તિની અપેક્ષા ન કરવી જોઇએ એ પણ લક્ષમાં રાખ્યું છે. આ સેવા બજાવવામાં મેં લખાણ લખાયાથી તે સંપૂર્ણ રીતે બહાર પડે ત્યાં સુધીની તેમજ તે અંગે આવતા લેખો સુધારવા વધારવાની, પત્રોના જવાબ આપવાની, વિનતિપત્રો લખી લેખો મેળવવાની પ્રુફો જોવા તપાસવા વગેરેની સર્વ મહેનતો ઉપાડી છે. હેરૅલ્ડપત્ર પર એક કલાર્ક કે પ્રુફરીડરનો પણ બોજો પડવા દીધો નથી. આથી અને જાહેરખબરો વગેરેથી જે જે આવકમાં વૃદ્ધિ થઇ તેમાંથી વાંચન વિશેષ વિશેષ પૂરૂં પાડવાનો ઉદ્દેશ રાખ્યો હતો અને તે સાચવ્યો હતો. :બહારગામ છાપખાનું હોવાથી પડતી મુસ્કેલીઓ નિભાવી લીધી છે ( વ્યવસ્થા ને નિયમિતતા મારા કાર્યપ્રદેશની બહારની વાત હોવાથી તેમાં ખામી આવી છે તેને માટે હું બિલકુલ જવાબદાર નથી—છતાં તે પણ ચલાવી લીધું છે. ) આ સર્વ કાર્ય મારા વકીલના ધંધામાં રહેલી સ્વતંત્રતા અને તેમાં અત્યાર સુધી રહેતી થોડી ઘણી નવરાશને લીધે થઇ શકતું. હવે તે ધંધો વિશેષ ફુરસદ આપી શકતો ન હોવાથી તેમજ જે કંઇ તેમાં આડી અવળી નિવૃત્તિ મળે તેનો ઉપયોગ વિશેષ વાંચનથી જ્ઞાનમાં વૃદ્ધિ કરવામાં, સ્વતંત્ર ગ્રંથ લખવામાં, જૈનેતર પત્રોમાં કોઇ કોઇ વખત જૈન સંબંધી લેખો પ્રગટ કરાવવામાં—થાય તો જૈનોની વિશેષ ઉચ્ચ સેવા બજાવી શકાય એમ હોવાથી આ ઑન. તંત્રીનું પદ આ જાન્યુઆરી ૧૯૧૯ થી સ્વતઃ રાજીખુશીથી છોડયું છે. આ માટે મને આશા ભરી ખાત્રી છે કે વાંચક વર્ગ મને દરગુજર કરશે. લેખક તરીકે કોઇકોઇ વખત દેખા દેવાની તક જરૂર હાથ ધરીશ.

કૉન્ફરન્સની ઍડવાઇઝરી બૉર્ડે આ ઉંચું પદ સ્વતંત્ર હક્ક સાથે આપ્યું હતું તે માટે તેનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. વળી આ જોખમદારી વાળી સેવા બજાવતાં અનેક લેખક મહાશયોને અને વાચક વર્ગમાંની અનેક વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષપણે ક્ષોભ પમાડયો હશે, તેમજ પુસ્તકોની સમાલોચના સ્વતંત્રતાથી કરતાં તેના લેખક યા પ્રસિદ્ધ કર્તાને કદાચ માઠું લગાડયું હશે ટુંકામાં કોઈ ને કોઇપણ રીતે હું અળખામણો થયો હોઉંશ તો તે દરેકને સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું કેઃ—

અમારૂં ના ગણ્યું 'મ્હારૂં' તમારૂં કાંઇ નવ લીધું,
વળી સૌ આપણે છદ્મસ્થ છીએ એમ કહી દીધું.

ઉપરાંત જો કંઇ અપરાધ, દોષ, સ્ખલન મન વચન કાયાએ કરી મારાથી કોઇપ્રત્યે છદ્મસ્થતાથી થયેલ હોય તો તે मिथ्या दुष्कृतं मे भव—વાચક વર્ગને જયજિનેન્દ્ર.

પ્રિન્સેસ સ્ટ્રીટ—મુંબઈ.
ફાલ્ગુન શુદિ ૧૨, સંવત્ ૧૯૭૫.

સંઘનો સદાનો સેવક.
મોહનલાલ દલીચંદ દેશાઈ.
B. A. L. L. B.